# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




પેજ-08

માત્ર કેટરિના કૈફ જ નહીં, ઐશ્વર્યા રાય, કરીના કપૂર સહિત અનેક અભિનેત્રીઓ પણ...



પેજ-11

'જે વિદ્યાર્થીઓ સવાલ પૂછે છે તેમનાથી સિસ્ટમ ડરે છે', ઈન્દોરમાં....

**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 35.00 | 27.00 |
| વડોદરા | 35.00 | 27.00 |
| સુરત | 33.00 | 26.00 |

પેજ 9




Amazon.in દ્વારા એમેઝોન ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલની જાહેરાત....

**21** SEPTEMBER-2026 MONDAY

કોલ કરવા માટે હવે દર મિનિટે ચાર્જ આપવો પડશે, શું છે TRAI નો નવો....




પેજ 10

**.....સુવિચાર.....**

મતલબી લોકો સાથે રહેવા કરતા, એકલા રહેવું લાખ ગણું સારું છે !


વર્ષ-15 । અંક-307 । વિક્રમ સંવત-2082 । ભાદરવા સુદ - 10 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


# મોસ્કો પર અત્યાર સુધીનો સૌથી મોટો ડ્રોન હુમલો




(એજન્સી) રશિયા | તા.20

રશિયામાં સંસદીય ચૂંટણીના અંતિમ દિવસે, યુક્રેને ૧,૬૦૦થી વધુ ડ્રોનનો ઉપયોગ કરીને મોસ્કો પર હુમલો કર્યો–આ હુમલાને મેયરે 'અત્યાર સુધીનો સૌથી મોટો' હુમલો ગણાવ્યો છે. આ હુમલાઓમાં એક ઓઈલ રિફાઈનરી અને એક રહેણાંક ઈમારતને નુકસાન થયું હતું.રશિયામાં ચાલી રહેલી સંસદીય ચૂંટણીઓ વચ્ચે, યુક્રેનની સેનાએ રાતોરાત દેશ પર ૧,૬૦૦થી વધુ ડ્રોન છોડ્યા.આ ડ્રોન હુમલાઓમાંથી મોટાભાગના હુમલા રાજધાની મોસ્કોને નિશાન બનાવીને કરવામાં આવ્યા હતા. યુક્રેને રશિયા પર ત્યારે હુમલો કર્યો જ્યારે ક્રેમલિન સંસદીય ચૂંટણીનો ત્રીજો અને અંતિમ દિવસ યોજી રહ્યું હતું. મોસ્કોના મેયરે આ ડ્રોન હુમલાને રશિયન રાજધાની પરનો 'અત્યાર સુધીનો સૌથી મોટો' હુમલો ગણાવ્યો.

## યુદ્ધ વચ્ચે દેશની પ્રથમ 'યુદ્ધકાલીન ચૂંટણી'

રશિયામાં તાજેતરની સંસદીય ચૂંટણીઓ સંપૂર્ણપણે રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન અને તેમની સરકાર (ક્રેમલિન) ના નિયંત્રણ હેઠળ યોજાઈ હતી, જેમાં તેમની નીતિઓનો કોઈ વિરોધ જોવા મળ્યો ન હતો. યુક્રેન યુદ્ધ વચ્ચે આ ચૂંટણી યોજાઈ હોવાથી, તેને દેશની પ્રથમ 'યુદ્ધકાલીન ચૂંટણી' તરીકે ઓળખવામાં આવી છે. ચાર વર્ષથી વધુ સમય પહેલા રશિયાના આક્રમણ બાદ, યુક્રેન લશ્કરી ડ્રોન ટેક્નોલોજીમાં વૈશ્વિક અગ્રણી તરીકે ઉભરી આવ્યું છે. તે રશિયન પ્રદેશમાં ઊંડે સુધી હુમલો કરવા માટે મિસાઈલો અને દેશમાં જ ઉત્પાદિત લાંબા અંતરના ડ્રોન બંનેનો ઉપયોગ કરી રહ્યું છે.

### હવાઈ હુમલા કેમ વધી રહ્યા છે?

પૂર્વીય અને દક્ષિણ યુક્રેનમાં સીધો જમીની સંઘર્ષ ધીમો પડી ગયો છે. તેનું મુખ્ય કારણ યુદ્ધના મેદાનમાં મોટી સંખ્યામાં ડ્રોન અને જમીન-આધારિત રોબોટ્સની તૈનાતી છે; આ સિસ્ટમો સૈનિકોની કોઈપણ હિલચાલને તરત જ શોધી કાઢે છે અને હુમલો કરે છે, જેનાથી સામસામે થતી લડાઈમાં ઘટાડો થાય છે. તેના બદલે, મોસ્કો અને કિવ એકબીજા વિરુદ્ધ લાંબા અંતરના હવાઈ અને મિસાઈલ હુમલાઓ પર વધુને વધુ નિર્ભર થઈ રહ્યા છે.

# જયશંકર, અડવાણી, કેજરીવાલને ચૂંટણી પંચની નોટિસ

(એજન્સી) નવી દિલ્હી । તા. 20

દેશભરમાં મતદાર યાદીને સચોટ અને વ્યવસ્થિત બનાવવા માટે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન ઝુંબેશ ચાલી રહી છે. આ પ્રક્રિયા દરમિયાન બહાર આવેલી નોટિસની યાદીમાં અનેક અગ્રણી નેતાઓ, વરિષ્ઠ અધિકારીઓ અને દિગ્ગજ હસ્તીઓના નામ સામે આવ્યા છે. સામાન્ય નાગરિકોની જેમ જ જાણીતા લોકોના રેકોર્ડની પણ ઝીણવટભરી ચકાસણી કરવામાં આવી રહી છે, જેને કારણે આ સમગ્ર પ્રક્રિયા દેશભરમાં ચર્ચાનો વિષય બની છે. ચૂંટણી પંચના રેકોર્ડ મુજબ કેટલાક જાણીતા નામોના સ્પેલિંગમાં અગાઉના દસ્તાવેજોની સરખામણીએ તફાવત જોવા મળ્યો છે. આ ઉપરાંત અન્ય કેટલાક વરિષ્ઠ મહાનુભાવોના કિસ્સામાં જૂના ડેટાબેઝ સાથે હાલના રેકોર્ડનું સીધું મેચિંગ ન થવું અથવા તાર્કિક વિસંગતતા જેવી બાબતો સામે આવી છે. આ કારણોસર ચૂંટણી પંચ દ્વારા દસ્તાવેજી સ્પષ્ટતા અને ખરાઈ માટે નિયમ મુજબ નોટિસની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ચૂંટણી પંચ તરફથી સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે નોટિસ મળવાનો અર્થ એવો બિલકુલ નથી કે કોઈ વ્યક્તિનું નામ કાઢી નાખવામાં આવ્યું છે અથવા તેઓ અયોગ્ય ઠર્યા છે. સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન દરમિયાન મતદાર રેકોર્ડની ચકાસણી કરવામાં આવે છે, જેમાં માત્ર માહિતીની ખરાઈ કરવામાં આવે છે. સંબંધિત વ્યક્તિઓ જરૂરી પુરાવા અને દસ્તાવેજો રજૂ કરીને પોતાના ડેટાને અપડેટ કરાવી શકે છે.







# ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે જો AAPનું બોર્ડ બનશે, તો જનસેવા માટે એક 'ગેરંટી પત્ર' લોંચ કરવામાં આવશે : વિક્રમ દવે

અમદાવાદ | આમ આદમી પાર્ટી ગુજરાત પ્રદેશ સંગઠન મંત્રી વિક્રમ દવેએ જણાવ્યું હતું કે, ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે જો આમ આદમી પાર્ટીની બોડી (બોર્ડ) બનશે, તો ગાંધીનગરના જનસેવા માટે એક 'ગેરંટી પત્ર' લોંચ કરવામાં આવશે. તેમણે જણાવ્યું કે ગાંધીનગર જે એક સમયે સુખી અને 'ગ્રીન કેપિટલ' હતું, તેની સ્થિતિ હાલ બિસ્માર થઈ ગઈ છે. ગ્રામીણ વિસ્તારોમાં ખેડૂતો અને લોકોને વિશ્વાસમાં લીધા વિના ટી.પી. સ્કીમો અને ખરાબ કન્સ્ટ્રક્શન લાદવામાં આવ્યું છે. આ પરિસ્થિતિ બદલવા આપની બોડી બને તે જરૂરી છે. અમારો સંકલ્પ છે કે દરેક સરકારી શાળાનું નવીનીકરણ કરી તેને આધુનિક સુવિધાઓ સાથે અંગ્રેજી માધ્યમની શાળા બનાવવી. સ્વાસ્થ્ય ક્ષેત્રે દિલ્હી મોડલ પર મહાનગરપાલિકા દ્વારા ક્લિનિકો શરૂ કરવામાં આવશે; જેમાં લોહી-પેશાબની તપાસ, સિટી સ્કેન, એક્સ-રે અને દવાઓ સંપૂર્ણપણે મફત રહેશે. સિનિયર સિટિઝન માટે ઘરે



આવીને હેલ્થ ચેકઅપ કરવાની વ્યવસ્થા કરાશે. પાણી અને ડ્રેનેજ સિસ્ટમનું તાત્કાલિક ઈમરજન્સી ઓડિટ કરી સમયબદ્ધ નવી લાઈનો નખાશે. દરેક ઘરે શુદ્ધ પીવાનું પાણી મફત અપાશે અને તેના પર કોઈ કર (ટેક્સ) નહીં હોય, સાથે જ શહેરમાં ઠેર-ઠેર વોટર એટીએમ (Water ATM) ઊભા કરાશે. જન્મ-મરણ અને મેરેજ સર્ટિફિકેટ જેવા દાખલાઓની હોમ ડિલિવરી થશે. રોજગાર ક્ષેત્રે સ્થાનિક કક્ષાએ ટ્રેનિંગ અપાશે, કોર્પોરેશનની અટકેલી ભરતીઓ તાત્કાલિક પૂર્ણ કરાશે અને ગાંધીનગરના લોકલ યુવાનોને ગાંધીનગરમાં જ રિઝર્વેશન તથા પ્રાથમિકતા અપાશે.આ સાથે વિક્રમ દવેએ વધુમાં જણાવ્યું હતું કે પ્રોપર્ટી ટેક્સમાં ૫૦% ની સીધી રાહત અપાશે તથા ભ્રષ્ટાચારમુક્ત 'સિંગલ વિન્ડો બિલ્ડિંગ પરમિશન' સિસ્ટમ લાગુ કરાશે. પરિવહન માટે દરેક સેક્ટરમાં એસી (AC) સિટી બસો ચલાવાશે; જેમાં મહિલાઓ, વિદ્યાર્થીઓ અને સિનિયર સિટિઝન્સ માટે મફત ટિકિટ રહેશે. મહિલા અને બાળ સુરક્ષા માટે સમગ્ર ગાંધીનગરમાં ૧૦૦% સીસીટીવી (CCTV) કવરેજ અને સ્ટ્રીટ લાઈટો દ્વારા 'ઝીરો ડાર્ક સ્પોટ' બનાવવામાં આવશે. ગ્રામીણ વિસ્તારોમાં ટી.પી. સ્કીમમાં પારદર્શિતા લાવી ખેડૂતોને બજાર ભાવે યોગ્ય વળતર અપાશે. પર્યાવરણ અને સ્વચ્છતા માટે વિશેષ વૃક્ષારોપણ, પ્રદૂષણ ઘટાડવાના પગલાં અને સ્વચ્છતાની આધુનિક વ્યવસ્થા કરાશે. ગાંધીનગરમાં વિશ્વસ્તરીય ક્રિકેટ એકેડેમી, મહિલા સ્પોર્ટ્સ એકેડેમી તથા સાંસ્કૃતિક મંચ બનાવવામાં આવશે. રખડતા પશુઓ માટે યોગ્ય આશ્રય (શેલ્ટર) સુવિધા ઉભી કરાશે. આ ઉપરાંત ફાયર સેફ્ટી, પારદર્શિતા, જવાબદારી, સામાજિક ન્યાય અને દારૂબંધીના કડક અમલ પર ભાર મુકાશે. ભાજપ અને કોંગ્રેસથી કંટાળેલા ગાંધીનગરના નાગરિકો માટે હવે માત્ર આમ આદમી પાર્ટી જ એક આશા છે. તેથી આપની બોડી બનાવી ગાંધીનગરને દેશ અને દુનિયા સમક્ષ એક મોડલ સિટી તરીકે વિકસાવવા અપીલ કરી હતી.





આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઇટાલિયા 20 સપ્ટેમ્બર, રવિવારે રાણાવાવ તાલુકાના ઠોયાણા ગામે આવેલા નકલંક ધામના મહોત્સવમાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ખેડૂત નેતા હિતેશ મોઢવાડિયા સાથે ગોપાલ ઇટાલિયાની ઘોડેસવારી પણ જોવા મળી હતી. નકલંક ધામ, ઠોયાણા ખાતે યોજાયેલા આ ધાર્મિક મહોત્સવમાં સવારે 10 વાગ્યે ગોપાલ ઇટાલિયા સાથે મોટી સંખ્યામાં લોકોની ઉપસ્થિતિ જોવા મળી હતી.

# આમ આદમી પાર્ટીએ ગાંધીનગર મનપા ચૂંટણી માટે કર્યો ચૂંટણી પ્રચારનો પ્રારંભ



અમદાવાદ | આમ આદમી પાર્ટીએ ગાંધીનગર મહાનગરપાલિકા ચૂંટણી માટે આજે ચૂંટણી પ્રચારનો પ્રારંભ કર્યો હતો. આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાની આગેવાનીમાં આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ દ્વારા ગાંધીનગરમાં ડોર ટુ ડોર અભિયાનની શરૂઆત કરવામાં આવી હતી. આ અભિયાનમાં ચૂંટણીના ઉમેદવારો, પ્રદેશના પદાધિકારીઓ, સ્થાનિક પદાધિકારીઓ તેમજ મોટી સંખ્યામાં આમ આદમી પાર્ટીના કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યકર્તાઓ દ્વારા ગાંધીનગરના વિવિધ વિસ્તારોમાં ઘરે ઘરે જઈને લોકો સાથે સીધો સંવાદ કરવામાં આવ્યો હતો અને આમ આદમી પાર્ટીના વિચારો તથા નીતિઓ અંગે લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા.આ પ્રસંગે આમ આદમી પાર્ટીના પ્રદેશ સંગઠન મહામંત્રી મનોજ સોરઠીયાએ જણાવ્યું હતું કે, ગાંધીનગર મનપા ચૂંટણી અંતર્ગત આજે ડોર ટુ ડોર અભિયાનની શરૂઆત કરવામાં આવી છે. આમ આદમી પાર્ટી ગુજરાતના 56,000 બુથને મજબૂત કરવા માટે સતત સંગઠનાત્મક કામગીરી કરી રહી છે અને પાર્ટીના કાર્યકરો ઘરે ઘરે જઈને લોકો સુધી પહોંચી રહ્યા છે.

## જેલમાં બંધ ચૈતર વસાવાના સમર્થનમાં પરિવાર અને 'આપ' સંગઠન મેદાનમાં

# ધારાસભ્ય ચૈતર વસાવાની વહેલી જેલ મુક્તિ અને ઉત્તમ સ્વાસ્થ્ય માટે યાહા મોગી માતાજીના દરબારમાં પ્રાર્થના



**ધારાસભ્યના ધર્મપત્ની શકુંતલાબેન વસાવા, વર્ષાબેન વસાવા તથા 'આપ' હોદ્દેદારોએ યાહા મોગી માતાજીની પૂજા-આરતી કરી આશીર્વાદ મેળવ્યા : નર્મદા જિલ્લામાં આમ આદમી પાર્ટીનું શક્તિ પ્રદર્શન, ચૈતર વસાવાની ગેરહાજરીમાં સંગઠન મજબૂત કરવાનો સંકલ્પ**

અમદાવાદ | આમ આદમી પાર્ટી ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા હાલમાં જેલવાસ ભોગવી રહ્યા છે. વિરોધ પક્ષના મજબૂત અવાજ અને આદિવાસી સમાજના અધિકારો માટે સતત લડતા ધારાસભ્ય ચૈતર વસાવા સામે થયેલી કાનૂની કાર્યવાહી અને જેલવાસને પગલે સમગ્ર વિસ્તારમાં તથા કાર્યકરોમાં ચિંતાનો માહોલ છે.

તેઓ જેલમાં હોવા છતાં તેમના ક્ષેત્રના વિકાસકામો અને સંગઠનની કામગીરી અટકે નહીં તે માટે આમ આદમી પાર્ટીના નેતાઓ અને પરિવારજનો સતત સક્રિય રહીને જનતા વચ્ચે જઈ રહ્યા છે.

ધારાસભ્ય ચૈતર વસાવાની જલ્દી જેલ મુક્તિ થાય, તેમની તંદુરસ્તી ઉત્તમ રહે તથા આમ આદમી પાર્ટીના 'બૂથ સંગઠન નિર્માણ ૨૦૨૭' ની સફળ શરૂઆત થાય તે હેતુથી આજે તારીખ ૨૦/૦૯/૨૦૨૬, રવિવારના રોજ સવારે ૯:૦૦ કલાકે વિશેષ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ધારાસભ્યના ધર્મપત્ની શકુંતલાબેન વસાવા, વર્ષાબેન વસાવા, આમ આદમી પાર્ટી પ્રદેશ સંગઠન મંત્રી અને નર્મદા જિલ્લા પ્રમુખ નિરંજન વસાવા, દયારામ વસાવા તથા નર્મદા જિલ્લાના આમ આદમી પાર્ટીના ચૂંટાયેલા પ્રતિનિધિઓ, તાલુકા પંચાયતના પ્રતિનિધિઓ, હોદ્દેદારો, સરપંચઓ અને મોટી સંખ્યામાં કાર્યકરોએ યાહા મોગી માતાજીના મંદિરે શીશ ઝુકાવ્યું હતું.

સૌએ પૂજા-આરતીમાં ભાગ લઈ ચૈતરભાઈની વહેલી જેલ મુક્તિ માટે પ્રાર્થના કરી હતી અને ત્યારબાદ ૨૦૨૭ની ચૂંટણી લક્ષી બૂથ સંગઠન નિર્માણ ઝુંબેશનો પ્રારંભ કર્યો હતો.

# આપ' ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાનો અનોખો વિરોધ,ખેડૂતોના મુદ્દે સરકાર ન સાંભળતા ભેંસને આપ્યું આવેદનપત્ર

**"સરકાર ભેંસ જેવી થઈ ગઈ છે, ખેડૂતો અને પશુપાલકોની વાત સાંભળવા કોઈ તૈયાર નથી": ખેતરોમાં કરોડોનું નુકસાન છતાં રાજ્યમાં દુષ્કાળ જાહેર ન થતાં હવે ભેંસને આવેદનપત્ર આપ્યું : ગોપાલ ઈટાલિયા**

અમદાવાદ | આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ એક અનોખી રીતે વિરોધ પ્રદર્શન કરીને ભેંસને આવેદનપત્ર આપ્યું હતું. આ તકે તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ખેડૂતોના ખેતરોમાં ખરેખર કરોડો રૂપિયાનું નુકસાન થયું છે. વિધાનસભામાં અમે સરકારને રજૂઆત કરી છે કે રાજ્યમાં દુષ્કાળ જાહેર કરો, પરંતુ સરકાર આપણી વાત સાંભળતી નથી. સરકાર ભેંસ જેવી થઈ ગઈ છે, એટલે જ આજે અમે ભેંસને આવેદનપત્ર આપ્યું છે. જે રીતે ભેંસ આગળથી ભાગી જાય છે, તેમ ખેડૂતોની વાત કરીએ એટલે સરકાર પણ ભાગી જાય છે. જ્યારે ખેડૂતો માટે દુષ્કાળ જાહેર કરવાની વાત કરીએ ત્યારે સરકાર ભેંસની જેમ મોઢું ફેરવી જાય છે. આ જ મોટામાં મોટી તકલીફ છે કે કોઈ આપણી વાત સાંભળવા તૈયાર નથી. હું એક ધારાસભ્ય તરીકે મારું લેટરપેડ લઈને આવેદનપત્ર આપવા આવ્યો છું. હવે ખેડૂતોની વાત કોણ સાંભળશે? સરકારને કહીએ કે દુષ્કાળ જાહેર કરો તો કહે છે, 'ના ના, દુષ્કાળ નથી, બધું સરસ છે.' પશુપાલકોને પશુઓના ખોરાક માટે ઘાસચારો નથી, ઘાસ આપવાનું કહીએ ત્યારે સરકાર કહે છે કે તેની જરૂર નથી. ખેતરમાં ભાગિયા રાખ્યા છે તેમને પણ કેટલું મોટું નુકસાન થયું છે! જે ખેડૂત ખેતરનો માલિક છે તે, ભાગીદારીમાં કામ કરતો ભાગિયો અને જે પશુપાલનનું કામ કરે છે તે પશુપાલકો - આ તમામને ખરેખર ભારે તકલીફ પડી રહી છે, પરંતુ કોઈ સાંભળવા માટે તૈયાર નથી. વિધાનસભામાં મંત્રીઓ એવું કહે છે કે 'ગુજરાત સમૃદ્ધ છે'. એટલે જ અમે છેલ્લો પ્રયત્ન ભેંસને આવેદનપત્ર આપવાનો કર્યો છે અને કહી રહ્યા છીએ કે દુષ્કાળ જાહેર કરો, પરંતુ સરકાર માનતી નથી. હવે ભેંસ પણ માનતી નથી અને સરકાર પણ માનતી નથી, તો હવે પ્રજા તરીકે તમે જ વિચાર કરો અને આવતા વર્ષે ચૂંટણી છે ત્યારે જાગૃત થઈને યોગ્ય નિર્ણય કરો.

# News Brief

## ગંદકી અને ઘૂંટણસમા પાણીમાંથી નેજા યાત્રા કાઢવા ભક્તો મજબૂર, ગ્રામજનોમાં ભારે રોષ



અમદાવાદ : ભાદરવી નોમના પવિત્ર દિવસે અમદાવાદ ગ્રામ્યના બાવળા, ધોળકા, બગોદરા, સાણંદ, ધંધુકા અને ધોલેરા પંથકમાં લોકદેવતા ભગવાન રામદેવપીરના નેજાની ભવ્ય શોભાયાત્રાઓ યોજાઈ હતી. જોકે, ધોળકા તાલુકાના બદરખા ગામે સ્થાનિક તંત્રની નિષ્ક્રિયતા અને ઘોર બેદરકારીને કારણે ભક્તોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ગામમાં ભરાયેલા પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા ન હોવાથી શ્રદ્ધાળુઓએ ઘૂંટણસમા પાણીમાંથી પસાર થઈને નેજા યાત્રા યોજવાની ફરજ પડી હતી.

બદરખા ગામે આવેલા રામદેવપીરના મંદિરે યોજાયેલી નેજાની શોભાયાત્રા દરમિયાન ભક્તોએ ભજન મંડળી અને રાસ-ગરબાની રમઝટ સાથે શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરી હતી. પરંતુ ગામના મુખ્ય માર્ગો પર ભરાયેલા પાણીના કારણે ધાર્મિક પ્રસંગમાં મોટી વિઘ્ન સર્જાયું હતું. હાથમાં પવિત્ર નેજો ધારણ કરેલા શ્રદ્ધાળુઓએ ગંદા પાણીમાંથી ચાલીને મંદિરે પહોંચવું પડ્યું હતું. ધર્મ અને ભક્તિના પ્રતીક સમાન રામદેવપીરના મંદિરે નેજો ચઢાવવાથી મનોકામના પૂર્ણ થતી હોવાની લોકવાયકા છે. આવા મહત્વના ધાર્મિક પ્રસંગે પણ પાણીના નિકાલ જેવી પ્રાથમિક સુવિધા પૂરી પાડવામાં નિષ્ફળ રહેલા સ્થાનિક વહીવટી તંત્ર સામે ગ્રામજનો અને ભક્તોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રામજનોએ માંગ કરી છે કે ગામમાં ભરાતા પાણીની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવામાં આવે.

## સુરેન્દ્રનગરમાં પ્રાકૃતિક શાકભાજી વેચાણ કેન્દ્રનો પ્રારંભ

સુરેન્દ્રનગર | સુરેન્દ્રનગરમાં 'ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ' અને જિલ્લા વહીવટી તંત્રના સહયોગથી પ્રાકૃતિક શાકભાજી વેચાણ કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. આ કેન્દ્રનો હેતુ રાસાયણિક ખાતરો અને જંતુનાશકો વગર તૈયાર થતા શાકભાજી અને ખેતપેદાશોનું સીધું વેચાણ કરવાનો છે. આ પહેલથી ખેડૂતોને તેમના ઉત્પાદનોના યોગ્ય ભાવ મળી રહ્યા છે અને શહેરીજનોને શુદ્ધ, સાત્વિક અને ઝેરમુક્ત આહાર મળી રહ્યો છે.આ સ્ટોલ સુરેન્દ્રનગરમાં પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી ઉત્પાદિત સાત્વિક અને શુદ્ધ શાકભાજીના વેચાણ માટે શરૂ કરાયો છે. ખેડૂતો ગાયના છાણ અને ગૌમૂત્રથી બનેલા જૈવિક ઈનપુટનો ઉપયોગ કરીને રાસાયણિક ખાતરમુક્ત શાકભાજી તૈયાર કરે છે. આ વેચાણ દર શનિવારે સવારે 8થી 12 વાગ્યા દરમિયાન થાય છે, જ્યાં શહેરીજનો મોટી સંખ્યામાં ખરીદી કરવા આવે છે.'ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ' અને સરકારના પ્રયાસોથી સુરેન્દ્રનગર જિલ્લાના પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતો માટે આ વેચાણ કેન્દ્ર શરૂ થયું છે. સોશિયલ મીડિયા દ્વારા પ્રચાર કરીને લોકોને સાત્વિક શાકભાજી ખાવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે. અધિકારીઓએ જણાવ્યું કે, ભવિષ્યમાં માંગ વધતાં વધુ કેન્દ્રો શરૂ કરવામાં આવશે.'આત્મા' સંસ્થા અને સુરેન્દ્રનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના સંયુક્ત પ્રયાસોથી 'પ્રાકૃતિક સ્ટોર'નો શુભારંભ થયો છે. આ સ્ટોરનો મુખ્ય હેતુ જિલ્લાના પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને તેમના ઉત્પાદનો વેચવા માટે યોગ્ય પ્લેટફોર્મ પૂરું પાડવાનો અને શહેરીજનોને શુદ્ધ, સાત્વિક શાકભાજી ઉપલબ્ધ કરાવવાનો છે.

## બાળપણથી ગળપણથી ખતરો, ગુજરાતમાં સરેરાશ 21% બાળકો પ્રી-ડાયાબિટિક

ગુજરાત | એક સમય હતો જ્યારે ડાયાબિટીસ એટલે મોટી ઉંમરની બીમારી એવી સામાન્ય માન્યતા હતી. પરંતુ બદલાતી જીવનશૈલી હવે આ માન્યતાને પડકારી રહી છે. ગુજરાતમાં 10થી 16 વર્ષની વયના બાળકો-કિશોરોમાં ડાયાબિટીસનું પ્રમાણ 2.9 ટકા નોંધાયું છે. દેશનું સરેરાશ પ્રમાણ 0.6 ટકા છે. ગુજરાતના બાળકોમાં ડાયાબિટીસના વધતા પ્રમાણને પગલે જ શાળાઓમાં 'સુગર બોર્ડ' ફરજિયાત કરવા આદેશ અપાયો છે. રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગના અભ્યાસમાં ખુલાસો થયો છે કે, 10 વર્ષની વયના બાળકો દૈનિક કેલરીના સેવનમાં સરેરાશ 13 ટકા અને 11થી 18 વર્ષના કિશોરો 15 ટકા જેટલી અતિશય ખાંડનો ઉપયોગ કરી રહ્યા છે, જે વાસ્તવમાં પાંચ ટકા જેટલી જ હોવી જોઈએ. કેન્દ્ર સરકારના 'ચિલ્ડ્રન ઈન ઈન્ડિયા- 2025' અહેવાલમાં આપેલા આંકડા મુજબ, 5થી 8 વર્ષની વયના ગુજરાતના 20.8 ટકા બાળકો અને 10થી 16 વર્ષની વયના 20.9 ટકા બાળકો લોહીમાં શર્કરાનું પ્રમાણ સામાન્ય કરતાં વધારે હોય તેવી પ્રી-ડાયાબિટીકની સ્થિતિમાં હોવાનું નોંધાયું છે. અહેવાલ મુજબ 10થી 16 વર્ષની વયના 6.4 ટકા બાળકોમાં લોહીમાં દબાણ ઊંચું નોંધાયું હતું, જ્યારે રાષ્ટ્રીય પ્રમાણ 4.9 ટકા હતું. આ જ વયજૂથમાં 4.4 ટકા બાળકોમાં કુલ કોલેસ્ટેરોલનું પ્રમાણ ઊંચું અને આશરે 6 ટકા બાળકોમાં હાનિકારક કોલેસ્ટેરોલનું પ્રમાણ વધારે નોંધાયું હતું. બાળપણમાં જ આવા જોખમી પરિબળો દેખાવા લાગે તો ભવિષ્યમાં હૃદય અને રક્તવાહિની સંબંધિત બીમારીઓનું જોખમ વધવાની શક્યતા રહે છે.

# અમદાવાદના કાલુપુર બ્રિજ પર AMTS બસનો અકસ્માત : 4 લોકો ઈજાગ્રસ્ત...

અમદાવાદ | અમદાવાદ શહેરના કાલુપુર બ્રિજ પર 137 નંબર રૂટની AMTS EV બસના ચાલકે ગફલતભરી રીતે વાહન હંકારીને 2થી 3 જેટલાં ટુ-વ્હીલરોને ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ટુ-વ્હીલરના કચ્ચરઘાણ બોલી ગયા હતા તો મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી હતી.

અકસ્માત સર્જાતાં જ બ્રિજ પર લોકોમાં ભારે રોષ ફેલાયો હતો અને જોતજોતામાં 200 જેટલા લોકોનું મોટું ટોળું એકઠું થઈ ગયું હતું. બનાવની જાણ થતાં જ સ્થાનિક પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે સ્થિતિ પર કાબૂ મેળવી રોષે ભરાયેલા ટોળાને વિખેરી નાખ્યું હતું અને અકસ્માત સર્જનાર BRTS બસ ચાલકની અટકાયત કરીને કાયદેસરની તપાસ હાથ ધરી છે.

રૂટ નંબર 137 પર દોડતી 'AEEV 0L' નંબરની ઈલેક્ટ્રિક AMTS બસ સાંજે 07:35 વાગ્યાના સુમારે રામદેવ મસાલાથી બાપુનગર જવા રવાના થઈ હતી. આ દરમિયાન કાલુપુર બ્રિજ પર આવેલ બુલેટ ટ્રેન બ્રિજ પાસે પહોંચતાં આગળ જઈ રહેલા 2થી 3 વાહનો સાથે બસનો અકસ્માત સર્જાયો હતો. અકસ્માત બાદ બસ ચાલકે બસ રિવર્સ લેતાં પાછળ આવી રહેલાં અન્ય 2થી 3 ટુ-વ્હીલરો પણ તેની અડફેટે આવી ગયાં હતાં. આ ઘટનામાં એક મહિલાના હાથમાં અને એક પુરુષના પગમાં ગંભીર ઈજાઓ પહોંચતાં બંનેને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા.

આ બનાવ અંગે જાણ થતાં જ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. હાલમાં બસ અને તેના ચાલકને શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે લઈ જવામાં આવ્યા છે.

# પોલિશના બહાને 22.54 લાખના સોનાના દાગીના લઈ બંગાળી શખ્સ ફરાર થય ગયાં

અમદાવાદ | અમદાવાદના કાલુપુર વિસ્તારમાં સોનાના દાગીના પોલિશ કરાવવાના બહાને રૂ.22.54 લાખના સોનાના દાગીના લઈ જવાની છેતરપિંડીનો બનાવ સામે આવ્યો છે. જેમાં કારીગરને વિશ્વાસમાં લઈ એક શખ્સ દાગીના લઈ ગયો હતો અને ત્યારબાદ તેનો મોબાઈલ ફોન બંધ આવતા તથા તે મળી ન આવતા કાલુપુર પોલીસે ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

મણિનગરમાં રહેતા 47 વર્ષીય વાસ્કર દાસ કાલુપુર પતાસાની પોળમાં સોના ચાંદીના દાગીના બનાવવાનું કામ કરે છે. ગત 27 જાન્યુઆરીએ તેઓ દુકાને હતા ત્યારે ગ્રાહક રાજકુમાર આવ્યા હતા. તેઓ રૂ. 22.54 લાખના દાગીના પોલીસ કરાવવા માટે આવ્યા હતા. પરંતુ વાસ્કરભાઈ પોલીસનું કામ ન કરતા હોવાથી બીજી જગ્યાએ કરાવી આપું જણાવ્યું હતું.

જેથી વેપારીએ આ દાગીના પોતાના કારીગર અજીતકુમાર દાસને પોલિશ કરાવવા માટે મોકલ્યા હતા. જોકે, પોલિશનું કામ ન થતાં કારીગર દાગીના લઈને પરત આવી રહ્યો હતો.

**કાલુપુરમાં વેપારીએ કારીગરને મોકલ્યો પરંતુ શખ્સે છેતર્યો, છ મહિનાથી તપાસ બાદ ફરિયાદ**

તે દરમિયાન એક શખ્સે તેને વિશ્વાસમાં લઈ અન્ય જગ્યાએ પોલિશ કરાવી આપવાની વાત કરી હતી. શખ્સ કારીગરને કાલુપુર શેઠની પોળમાં આવેલી નમકીનની દુકાન સામે લઈ ગયો હતો અને દાગીના લઈને પરત આવવાનું કહી ત્યાંથી ફરાર થઈ ગયો હતો.

લાંબો સમય વીતી જવા છતાં પરત ન આવતાં તપાસ કરવામાં આવી હતી. બાદમાં તેનું નામ એસ.કે. ઈસરાઈલ હોવાનું અને તે હુગલી, પશ્ચિમ બંગાળનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું. તે સમયે અરજી કરી હતી પરંતુ આરોપી મળી આવ્યો ન હતો અને ફોન પણ ઉપાડતો ન હતો. કંટાળીને વેપારીએ એસ.કે.ઈસરાઈલ સામે કાલુપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

# ધ્રાંગધ્રાના રાજગઢમાં ખેતરોમાં પાણી ભરાતા ખેડૂતો ચિંતિત

ધ્રાંગધ્રા | ધ્રાંગધ્રા તાલુકાના રાજગઢ ગામમાં વરસાદી પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવાથી ખેડૂતોના ખેતરોમાં પાણી ભરાઈ જાય છે. ખેડૂતોનો આક્ષેપ છે કે છેલ્લા દસ વર્ષથી દર ચોમાસામાં આ સમસ્યા થાય છે. રાજગઢ ગામના ખેડૂતોના કહેવા મુજબ, છેલ્લા કેટલાક વર્ષોથી વરસાદ પછી ખેતરોમાં પાણી ભરાઈ જાય છે. તેના કારણે ઊભા પાકને નુકસાન થાય છે. હાલમાં પણ ગામના ૮થી ૧૦ ખેડૂતોની આશરે ૮૦ વીઘા જેટલી ખેતીની જમીનમાં વરસાદી પાણી ભરાયા છે. જેના કારણે ખેતરો બેટમાં ફેરવાઈ ગયા છે. ખેડૂતોએ જણાવ્યું કે, માર્ગ-મકાન વિભાગે ગ્રામ્ય વિસ્તારમાં રોડ બનાવ્યા પછી તેની બાજુમાં વરસાદી પાણીના નિકાલ માટે પૂરતી ગટર વ્યવસ્થા કરી નથી. આના કારણે વરસાદનું પાણી ખેતરો તરફ વળી જાય છે અને ખેતરોમાં ભરાઈ જાય છે. આ બાબતે ખેડૂતોએ પહેલા પણ ઘણી વખત તંત્રને રજૂઆત કરી છે. તેમ છતાં હજુ સુધી આ સમસ્યાનો કાયમી ઉકેલ મળ્યો નથી. દર વર્ષે ચોમાસામાં ખેતરોમાં પાણી ભરાવાથી ઊભા પાકને નુકસાન થાય છે.

# 21મીથી રાજ્યમાં પોલીસ સામે સ્પેશિયલ ડ્રાઈવ:'Police'ના લોગો અને બ્લેક ફિલ્મો હશે તો કાર્યવાહી થશે, IGએ ગાંધીનગરમાં બ્લેક ફિલ્મ-નંબર પ્લેટ વગરની કાર સાથે PIને પકડ્યા

ગાંધીનગર | તાજેતરમાં લો એન્ડ ઓર્ડર, પોલીસ મહાનિર્દેશક (IGP) મકરંદ ચૌહાણે ગાંધીનગરના પ્રવેશદ્વારથી પાટનગરમાં જ ફરજ બજાવતા પોલીસ ઈન્સ્પેક્ટર(PI)ને કાળા કાચ-નંબર પ્લેટ વિનાની કાર સાથે પકડ્યા હતા. આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડતા આવતીકાલ 21 સપ્ટેમ્બરથી 5 ઓક્ટોબર એટલે કે સતત 15 દિવસ સુધી રાજ્યભરમાં ખાખીધારીઓ સામે ઝીરો ટોલરન્સ નીતિ સાથે સ્પેશિયલ ડ્રાઈવ યોજાશે.

રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવાની સાથે ટ્રાફિક નિયમોનું પાલન કરાવવાની પ્રાથમિક જવાબદારી પોલીસ વિભાગની છે, પરંતુ જ્યારે રક્ષક જ ભક્ષક કે નિયમભંગ કરનાર બને ત્યારે પ્રજામાં પોલીસની છબી ખરડાય છે. તાજેતરમાં પાટનગર ગાંધીનગરમાં બનેલી એક ગંભીર ઘટના બાદ હવે સમગ્ર રાજ્યના પોલીસ તંત્રને ટ્રાફિક નિયમોને લઈ જગાડવાની ફરજ પડી છે.

ગાંધીનગર અતિસંવેદનશીલ વિસ્તાર ગણાય છે, જ્યાં VVIP મહાનુભાવોની સતત અવરજવર રહે છે. ભૂતકાળમાં આતંકવાદીઓએ ખોટા ઓળખપત્રો અને રજિસ્ટ્રેશન વગરના વાહનોનો ઉપયોગ કરીને હુમલા કર્યાના કિસ્સા પણ નોંધાયા છે. આવા સંવેદનશીલ વાતાવરણ વચ્ચે ગત 11 સપ્ટેમ્બરના રોજ કાયદો અને વ્યવસ્થા વિભાગના IGP દ્વારા ગાંધીનગરમાં પ્રવેશતી એક કાળા કાચવાળી અને નંબર પ્લેટ વગરની શંકાસ્પદ કારને રોકવામાં આવી હતી.જેની તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે આ કાર ગાંધીનગરમાં જ ફરજ બજાવતા એક પોલીસ ઈન્સ્પેક્ટરની હતી.

પોલીસ વિભાગના પોતાના જ અધિકારી દ્વારા ટ્રાફિક નિયમોનો આ પ્રકારે ખુલ્લેઆમ અનાદર થતાં વડી કચેરીએ આ બાબતને અત્યંત ગંભીરતાથી લીધી છે.આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાતો પડતાં લૉ એન્ડ ઓર્ડર IGP મકરંદ ચૌહાણ દ્વારા તમામ પોલીસ કમિશનરો અને જિલ્લા પોલીસ વડાઓને કડક સૂચનાઓ જારી કરવામાં આવી છે.

જે અંતર્ગત રાજ્યભરમાં આગામી 21 સપ્ટેમ્બરથી 5 ઓક્ટોબર સુધી 15 દિવસની ખાસ ટ્રાફિક ઝુંબેશ યોજવાનો નિર્ણય લેવાયો છે. આ ડ્રાઈવનો મુખ્ય હેતુ સામાન્ય જનતા પર રોફ જમાવતા પહેલા પોલીસ પોતે નિયમોનું પાલન કરે તે સુનિશ્ચિત કરવાનો છે. સુપ્રીમ કોર્ટના અભિષેક ગોએન્કા વિરુદ્ધ યુનિયન ઓફ ઈન્ડિયાના ગાઈડલાઈન મુજબ વાહનો પર ઘેરા કાળા કાચ કે બ્લેક ફિલ્મ લગાવવા પર સંપૂર્ણ પ્રતિબંધ છે.

આ નિયમ હેઠળ હવે તમામ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓના વાહનોમાંથી બ્લેક ફિલ્મ, નંબર પ્લેટ વિનાના વાહનો તેમજ 'P', 'Police' કે અન્ય અનધિકૃત લોગો તાત્કાલિક ધોરણે દૂર કરવાના આદેશો આપવામાં આવ્યા છે. આ ઉપરાંત ગેરકાયદેસર રીતે બ્લેક ફિલ્મનું વેચાણ કરતા ગેરેજ, સર્વિસ સેન્ટર અને કાર એક્સેસરીઝની દુકાનો પર પણ દરોડા પાડીને આવી સામગ્રી જપ્ત કરવામાં આવશે.

પોલીસ સ્ટેશનો, પોલીસ લાઈન અને તમામ સરકારી કચેરીઓમાં પણ આ ડ્રાઈવ હેઠળ તપાસ હાથ ધરાશે. 15 દિવસની આ ખાસ ઝુંબેશ પૂર્ણ થયા બાદ પણ જો કોઈ પોલીસ અધિકારી કે કર્મચારી ટ્રાફિક નિયમોનો ભંગ કરતા ઝડપાશે તો તેમની સામે ટ્રાફિક કાયદા હેઠળ કાર્યવાહી ઉપરાંત ગેરવર્તણૂક અને શિસ્તભંગ બદલ દાખલારૂપ શિક્ષાત્મક પગલાં ભરવામાં આવશે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે
# નાંદોદ તાલુકાના વાવડી ગામે 'એક પેડ માં કે નામ' અંતર્ગત વૃક્ષારોપણ કરાયું

### મૃદુ સ્વભાવના મુખ્યમંત્રીશ્રીએ ગ્રામજનો સાથે સહજ સંવાદ કરી હાલચાલ પૂછ્યા, આદિજાતિ વિકાસ મંત્રીશ્રી નરેશભાઈ પટેલ, આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી શ્રી પી.સી. બરંડા પણ જોડાયા હતા






રાજપીપલા| ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભ પટેલ નર્મદા જિલ્લાની એકદિવસીય મુલાકતે પધાર્યા હતા. દરમિયાન 'એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત નાંદોદ તાલુકાના વાવડી ગામે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.વાવડી ગામે વૃક્ષારોપણ અર્થે આવી પહોંચેલા મુખ્યમંત્રીશ્રીએ ગ્રામજનોને મળીને તેમની સાથે સહજ અને આત્મીય સંવાદ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ ગ્રામજનોના હાલચાલ પૂછ્યા હતા તેમજ ગામના નાગરિકો સાથે હળવાશભર્યા વાતાવરણમાં સંવાદ કરી તેમની સાથે આત્મીયતા વ્યક્ત કરી હતી.આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ ઉપસ્થિત બાળકો સાથે પણ વ્હાલભર્યો સંવાદ કર્યો હતો. તેમણે બાળકોને મન લગાવીને અભ્યાસ કરવા, શિક્ષણમાં સતત આગળ વધવા અને ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરવા પ્રેરિત કર્યા હતા.'એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ દ્વારા પર્યાવરણ સંરક્ષણનો સંદેશ આપવામાં આવ્યો હતો. વધુમાં વધુ વૃક્ષો વાવી તેમનું જતન કરી હરિયાળું અને સ્વચ્છ પર્યાવરણ નિર્માણ કરવામાં સૌની સહભાગિતા જરૂરી હોવાનું પણ આ કાર્યક્રમ દ્વારા પ્રેરણારૂપ સંદેશ આપવામાં આવ્યો હતો.આ વેળાંએ આદિજાતિ વિકાસ મંત્રીશ્રી નરેશભાઈ પટેલ, આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી શ્રી પી.સી. બરંડા, જિલ્લા કલેક્ટરશ્રી ગંગા સિંઘ, નાયબ વનસંરક્ષકશ્રી ગૌરવ પ્રજાપતિ, નિવાસી અધિક કલેક્ટરશ્રી સી.કે.ઉંધાડ, પ્રાંત અધિકારી સુશ્રી પરશનજીત કૌર, જિલ્લાના અગ્રણીશ્રી નીલ રાવ, જિલ્લા પંચાયતના પૂર્વ સભ્યશ્રી કિરણભાઈ વસાવા, સ્થાનિક અગ્રણીશ્રી અજીતભાઈ પરીખ સહિત વન વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીનો પ્રથમ દીક્ષાંત સમારોહ ઐતિહાસિક અવસર : રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજી




રાજપીપલા| બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી, રાજપીપળાના પ્રથમ દીક્ષાંત સમારોહનું આજે ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાતના માનનીય રાજ્યપાલશ્રી અને યુનિવર્સિટીના કુલાધિપતિશ્રી આચાર્ય દેવવ્રતજીની ઉપસ્થિતિમાં યોજાયેલા આ ઐતિહાસિક સમારોહમાં પદવી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. સમારોહના પ્રારંભે કુલાધિપતિશ્રી આચાર્ય દેવવ્રતજીએ પ્રથમ પદવીદાન સમારોહના શુભારંભની ઘોષણા કરી કાર્યક્રમની ઔપચારિક શરૂઆત કરાવી હતી. ત્યારબાદ દીક્ષાંત પ્રતિજ્ઞા લેવામાં આવી હતી. કલા, વાણિજ્ય અને વિજ્ઞાન સહિત વિવિધ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી.માન. રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ પોતાના ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીનો પ્રથમ દીક્ષાંત સમારોહ ઐતિહાસિક અવસર છે. દીક્ષાંત સમારોહ વિદ્યાર્થી જીવનની મહત્વપૂર્ણ યાત્રા બાદ જીવનના નવા અધ્યાયના પ્રારંભનો અવસર છે અને પદવી સાથે વિદ્યાર્થીઓને જવાબદારી પણ પ્રાપ્ત થાય છે.ભગવાન બિરસા મુંડા આદિજાતિ સમાજના ગૌરવ, સંઘર્ષ અને સ્વાભિમાનના પ્રતીક છે. તેમના નામે અને આદિજાતિ વસ્તી ધરાવતા નર્મદા જિલ્લામાં યુનિવર્સિટીની સ્થાપના થવી વિશેષ મહત્વ ધરાવે છે. રાજ્યપાલશ્રીએ યુનિવર્સિટીની સ્થાપનામાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી તથા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના પ્રયાસોને યાદ કર્યા હતા.રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા સંચાલિત કુલ ૨૬ યુનિવર્સિટીઓ કાર્યરત છે. આદિજાતિ વિસ્તારોમાં ઉચ્ચ શિક્ષણની પહોંચ વધારવી એ સામાજિક પરિવર્તનનો મહત્વપૂર્ણ આધાર છે. છેલ્લા વર્ષોમાં આદિજાતિ સમાજના યુવાનો માટે ઉચ્ચ શિક્ષણની તકોમાં વધારો થયો છે અને યુવાનો વિવિધ ક્ષેત્રોમાં આગળ વધી રહ્યા છે.તેમણે જણાવ્યું હતું કે, બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીનું પરિસર ખૂબ જ સુંદર છે અને તેનું રમતગમત સંકુલ પણ આકર્ષક છે.

## અમરેલીમાં ભાદરવો ભરપૂર! બાબરાના બળેલ પીપરીયા ગામે આભ ફાટ્યું



અમરેલી | અમરેલી જિલ્લામાં હવામાન વિભાગની આગાહી આજના દિવસે અક્ષરસઃ સાચી સાબિત થઈ રહી છે. આજે બપોરે ચાર વાગ્યા સુધી સમગ્ર જિલ્લામાં ભારે વરસાદ માટેનું ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, અને આ આગાહી મુજબ જ જિલ્લાના અનેક વિસ્તારોમાં મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે. લાઠી શહેર તેમજ દામનગર પંથકમાં સતત બીજા દિવસે પણ મેઘમહેર યથાવત રહી છે. લાઠી શહેરમાં ધોધમાર વરસાદ શરૂ થયો છે, તો સાથે જ દામનગર, ઠાંસા, ધુફણીયા તેમજ ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા કેરાળા, દુધાળા, મેમદા અને આંબરડી સહિતના ગામોમાં પણ મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરી છે. સતત પડી રહેલા આ વરસાદને કારણે વાતાવરણમાં ભારે ઠંડક પ્રસરી ગઈ છે અને ધરતીપુત્રોમાં આનંદનો માહોલ છવાઈ ગયો છે. બીજી બાજુ, સાવરકુંડલા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ બપોર બાદ અચાનક વાતાવરણમાં મોટો પલટો આવ્યો હતો અને સળંગ ત્રીજા દિવસે પણ વરસાદી માહોલ યથાવત રહ્યો છે. સાવરકુંડલાના ઘોબા, પીપરડી તેમજ મોટા ભમોદરા સહિત આસપાસના વિસ્તારોમાં નરાધાર વરસાદ ખાબક્યો હતો. મોટા ભમોદરા ગામે મેલડી માતાના મંદિર પાસે સ્થાનિક નદી-નાળાઓમાં ઘોડાપૂર આવ્યા હતા અને ભારે વરસાદના કારણે ખેતરોમાંથી પાણી છલકાઈને વહેવા લાગ્યા હતા. બપોરના સમયે ભારે ઉકળાટ અને બફારા બાદ અચાનક તૂટી પડેલા આ વરસાદથી સમગ્ર પંથકમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જાઈ છે. હવામાન વિભાગ દ્વારા જારી કરાયેલા ઓરેન્જ એલર્ટ વચ્ચે વરસી રહેલા આ સાર્વત્રિક અને નોંધપાત્ર વરસાદથી પાછોતરા પાકો જેવા કે કપાસ, મગફળી, સોયાબીન અને અન્ય ખેતી પાકોને અમૂલ્ય ફાયદો થયો છે. લાંબા સમયથી પાણીની રાહ જોઈ રહેલા પાકોને નવું જીવનદાન મળતા ખેડૂતોમાં ભારે ખુશી જોવા મળી રહી છે. પ્રશાસન દ્વારા પણ નાગરિકોને સાવચેત રહેવા અને જળભરાવ વાળા વિસ્તારોથી દૂર રહેવા અપીલ કરવામાં આવી છે. લાંબા સમયથી સારા વરસાદની રાહ જોઈ રહેલા ધરતીપુત્રોમાં ખુશીનો માહોલ છે. આ વરસાદથી કપાસ, મગફળી અને સોયાબીન જેવા પાકોને મોટો ફાયદો થશે.



## આજનું રાશિ ભવિષ્ય

**મેષ : અ. લ. ઈ.**

તમે ઘણા લાંબા સમયથી અનુભવી રહ્યા છો એ જીવનના ટેન્શન તથા તણાવમાંથી તમને રાહત મળશે. ટેન્શન તણાવને કાયમી ધોરણે દૂર રાખવા માટે તમારી જીવનશૈલીમાં ફેરફાર કરવાનો સમય આવી ગયો છે. ખાસ લાભદાયક દિવસ જણાતો નથી.

**વૃષભ : બ. વ. ઉ.**

જો મુસાફરી કરી રહ્યા હોય તો પોતાના કિંમતી સમાન નું ધ્યાન રાખો કેમકે સમાન ચોરી થવા ની શક્યતા છે. આજે પૈસા અંગે પરિવાર ના સભ્યો માં બોલાચાલી થઈ શકે છે. પૈસા ની બાબત માં તમારે પરિવાર ના બધા સભ્યો ને સ્પષ્ટ રહેવા ની સલાહ આપવી જોઈએ.

**મિથુન : ક. છ. ઘ.**

એવો દિવસ જ્યારે આરામ મહત્વનો રહેશે- કેમ કે તમે હાલમાં જ ઘણા માનસિક પરિતાપનો સામનો કર્યો છે- આનંદ-પ્રમોદ અને મનોરંજન તમને હળવા થવામાં મદદ કરશે. આજે તમારું કોઈ નજીકી જોડે ઝગડો થયી શકે છે અને વાત કોર્ટ કચેરી સુધી જયી શકે છે.

**કર્ક : ડ. હ.**

તમારૂં સ્વાસ્થ્ય અને દેખાવ સુધારવા માટેની બાબતો હાથ ધરવા માટે અઢળક સમય મળશે. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો-આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો.

**સિંહ : મ. ટ.**

તમારું ઝડપી પગલું તમને પ્રેરિત કરશે. સફળતા મેળવવા માટે-સમય સાથે તમારા વિચારો બદલો. આ બાબત તમારા દૃષ્ટિકોણને વ્યાપક બનાવશે- તમારા વ્યકતિત્વને સુધારશે તથા તમારા મગજને સમૃદ્ધ બનાવશે.

**કન્યા : પ. ઠ. ણ.**

સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. તમે જો લાંબા-ગાળા માટે રોકાણ કરશો તો તમને નોંધપાત્ર લાભ મળશે. તમારી જાતને ઘરની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રાખો.

**તુલા : ર. ત.**

બાળકોની સંગતમાં આશ્વાસન પ્રાપ્ત થશે. માત્ર તમારા પરિવારના જ નહીં પણ અન્યોના સંતાનોમાંની રોગનિવારક શક્તિ તમને આશ્વાસન આપી શકે છે તથા તમારી બેચેનીને શાંત કરી શકે છે. તમે જો બધું જ બરાબર કરશો તો આજે તમે વધારાના નાણાં કમાઈ શકશો.

**વૃશ્ચિક : ન. ય.**

તમારા નકારાત્મક વિચારો માનસિક બીમારીનું સ્વરૂપ લઈ લે તે પૂર્વે જ તમારે તેમનો નાશ કરવો જોઈએ. તમને સંપૂર્ણ માનસિક સંતોષ આપે એવી કોઈક પ્રવૃત્તિ સાથે સંકળાઈને તમે તેમનાથી મુક્તિ પામી શકો છો.

**ધન : ભ. ધ. ફ. ઢ.**

વાહન ચલાવતી વખતે ચેતતા રહેજો ખાસ કરીને વળાંક પર. અન્ય કોઈકની બેદરકારી તમારી માટે સમસ્યા ઊભી કરે શકે છે. જે લોકો અત્યાર સુધી પૈસા વગર મતલબે ઉડાડી રહ્યા હતા તે લોકો ને હવે પોતાના ઉપર કાબુ રાખવો જોઈએ અને ધન ની બચત કરવી જોઈએ.

**મકર : ખ. જ.**

તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. ગૃહપ્રવેશ માટે શુભ દિવસ.

**કુંભ : ગ. સ. શ. ષ.**

તમારો હકારાત્મક દૃષ્ટિકોણ તમારી આસપાસના લોકોને પ્રભાવિત કરશે. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. સંબંધીઓ-મિત્રો એક સુંદર સાંજ માટે તમને મળવા આવશે.

**મીન : દ.ચ. ઝ. થ.**

તમારી અંગત સમસ્યા તમારા માનસિક આનંદને બરબાદ કરી શકે છે પણ તમારી જાતને કંઈક રસપ્રદ વાંચનમાં સાંકળશો તો આ દબાણ સાથે અનુકુલન સાધવામાં તમને સરળતા પડશે. કોઈ નજીકી સંબંધી ની મદદ થી આજે તમે પોતાના વેપાર માં સારું કરી શકો છો.

ભાદરવી અને ઋષિપાંચમના મેળા બાદ

## નિષ્કલંક મહાદેવ કોળિયાક બીચ પર ક્લીનલિનેસ ડ્રાઇવનું આયોજન

ભાવનગર : ભાવનગરના કોળિયાક બીચ પર ભાદરવી અને ઋષિપાંચમના મેળા બાદ SS ઈજનેરી કોલેજના 55 NSS વિદ્યાર્થીઓએ 'સ્વચ્છ સાગર સુરક્ષિત સાગર 5.0' અભિયાન અંતર્ગત ક્લીનલિનેસ ડ્રાઈવ યોજી હતી. તેમણે મોટી માત્રામાં પ્લાસ્ટિક કચરો એકત્ર કરી નાશ કર્યો. આ પહેલનો હેતુ દરિયાઈ પર્યાવરણનું રક્ષણ અને સ્વચ્છતા અંગે જનજાગૃતિ ફેલાવવાનો હતો.એસ.એસ. ઈજનેરી કોલેજના એનએસએસના વિદ્યાર્થીઓએ મોટી સંખ્યામાં પ્લાસ્ટિક કચરો એકત્ર કરી નાશ કર્યો. ભાવનગર - દરિયા કાંઠાની સ્વચ્છતા, દરિયાઇ પર્યાવરણનું રક્ષણ અને જનજાગૃતિ ફેલાવવાના હેતુ સાથે નિષ્કલંક મહાદેવ કોળિયાક બીચ પર ક્લીનલિનેસ ડ્રાઇવ યોજાઇ હતી. જો કે, તાજેતરમાં ભાદરવી અને ઋષિપાંચમના મેળા બાદ બીચ પર મોટી સંખ્યામાં પ્લાસ્ટિક કચરો એકત્ર કરી નાશ કરાયો હતો.આંતરરાષ્ટ્રીય દરિયાકાંઠા સફાઇ દિવસ-૨૦૨૬ નિમિત્તે 'સ્વચ્છ સાગર સુરક્ષિત સાગર ૫.૦' અભિયાન અંતર્ગત ભાવનગર જિલ્લાના નિષ્કલંક મહાદેવ, કોળિયાક બીચ ખાતે બીચ ક્લીનલિનેસ ડ્રાઇવ યોજાઇ હતી. નીઓટ, નીડ મિશન, વિજ્ઞાન ભારતી-વિજ્ઞાન ગુર્જરી, પૃથ્વી વિજ્ઞાન મંત્રાલય સહિતની સંસ્થાઓના સહયોગથી યોજાયેલા આ બીચ ક્લીનલિનેસ ડ્રાઇવ ગુજરાતના અલગ અલગ બીચ પર તા.૧૨ થી ૧૯ સપ્ટેમ્બર દરમિયાન યોજાઇ રહી છે. શાંતિલાલ શાહ ઇજનેરી કોલેજ, ભાવનગરના શિક્ષકો તથા ૫૫ જેટલા એનએસએસ તેમજ અન્ય વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લઇ નિષ્કલંક મહાદેવ, કોળઇયાક બીચ પર સફાઇ કામગીરી કરી હતી. કાર્યક્રમ દરમિયાન રેલી તથા વિવિધ પોસ્ટરો દ્વારા સ્વચ્છ દરિયાકાંઠો, પ્લાસ્ટિકમુક્ત દરિયો અને દરિયાઇ પર્યાવરણના સંરક્ષણ અંગે જનજાગૃતિ ફેલાવવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ સ્વચ્છ દરિયો જાળવવાનો સંકલ્પ લીધો હતો.

GEBના ડેપ્યુટી એન્જિનિયર, કર્મચારીઓ અને હેલ્પર ઘટના સ્થળે પહોંચ્યા હતા

# માંજરોલ ગામે વીજ થાંભલા પરથી વીજ વાયર તૂટી પડતા એક ગાભણ ગાયનું ઘટના સ્થળે જ મૃત્યુ થયું

| કમલેશ પટેલ. સંખેડા.

ગાયના માલિક પુનમભાઈએ જણાવ્યું કે ઝાડની ડાળીઓ કાપવા માટે તેમણે વારંવાર GEBના હેલ્પર અને અધિકારીઓને રજૂઆત કરી હતી. જોકે, આ અંગે કોઈ કાર્યવાહી ન થતા આજે આ દુર્ઘટના બની છે.પુનમભાઈએ જણાવ્યું કે ગાયને સાત મહિનાનો ગર્ભ હતો. તેમના પરિવારનું ગુજરાન આ ગાયના દૂધ પર જ ચાલતું હતું. હવે ગાયના મૃત્યુથી તેમની રોજીરોટી છીનવાઈ ગઈ છે. તેમણે યોગ્ય વળતરની માંગ કરી છે.આ ઘટનાની જાણ ગામના સરપંચ અને GEBના કર્મચારીઓને થતા તાત્કાલિક વીજ લાઈન બંધ કરવામાં આવી હતી. સંખેડા GEBના ડેપ્યુટી એન્જિનિયર, કર્મચારીઓ અને હેલ્પર ઘટના સ્થળે પહોંચ્યા હતા. તેમણે નિરીક્ષણ કરીને પંચનામું કર્યું હતું.ડેપ્યુટી એન્જિનિયરે જણાવ્યું કે પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ ગાયના મોતનું કારણ સ્પષ્ટ થશે. જો વીજ કરંટથી મોત થયું હોવાનું સાબિત થશે, તો નિયમ મુજબ યોગ્ય વળતર આપવામાં આવશે.



## નખત્રાણા નગરપાલિકા પ્રેરિત ભક્તિ અને લોકસંસ્કૃતિનો ત્રિવેણી સંગમ : શ્રી રામદેવપીરના ભવ્ય લોકમેળાનું દિવ્ય આયોજન

મહેશ એલ.સોની નખત્રાણા

શ્રદ્ધા, ભક્તિ અને લોકસંસ્કૃતિની સુવાસ પ્રસરાવતા નખત્રાણા નગરપાલિકા દ્વારા પ્રતિ વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ શ્રી રામદેવપીરના ભવ્ય લોકમેળાનું ત્રિ-દિવસીય દિવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ભવ્યાતિભવ્ય લોકમેળો તા. ૨૧-૦૯-૨૦૨૬, તા. ૨૩-૦૯-૨૦૨૬, બુધવાર સુધી ભક્તિભાવ અને ઉલ્લાસભેર ઉજવાશે.આ મંગલ અવસરે પૂજ્યશ્રી મોહનદાસ બાપુ આશીર્વચન પાઠવશે . અબડાસાના લોકલાડીલા ધારાસભ્યશ્રી પ્રદ્યુમનસિંહ જાડેજા, કચ્છના યુવા અને કર્તવ્યનિષ્ઠ મદદનીશ કલેકટરશ્રી ઉત્કર્ષ ઉજ્જવલ (IAS) તથા નખત્રાણા નગરપાલિકાના સેવાભાવી પ્રમુખશ્રી વસંતભાઈ વાઘેલા વિશેષ ઉપસ્થિત રહી મેળાને ખુલ્લો મૂકશે. નગરપાલિકાના ઈન્ચાર્જ ચીફ ઓફિસર શ્રી અનિરુદ્ધસિંહ ઝાલા, ઉપપ્રમુખ શ્રીમતી દમયંતીબેન સેંઘાણી, કારોબારી ચેરમેન શ્રી ચંદનસિંહ રાઠોડ, શાસક પક્ષના નેતા શ્રીમતી સવિતાબેન સોલંકી અને દંડક શ્રીમતી જાગૃતિબેન ઠક્કર સહિત સમગ્ર નખત્રાણા નગરપાલિકા પરિવારે સૌ ભાવિક ભક્તો, શહેરીજનો અને ગ્રામજનોને આ ત્રિ-દિવસીય લોકમેળામાં સહપરિવાર પધારવા હૃદયપૂર્વકનું ભાવભર્યું નિમંત્રણ પાઠવ્યું છે.

પોલીસમાં ગુનો નોંધાયો

## ધંધુકાના મલતાન તળાવ પાસે બમ્પ પર બાઈક ધીમી પાડવા જેવી બાબતે યુવક પર હુમલો

ભાવનગર : ધંધુકાના મલતાન તળાવની પાળ પાસે બમ્પ આવતા મોટરસાયકલ ધીમી પાડવા જેવી સામાન્ય બાબતે થયેલી બોલાચાલીએ હિંસક સ્વરૂપ ધારણ કર્યું છે. આ મામલે પૂછપરછ કરવા ગયેલા પશુપાલક પર બે શખસોએ પાઈપ અને લાકડી વડે જીવલેણ હુમલો કરી માથાના ભાગે ગંભીર ઈજા પહોંચાડી હોવાનો બનાવ સામે આવ્યો છે.ધંધુકાના મલતાન તળાવની પાળ પાસે રહેતા અને પશુપાલનનો વ્યવસાય કરતા ભાનુભાઇ ઉર્ફે લાલાભાઇ સાટીયાનો ૧૭ વર્ષીય પુત્ર સ્મિત બજારમાંથી વસ્તુ લઈને પરત ફરી રહ્યો હતો. તે દરમિયાન લાલગીરી ગોસ્વામીના ઘર પાસે બમ્પ આવતા તેણે બાઈક ધીમી પાડી હતી. આ બાબતે ઘર બહાર બેસેલા સભ્યોએ તેની સાથે અણછાજતી બોલાચાલી કરી હતી.આ અંગે ભાનુભાઇ ઉર્ફે લાલાભાઇ લાલગીરીના ઘરે વાતચીત કરવા જતાં, ખીજાયેલા વિજયગીરી લાલગીરી ગોસ્વામી અને દશરથગીરી લાલગીરી ગોસ્વામીએ તેમની સાથે ગાળાગાળી કરી હતી. ત્યારબાદ વિજયગીરીએ લોખંડની પાઈપ માથામાં મારી લોહીલુહાણ કર્યા હતા, જ્યારે દશરથગીરીએ લાકડીથી હુમલો કરી મુઢ ઈજાઓ પહોંચાડી હતી. આસપાસના લોકો અને ભાનુભાઇ ઉર્ફે લાલાભાઇની પત્નીએ વચ્ચે પડી તેમને વધુ મારથી બચાવ્યા હતા.ઈજાગ્રસ્ત ભાનુભાઇ ઉર્ફે લાલાભાઈને સારવાર અર્થે ધંધુકાની આર.એમ.એસ. હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ ઘટના અંગે ધંધુકા પોલીસ મથકે વિજયગીરી અને દશરથગીરી ગોસ્વામી સામે બી.એન.એસની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મૂર્તિ ચોરાઈ

## સરદારનગરના બંધ મકાનમાં તપેલા, નળ અને મૂર્તિ ચોરાઈ

ભાવનગર : સરદારનગર વિસ્તારમાં આવેલા મહાદેવ પ્લોટમાં રહેતા આધેડ બપોરના સમયે પરિવાર સાથે બહાર ગયા હતા.તે દરમિયાન અજાણ્યા ચોર ઘરમાં પ્રવેશી નાના મોટા તપેલા ગેલ્વેનાઈઝના પાઈપ , પીતળ તથા સ્ટીલના નળ અને સૂર્ય ભગવાનની પીતળની મુત મળી રૂ.૧૦ હજારની ચોરી કરી નાસી છૂટયા હતા.ભાવનગરના સરદારનગર વિસ્તારમાં આવેલા મહાદેવ પ્લોટમાં ચોરીનો એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. તારીખ ૧૫ સપ્ટેમ્બરના રોજ બપોરના સમયે વેપારી નરેશભાઈ નાઉમલ આગીચા તથા તેમનો પરિવાર કામ અર્થે બહાર ગયો હતો. આ દરમિયાન ઘર બંધ હોવાનો લાભ ઉઠાવી અજાણ્યા ચોર ઈસમોએ ઘરમાં પ્રવેશ કર્યો હતો.બપોરે પરત ફરેલા પરિવારે તપાસ કરતા ફળીયામાં રાખેલા વાસણો અને અન્ય સામાન ગાયબ જણાતા ઘરમાં લાગેલા સીસીટીવી ફુટેજ ચકાસ્યા હતા. સીસીટીવીમાં એક અજાણ્યો પુરુષ અને઼ી આસપાસમાં આંટા મારતા અને઼ી ઘરમાં પ્રવેશ કરતી નજરે પડી હતી.ચોર ઈસમો ઘરના ફળીયામાંથી કુતરાને દૂધ પાવાના નાના-મોટા ૪ તપેલાં (કિં.રૂ. ૨,૦૦૦), દીવાલમાં લગાવેલા ગેલ્વેનાઈઝના પાઈપ (કિં.રૂ. ૨૦૦), પીતળ તથા સ્ટીલના નળ (કિં.રૂ. ૪,૦૦૦) અને સૂર્ય ભગવાનની પીતળની મુત (કિં.રૂ. ૪,૦૦૦) મળી કુલ રૂ. ૧૦,૨૦૦ ની મિલકત ચોરી ગયા હતા.આ અંગે નરેશભાઈ આગીચાએ ઘોઘારોડ પોલીસ મથકમાં અજાણ્યા ચોર ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે બી.એન.એસ. ની કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## સાબરકાંઠા: હિંમતનગરના બળવંતપુરા નજીક ટ્રેનની અડફેટે 17 વર્ષીય વિદ્યાર્થિનીનું મોત, પરિવારમાં આક્રંદ



(એજન્સી) સાબરકાંઠા | તા.20

સાબરકાંઠાના હિંમતનગરમાં બળવંતપુરા નજીક અસારવાથી ઉદયપુર જતી ટ્રેનની અડફેટે 17 વર્ષીય નર્સિંગ વિદ્યાર્થિની ધ્રુવી મિસ્ત્રીનું કરુણ મોત નીપજ્યું છે. વીર ભૂમિ એક્સપ્રેસ ટ્રેન પસાર થતી વખતે આ દુર્ઘટના બની હતી. આઈકાર્ડ અને બેગ પરથી યુવતીની ઓળખ થઈ હતી. પોલીસે મૃતદેહને પીએમ માટે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે, જ્યારે પરિવારમાં શોકનો માહોલ છે.સાબરકાંઠાના હિંમતનગરમાં આવેલા બળવંતપુરા નજીક એક અત્યંત દુઃખદ ઘટના સામે આવી છે. અસારવાથી ઉદયપુર જતી ટ્રેનની અડફેટે આવી જતાં 17 વર્ષીય વિદ્યાર્થિનીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. આ બનાવને પગલે મૃતક યુવતીના પરિવારમાં ઘેરા શોકની કાલિમા છવાઈ ગઈ છે.મળતી માહિતી અનુસાર, અસારવાથી ઉદયપુર જતી વીર ભૂમિ એક્સપ્રેસ ટ્રેન જ્યારે હિંમતનગરના બળવંતપુરા નજીકથી પસાર થઈ રહી હતી. આ દરમિયાન નર્સિંગ કોલેજમાં અભ્યાસ કરતી ધ્રુવી મિસ્ત્રી અચાનક ટ્રેનની ચપેટમાં આવી ગઈ હતી. આ અકસ્માતમાં તેને ગંભીર ઈજાઓ પહોંચતાં તેનું સ્થળ પર જ મોત નીપજ્યુ હતું.આઈકાર્ડ અને બેગ પરથી વિદ્યાર્થિનીની થઈ ઓળખ અકસ્માતનો અવાજ સાંભળી આસપાસના લોકો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. બનાવ સ્થળેથી યુવતીનું આઈકાર્ડ અને કોલેજ બેગ મળી આવ્યા હતા, જેના આધારે તેની પ્રાથમિક ઓળખ થઈ શકી હતી. મૃતક ધ્રુવી હિંમતનગરના જલારામ મંદિર વિસ્તારમાં રહેતી હતી અને નર્સિંગનો અભ્યાસ કરતી હતી.પોલીસે મૃતદેહ પીએમ અર્થે ખસેડી તપાસ હાથ ધરી બનાવ અંગેની જાણ થતાં જ રેલવે પોલીસનો કાફલો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યો હતો. પોલીસે મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડવાની કામગીરી કરી હતી. 17 વર્ષીય દીકરીના અચાનક મોતથી પરિવારજનોમાં ભારે આક્રંદ વ્યાપી ગયો છે.

# દમણમાં દારૂના નશામાં યુવાન પાણીની ટાંકી પર ચડી જતા ભારે અફરાતફરી : લશ્કરોએ ધમાલ કરતા યુવાને ઉતાર્યો

(એજન્સી) દમણ | તા.20

દમણના પરકોટા શેરી નજીક પાણીની ટાંકી પર ગઈકાલે સાંજે અનિલ ચૌહાણ નામનો યુવાન દારૂના નશામાં ચડી ગયો હતો. મિત્ર સાથે ઝઘડા બાદ તેણે બિહારવાસીઓને ગાળો ભાંડી ટાંકીની રેલિંગ પર લટકી હંગામો મચાવ્યો હતો. ફાયર અને પોલીસે સફળ રેસ્ક્યુ કરી તેને નીચે ઉતાર્યો. પોલીસે તેની અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. દમણના પરકોટા શેરી નજીક દરિયા કિનારે આવેલી પાણીની ટાંકી પર ગઈકાલે ગુરુવારે સાંજે યુવાન દારૂના ભારે નશામાં ચડી જતાં ચકચાર મચી ગઈ હતી. ટાંકીની રેલિંગ પર લટકીને તેણે ગાળાગાળી કરી ભારે હંગામો મચાવ્યો હતો. આ ઘટનાને પગલે આસપાસના વિસ્તારમાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.દરિયા કિનારે મિત્રો સાથે ફરતી વખતે



તેના મિત્રએ માતા અંગે અપશબ્દ બોલતા ઉગ્ર બોલાચાલી થઈ હતી. યુવાનને મિત્રએ તમાચો ચોડી દીધો હતો. ત્યારબાદ તે યુવાન પાણીની ટાંકી પર ચડી ગયો હતો અને બિહારવાસીઓને લક્ષ્ય બનાવીને જાહેરમાં ગાળો આપવા લાગ્યો હતો.યુવાન પાણીની ટાંકીની ઊંચી રેલિંગ પર જોખમી રીતે લટકીને હંગામો કરી રહ્યો હતો. તેને આ રીતે જોખમી સ્થિતિમાં જોઈને સ્થાનિક લોકો અને પ્રવાસીઓ મોટી સંખ્યામાં એકઠા થઈ ગયા હતા. યુવાન કોઈ અપ્રિય કે ખોટું પગલું ભરી લેશે તેવા ડરથી લોકોમાં ચિંતા વ્યાપી ગઈ હતી. બનાવની જાણ થતાં જ પોલીસ કાફલો અને ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી. ફાયરના લશ્કરોએ યુવાન કોઈ ખોટું પગલું ન ભરે તે માટે સાવચેતીપૂર્વક રેસ્ક્યુ કામગીરી હાથ ધરી હતી. ટીમની ભારે સમજાવટ બાદ નશામાં ધૂત યુવાનને સલામત રીતે ટાંકી પરથી નીચે ઉતારી લેવામાં આવ્યો હતો.નશામાં ધૂત યુવાનને ટાંકી પરથી સુરક્ષિત નીચે ઉતાર્યા બાદ પોલીસે તેની તાત્કાલિક અટકાયત કરી હતી. પુછપરછમાં તેની ઓળખ દમણના દલવાડા ગામે રહેતા અનિલ ચૌહાણ તરીકે થઈ હતી. જાહેર સ્થળે હંગામો કરવા અને શાંતિનો ભંગ કરવા બદલ પોલીસ તેને આગળની કાયદેસરની કાર્યવાહી માટે પોલીસ મથકે લઈ ગઈ હતી.

## અંબાજીમાં ભાદરવી પૂનમના મેળામાં પોલીસની 'ત્રીજી નજર', 700 CCTV અને ડ્રોનથી ખૂણે-ખૂણાનું મોનિટરિંગ

બનાસકાંઠા : બનાસકાંઠા જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે યોજાઈ રહેલા વિશ્વપ્રસિદ્ધ ભાદરવી પૂનમના મહામેળામાં લાખો શ્રદ્ધાળુઓની સુરક્ષા અને સલામતી સુનિશ્ચિત કરવા માટે બનાસકાંઠા પોલીસ વહીવટી તંત્ર દ્વારા અભેદ્ય સુરક્ષા ચક્ર ગોઠવવામાં આવ્યું છે. મેળાસરહદ અને સમગ્ર યાત્રાધામ વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થા જાળવી રાખવા માટે પોલીસે આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને ૨૪ કલાક રાઉન્ડ ધ ક્લોક બાજ નજર રાખવાનું શરૂ કર્યું છે.મેળાની સુરક્ષા અર્થે સમગ્ર અંબાજી શહેર, મંદિર પરિસર, દર્શન માર્ગો તેમજ પદયાત્રી માર્ગો પર મળીને કુલ 700 જેટલાં સીસીટીવી (CCTV) કેમેરા ગોઠવવામાં આવ્યા છે. આ ઉપરાંત, ભીડભાડ વાળા વિસ્તારો અને સંવેદનશીલ પોઈન્ટ્સ પર ડ્રોન કેમેરા દ્વારા આકાશી નિરીક્ષણ કરવામાં આવી રહ્યું છે. સ્થળ પર તૈનાત પોલીસ જવાનોને બોડી વોર્ન કેમેરાથી સજ્જ કરવામાં આવ્યા છે.

## મહેસાણામાં નર્મદા કેનાલમાંથી બે યુવતીઓના મૃતદેહ મળતાં ચકચાર, હાથ બાંધેલા હોવાનો દાવો

મહેસાણા : મહેસાણા નજીક નાની કડી પાસેથી પસાર થતી નર્મદા કેનાલમાંથી 2 યુવતીઓના મૃતદેહ મળી આવતા ચકચાર મચી છે. રાહદારીઓની નજર પડતા ઘટનાની જાણ થઈ હતી. સ્થાનિકો દાવો કરી રહ્યા છે કે યુવતીઓના હાથ બાંધેલા હતા, જોકે પોલીસે સત્તાવાર પુષ્ટિ કરી નથી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. મૃતદેહોની ઓળખ અને મોતનું કારણ જાણવા પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી ચાલુ છે. મહેસાણાના નાની કડી નજીકથી પસાર થતી નર્મદા કેનાલમાંથી બે યુવતીઓના મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. કેનાલ પાસેથી પસાર થઈ રહેલા રાહદારીઓની નજર મૃતદેહો પર પડતાં ઘટનાની જાણ થઈ હતી. જોકે આ બંને યુવતીઓના હાથ બાંધેલા હોવાનો દાવો કરાયો છે.બે યુવતીઓના મૃતદેહ કેનાલમાં જોવા મળતાં આસપાસના વિસ્તારમાંથી લોકો ઘટનાસ્થળે એકત્રિત થઈ ગયા હતા. બનાવની જાણ થતાં પોલીસ સહિતની ટીમો પણ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી અને પ્રાથમિક તપાસ હાથ ધરી હતી.સ્થાનિકોમાં એવી ચર્ચા ચાલી રહી છે કે બંને યુવતીઓના હાથ બાંધેલી હાલતમાં હતા. જોકે, આ અંગે પોલીસ કે અન્ય સત્તાવાર તંત્ર તરફથી હાલ કોઈ પુષ્ટિ કરવામાં આવી નથી. તેથી યુવતીઓના મોતને લઈને કોઈ ચોક્કસ તારણ પર પહોંચવું હાલ વહેલું છે.પોલીસ દ્વારા બંને મૃતદેહોની ઓળખ સહિતની વિગતો મેળવવા માટે તપાસ શરૂ કરવામાં આવી છે. યુવતીઓ કેનાલમાં કેવી રીતે પહોંચી અને સમગ્ર ઘટનાના સંજોગો શું હતા તે અંગે તપાસ બાદ જ વધુ હકીકતો સામે આવશે. મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે ખસેડી મોતનું ચોક્કસ કારણ જાણવા માટે કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે.

PM રિપોર્ટ બાદ જ સાચું કારણ જાણવા મળશે

# દીવની હોટલના પાર્કિંગમાં કારમાંથી યુવકનો મૃતદેહ મળ્યો, પોલીસે વિવિધ દિશામાં તપાસ શરૂ કરી

(એજન્સી) દીવ | તા.20

દીવના ચોક વિસ્તારની હોટલ પાર્કિંગમાં કારમાંથી જેતપુરના નીતિન સરધારાનો મૃતદેહ મળતા ચકચાર મચી છે. સિક્યોરિટી ગાર્ડની જાણ બાદ પોલીસે કાચ તોડી મૃતદેહ બહાર કાઢ્યો હતો. CCTV ફૂટેજમાં યુવક પોતે જ કાર પાર્ક કરતો દેખાયો. હાર્ટ એટેકથી મોતની આશંકા છે, પરંતુ PM રિપોર્ટ બાદ જ સાચું કારણ જાણવા મળશે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. દીવના ચોક વિસ્તારમાં આવેલી એક હોટલના પાર્કિંગમાં કારમાંથી જેતપુરના એક યુવકનો મૃતદેહ મળી આવતાં ભારે ચકચાર મચી ગઈ છે. હોટલના સિક્યોરિટી ગાર્ડને શંકા જતાં તેણે પોલીસને જાણ કરી હતી. પોલીસે સ્થળ પર પહોંચી કારના કાચ તોડીને મૃતદેહ બહાર કાઢ્યો હતો અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. જેતપુરના નીતિન સરધારા તરીકે થઈ ઓળખપોલીસની



પ્રાથમિક તપાસમાં મૃતક યુવકની ઓળખ જેતપુરના નિવાસી નીતિન સરધારા તરીકે થઈ છે. હોટલના સીસીટીવી (CCTV) ફુટેજ તપાસતાં મૃતક યુવક પોતે જ કાર પાર્ક કરતો નજરે પડી રહ્યો હતો. બનાવ અંગેની જાણ મૃતકના પરિવારજનોને કરવામાં આવતાં તાત્કાલિક દીવ દોડી આવ્યા હતા. પરિવારજનોની હાજરીમાં પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રાથમિક અનુમાન મુજબ યુવકનું મોત હાર્ટ એટેકના કારણે થયું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલ ખસેડ્યો છે. પોલીસે જણાવ્યું હતું કે મોતનું સાચું અને ચોક્કસ કારણ પીએમ રિપોર્ટ આવ્યા બાદ જ સ્પષ્ટ થઈ શકશે. યુવાન દીવમાં શા માટે આવ્યો હતો, તે હોટલમાં કોની સાથે રોકાયો હતો અને કારમાં કેટલા સમયથી તેનો મૃતદેહ પડ્યો હતો, તે તમામ મુદ્દાઓ પર પોલીસે સઘન તપાસ હાથ ધરી છે. સીસીટીવી ફુટેજના આધારે વધુ વિગતો મેળવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

તારા જેવાને ગાયબ કરી દઈશ

## કોંગ્રેસ પ્રમુખે ભાજપ લઘુમતી મોરચાના પ્રમુખને ધમકી આપી

(એજન્સી) ભાવનગર | તા.20

બોટાદ જિલ્લાના રાણપુર તાલુકામાં રાજકીય વિવાદ સામે આવ્યો છે. રાણપુર કાળીપા દેશાઈ વોરાના ચોરા પાસે ચાલી રહેલા પેવર બ્લોકના નબળા કામકાજ અંગે ટીડીઓને લેખિત અરજી કરાવવાની બાબતે રાણપુર શહેર કોંગ્રેસ પ્રમુખે ભાજપ લઘુમતી મોરચાના પ્રમુખને જાનથી મારી નાખવાની ધમકી આપતાં રાણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

મળતી વિગતો અનુસાર, ભાજપ લઘુમતી મોરચાના પ્રમુખ આસીફખાન બિશુભાઈ પરમારને સ્થાનિક રહીશ સોહીલભાઈ તરફથી માહિતી મળી હતી કે વિસ્તારમાં ખોદકામ કર્યા વિના જ નબળી ગુણવત્તાના પેવર બ્લોક નાખવામાં આવી રહ્યા છે. આથી, તેમણે ટીડીઓ કચેરી ખાતે અરજી કરાવવામાં મદદ કરી હતી.આ બાબતનો ખાર રાખી રાણપુર શહેર કોંગ્રેસ પ્રમુખ અને ગ્રા.પં. સભ્ય બસીરભાઈ મહમદભાઈ ઉર્ફે સુખાભાઈ ખટૂંબરાએ રાણપુર ગ્રામ પંચાયત કચેરી ખાતે આવી આસીફખાનને તું કેમ અરજી કરાવે છે. તારે માપમાં રહેવું અને મારા વિસ્તારમાં આવવું નહીં, તને ગાયબ કરી દઈશ તેવી ધમકી આપી હતી.આ અંગે આસીફખાન પરમારે રાણપુર પોલીસ સ્ટેશનમાં બસીરભાઈ વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૩૫૧(૩) હેઠળ ગુનો નોંધી આગળની કાનૂની તપાસ હાથ ધરી છે.

**THIS IS A PUBLIC ANNOUNCEMENT FOR INFORMATION PURPOSES ONLY. THIS IS NOT A PROSPECTUS ANNOUNCEMENT AND DOES NOT CONSTITUTE AN INVITATION OR OFFER TO ACQUIRE, PURCHASE OR SUBSCRIBE TO SECURITIES. THIS PUBLIC ANNOUNCEMENT IS NOT INTENDED FOR PUBLICATION OR DISTRIBUTION, DIRECTLY OR INDIRECTLY OUTSIDE INDIA.**

(Please scan this QR code to Red Herring Prospectus and Abridged Prospectus)

# ROOPA SCREEN LIMITED

**CIN: U28112GJ2013PLC074471**

Our Company was incorporated as *"Roopa Screen Private Limited"* on April 12, 2013, under the provisions of the Companies Act, 1956, pursuant to a Certificate of Incorporation issued by Registrar of Companies, Gujarat, Dadra and Nagar Havelli. Our Company was converted from private limited to public limited, pursuant to special resolution passed by the shareholders of the Company at the Extraordinary general meeting held on May 19, 2025 and the name of our Company was changed from *"Roopa Screen Private Limited"* to *"Roopa Screen Limited"* vide fresh certificate of incorporation dated June 02, 2025 issued by the Registrar of Companies, Central Processing Centre. The Corporate identification number of our Company is U28112GJ2013PLC074471.

**Registered Office:** 6, Sudama Estate, Behind Swastik Bansidhar Opp. Sudama Furniture, Narol, Ahmedabad, Gujarat, India - 382405.

**Contact Person:** Karina Deepak Chandwani, Company Secretary & Compliance Officer

**Tel No:** 079-29755557 | **E-mail:** info@roopaindia.in | **Website:** www.roopaindia.in

**THE PROMOTERS OF OUR COMPANY ARE GHANSHYAMBHAI RANCHHODBHAI THAKKAR, KUNAL GHANSHYAMBHAI THAKKER, BHARTIBEN GHANSHYAMBHAI THAKKAR AND PREKSHA KUNAL THAKKAR**

## THE ISSUE

વ્રત ની કથા : ભગવાન શ્રી કૃષ્ણ એ ધર્મરાજા યુધિષ્ઠિર ને કહ્યું કે આ દિવસે બલી રાજા ના યજ્ઞ માં પધારી ને એનું સર્વસ્વ ત્રણ ડગલા ભૂમિ માંગી ને લઈ લીધું હતું.દાનવ રાજ બલી ને બે ડગલા માંજ પૃથ્વી,આકાશ અને પાતાળ માપી લીધા બાદ પૂછ્યું હતું કે ત્રીજું ડગલું ક્યાં મૂકું? ત્યારે ઘૂંટણીએ બેસી ને દાનવ રાજ બલી એ કીધું હતું કે પ્રભુ,આપ ત્રીજું ડગલું મારા મસ્તક પર મૂકી ને મને તમારા શરણ માં લ્યો. દાનવ રાજ બલી ની ભક્તિ થી પ્રસન્ન થઈને વરદાન માંગવાનું કહ્યું ત્યારે એણે મારો પૂર્ણપણે આશ્રય માંગ્યો હતો.રાજન,જે ભક્ત મારા આશ્રય માં રહે છે એનું યોગક્ષેમ કરવા હું બંધાઈ જાઉં છું.એક તો દાનવ રાજ બલી મારો ભક્ત અને બીજું જ્યારે મેં એના મસ્તક પર પગ મૂક્યો ત્યારે ભાદરવા સુદ પરિવર્તની એકાદશી હતી એટલે મેં બલી ને વચન આપ્યું હતું કે મારું એક સ્વરૂપ સદાય પાતળ લોક માં તારે ત્યાં રહેશે અને બીજું સ્વરૂપ ક્ષીરસાગર માં બિરાજશે. જે ભક્ત ભાદરવા સુદ પરિવર્તની એકાદશી નું વ્રત કરશે,દહીં ચોખા નું દાન કરશે અને કથા સાંભળશે એને એક અશ્વમેઘ જેટલું પુણ્ય મળશે. ભગવાન શ્રી કૃષ્ણ એ ધર્મરાજા યુધિષ્ઠિર ને પરિવર્તની એકાદશી નું માહત્મ્ય વ્રત,કથા, દાન વગેરે વિશે અવગત કરાવી ને એ દ્વારિકા જવા નીકળી ગયા. ભગવાન ને દંભ,અહંકાર અને જૂઠ પસંદ નથી એટલે તો ભગવાન ના ભક્તો બલી,સુગ્રીવ,શબરી,જામવંત,વ્રજ ની ગોવાળણ વગેરે છે. દાનવ રાજ બલી દાનવ કૂળ માં જન્મ્યા હોવા છતાંય એ ભગવાન વિષ્ણુ ના ભક્ત હતા,ભગવાન કોણ? ઈશ્વર નું સાનિધ્ય શું? વગેરે માહત્મ્ય જાણતા હતા.લંકાપતિ રાવણ એ રાક્ષસ કૂળ માં જન્મ્યા હતા છતાંય એની ભગવાન શિવ પ્રત્યે એની અદમ્ય ભક્તિ હતી.જ્યારે કમળ નાળ માં પરપોટા નો અવાજ સાંભળતા બ્રહ્માજી ને સૃષ્ટિ ના રચયિતા પૂર્ણ પરમાત્મા ના દર્શન ન થતા એણે "અહમ્ બ્રહ્માસ્મિ" વિચારી ને ખુદને ભગવાન સાબિત કર્યા.આ કારણોસર સૃષ્ટિ નું સર્જન બ્રહ્માજી એ કર્યું હોવા છતાંય ભગવાન સ્વરૂપે પૂજાતા નથી. ભાગવતજી માં "બ્રહ્મા નો મોહ" નામનો અધ્યાય માં બ્રહ્માજી જાણતા હતા કે ભગવાન એનું અવતાર કાર્ય કરવા પૃથ્વી દેવી ની પ્રાર્થના સાંભળી પધાર્યા છે આમ છતાંય એણે ભગવાન વિષ્ણુ ની પરીક્ષા કરવાનું કૃત્ય કર્યું હતું. બ્રહ્માજી એ ધરા પર શ્યામ નાનકડા પાંચ વર્ષ ના બાળક ની પરાક્રમ ગાથા સાંભળી ને ખરેખર એ દેવ છે કે ભગવાન એની પરીક્ષા કરી હતી.આ કારણોસર ભગવાન શ્રી કૃષ્ણ એ પાંચમાં વર્ષે કરેલ કંસ એ મોકલેલ "અજાસૂર ના વધ" ની વાત ગોપ સખા એ વ્રજ માં છઠ્ઠા વર્ષે કહી હતી.આ સમગ્ર સૃષ્ટી ના સર્જનહાર બ્રહ્માજી ને "હું ભગવાન" એવો મદ અભિમાન આવતા એણે પ્રથમ ગોપ બાળકો નું અપહરણ કરીને એ બધાને બ્રહ્મ લોકમાં નિંદ્રાધીન કર્યા હતા એ બાદ ગાયો નું અપહરણ કરીને એને પણ બ્રહ્મ લોક માં નિંદ્રા ધીન કરી દીધી હતી. જ્યારે ભગવાન શ્રી કૃષ્ણ વટ વૃક્ષ માં આવ્યા ત્યારે ગાયો અને ગોપ સખા ઓને ગુમ થયેલ જોતા સમજી ગયા કે નક્કી મૂર્ખ અહંકારી મોહાંધ બ્રહ્મા ની કરતુત લાગે છે. બ્રહ્માજી ની કરતુત ના લીધે ભગવાન શ્રી કૃષ્ણ એ એક વર્ષ સુધી ગોપ બાળકો અને ગાયો એટલે ગોપાલકો ના બાળકો અને ગાયો ના વાછરડા નું રૂપ ધારણ કરીને વ્રજ માં લીલા કરી હતી.આ કારણોસર ભગવાન શ્રી કૃષ્ણ નું નામ "ગોપાલ" પડ્યું હતું. વર્ષ પૂર્ણ થતા બ્રહ્માજી એ ધરા પર સ્થિત નાનકડા વ્રજ તરફ નજર કરી ત્યારે ભગવાન શ્રી કૃષ્ણ ને ગોપ સખા સાથે ગાયો ચરાવતા દીઠા. બ્રહ્માજી ને ફાળ પડતા એણે બ્રહ્મ લોક માં જોયું તો ત્યાં એણે અપહરણ કરેલ ગાયો અને ગોપ સખાઓ નિંદ્રાધીન હતા.બ્રહ્માજી ને આશ્ચર્ય થતા એણે ધ્યાન માં બેસી ને જોયું તો વ્રજ ની ભૂમિ પર એને ગાયો,ગોપસખાઓ અને એની વસ્તુઓમાં બધેજ "શ્રી કૃષ્ણ..કૃષ્ણ.. કૃષ્ણ.." દેખાયા. બ્રહ્માજી ને અહંકાર માં પોતે કરેલ ભૂલ બદલ ખૂબ પસ્તાવો થતા ધરતી પર આવી ને ભગવાન ના ચરણો માં પડી માફી માંગી ને સ્તુતિ કરી હતી. બ્રહ્માજી એ અહંકાર અને મોહ માં આવીને ભગવાન શ્રી કૃષ્ણ ની કસોટી કરી ત્યારે એનું ધ્યેય "હું મોટો" સાબિત કરવાનું હતું. ધર્મ કહે છે કે સર્જનહાર કરતા પ્રાણ પૂરનાર જ ભગવાન કહેવાય છે. નદી અને સાગરના ઘુઘવાટા માં આવતા અવાજ એ એનો આત્મા કે પ્રાણ છે. આ કથા નું તાત્પર્ય એ છે કે ગુરુ અને માતા પિતા થી અહંકાર અને મોહ મોટો નથી. મોહ નુ મરવું અને અહંકાર બળવું એક ના એક દિવસ તો નક્કી જ છે.જે અંધારા માં પણ રોશની વગર સાચો રસ્તો ચીંધાડી શકે એવા નિરહંકારી અને નિર્મોહી ગુરુ નો આશ્રય લઈને સંસારી એ જીવન જીવવું જોઈએ. એકાદશી ના વ્રત નિમિતે સર્વે વૈષ્ણવો એ ઠાકોરજી ની ઈચ્છા ને આધિન દંભ,અહંકાર અને જૂઠ નો પૂર્ણ પણે ત્યાગ કરવો જોઈએ. કેમકે ઠાકોરજી ને એના ભક્તો અત્યંત પ્રિય હોય છે પણ ભક્ત ની અંદર રહેલ આ ત્રણેય સ્વભાવ બિલકુલ પસંદ નથી. "જય શ્રી કૃષ્ણ" મારા શ્રી કૃષ્ણ નો તમારા માં સદાય વિજય થાઓ.

વર્ષ 2026માં પણ મહિલાઓના શરીરને લઈને બનેલી જૂની માનસિકતા સંપૂર્ણપણે સમાપ્ત થઈ નથી. ખાસ કરીને ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં અભિનેત્રીઓ પાસેથી માતા બન્યા પછી પણ પહેલાના જેવી બોડી અને ગ્લેમરસ લુકની અપેક્ષા રાખવામાં આવે છે. કેટરીના કૈફના તાજેતરના મામલાએ ફરી એકવાર આ મુદ્દાને ચર્ચામાં લાવી દીધો છે. કેટરીના કૈફ અને વિકી કૌશલના પ્રથમ સંતાન એટલે કે પુત્ર વિહાનનો જન્મ 7 નવેમ્બર 2025ના રોજ થયો હતો. કેટરીના હવે 40 વર્ષની ઉંમર પાર કરી ચૂકી છે અને લાંબા સમયથી પોતાની ફિટનેસ માટે જાણીતી છે. ડાયટ અને ફિટનેસને લઈને તેમની સતર્કતાને કારણે તેમની એક ખાસ ફિટનેસ ઈમેજ બની છે. જોકે, માતા બન્યા પછી તેમના શરીરમાં આવેલા ફેરફારોને લઈને સોશિયલ મીડિયા પર તેમને ટ્રોલિંગનો સામનો કરવો પડ્યો.

# મા બન્યા પછી પહેલા જેવી બોડીની અપેક્ષા શા માટે...?

## માત્ર કેટરિના કૈફ જ નહીં, ઐશ્વર્યા રાય, કરીના કપૂર સહિત અનેક અભિનેત્રીઓ પણ ટ્રોલ થઈ





(એજન્સી) મુંબઈ | તા.20

પ્રથમ બાળકના જન્મ પછી કેટરીના લાંબા સમય સુધી લાઈમલાઈટથી દૂર રહી હતી. આ વર્ષે ઑગસ્ટના અંતમાં તે પહેલીવાર પતિ વિકી કૌશલ સાથે ફિલ્મમેકર કુકૂ કોહલીના અંતિમ સંસ્કારમાં જોવા મળી હતી. 26 ઑગસ્ટ 2026ના રોજ સામે આવેલા વીડિયો અને તસવીરો બાદ સોશિયલ મીડિયા પર કેટરીનાના પ્રસૂતિ બાદના લુકને લઈને કમેન્ટ્સ શરૂ થઈ ગયા. કેટલાક યુઝર્સે તેમના વધેલા વજન અને ચહેરા પર આવેલા ફેરફારોને લઈને કમેન્ટ્સ કરી.

આ પછી ગણેશ ચતુર્થીના અવસરે જ્યારે કેટરીના મુંબઈમાં જોવા મળી, ત્યારે સોશિયલ મીડિયા પર તેમની તસવીરો અને વીડિયોને લઈને ટ્રોલિંગ વધુ વધી ગયું. તેમની જૂની તસવીરો સાથે નવી તસવીરોની સરખામણી કરવામાં આવી.

આ સમગ્ર મામલે સોશિયલ મીડિયા પર બે પ્રકારની પ્રતિક્રિયાઓ જોવા મળી. એક તરફ કેટલાક લોકો કેટરીનાના વજન અને લુક પર ટિપ્પણી કરી રહ્યા હતા, જ્યારે બીજી તરફ ચાહકો, મહિલાઓ, ક્રિએટર્સ અને ઈન્ડસ્ટ્રી સાથે જોડાયેલા લોકોએ આવી બોડી શેમિંગનો વિરોધ કર્યો.

આ ચર્ચા દરમિયાન એ સવાલ પણ ઉઠ્યો કે માતા બન્યા પછી કોઈ મહિલાએ કેટલા ઓછા સમયમાં પહેલાં જેવી બોડીમાં પાછા ફરવાની અપેક્ષા રાખવી જોઈએ. પ્રેગ્નન્સી અને ડિલિવરી પછી શરીરમાં અનેક પ્રકારના ફેરફારો થાય છે અને દરેક મહિલા માટે રિકવરીનો સમય અલગ હોઈ શકે છે.

### અભિનેત્રીઓ માટે 'બાઉન્સ બેક'નું દબાણ

અભિનેત્રીઓ માટે આ દબાણ નવું નથી. ઘણી અભિનેત્રીઓ માતા બન્યા પછી પોતાના વજન, શરીર અને દેખાવને લઈને જાહેર ટીકાનો સામનો કરી ચૂકી છે.

કેટરીનાના કિસ્સાએ ફરી એક વાર ઐશ્વર્યા રાય, કરીના કપૂર ખાન અને બિપાશા બસુ જેવી અભિનેત્રીઓના અનુભવોની યાદ અપાવી. આ તમામને માતા બન્યા પછી પોતાના શરીરમાં આવેલા બદલાવોને લઈને જાહેર ટિપ્પણીઓનો સામનો કરવો પડ્યો છે.

અભિનેત્રીઓ પાસેથી ઘણી વાર અપેક્ષા રાખવામાં આવે છે કે તેઓ ગર્ભાવસ્થા પછી ખૂબ ઓછા સમયમાં પોતાના જૂના ફિગરમાં પાછી ફરી જાય.

### ઐશ્વર્યા રાય: પુત્રીના જન્મ પછી વજનને લઈને થઈ હતી ટ્રોલ

ઐશ્વર્યા રાય બચ્ચનને દુનિયાની સૌથી સુંદર મહિલાઓમાં ગણવામાં આવે છે. ભૂતપૂર્વ મિસ વર્લ્ડ હોવાને કારણે તેમની સુંદરતા વિશે હંમેશાં ઘણી ચર્ચા રહી છે, પરંતુ માતા બન્યા પછી આ જ જાહેર છબી તેમના માટે ટીકાનું કારણ પણ બની.

ઐશ્વર્યા રાયે નવેમ્બર 2011માં દીકરી આરાધ્યાને જન્મ આપ્યો હતો. દીકરીના જન્મના લગભગ સાત મહિના બાદ ઐશ્વર્યા રાય બચ્ચનની એક તસવીર સામે આવી હતી. તસવીરમાં તેમનું વજન વધેલું દેખાઈ રહ્યું હતું. ત્યારબાદ સોશિયલ મીડિયા પર તેમને જોરદાર ટ્રોલ કરવામાં આવ્યાં હતાં.

### કરીનાએ વજન ઘટાડવાના દબાણ વિશે વાત કરી હતી

કરીના કપૂર ખાન પણ લાંબા સમયથી પોતાની ફિટનેસ અને ગ્લેમરસ ઈમેજ માટે જાણીતી છે. તેમણે ડિસેમ્બર 2016માં પોતાના પ્રથમ પુત્ર તૈમુરને જન્મ આપ્યો હતો.

પ્રેગ્નન્સી દરમિયાન કરીનાનું આશરે 18 કિલોગ્રામ એટલે કે લગભગ 40 પાઉન્ડ વજન વધ્યું હતું. બાળકના જન્મ પછી તેમના પગ, જાંઘો અને શરીરના અન્ય ભાગોને લઈને સોશિયલ મીડિયા પર ટિપ્પણીઓ કરવામાં આવી હતી.

કરીનાએ 2021માં પોતાના બીજા પુત્ર જેહને જન્મ આપ્યો હતો. તેના લગભગ સાત મહિના બાદ તે લૅક્મે ફૅશન વીકમાં રૅમ્પ પર ચાલી હતી. રૅમ્પ પર તેના પરત ફરવા દરમિયાન પણ તેના પ્રસૂતિ બાદના વજનને લઈને ચર્ચા થઈ હતી. ફરી એકવાર લોકોનું ધ્યાન તેના કામ અને પરત ફરવા કરતાં તેના શરીર પર વધુ ગયું હતું.

વર્ષ 2025માં ન્યુટ્રિશનિસ્ટ ઋજુતા દિવેકરની પુસ્તકના લોન્ચ દરમિયાન કરીનાએ વજન ઘટાડવા અંગે બનેલા દબાણ વિશે વાત કરી હતી.

તેમણે કહ્યું હતું, 'જેહના જન્મ પછી, એક એવો પળ આવ્યો હતો જ્યારે મને અચાનક લાગ્યું- 'ઓહ માય ગોડ, હવે મારે ફરીથી આ આખી પ્રક્રિયામાંથી પસાર થવું પડશે અને વજન ઘટાડવું પડશે.'

પરંતુ દબાણની એ લાગણી માત્ર એક સેકન્ડના નાનકડા અંશ જેટલા સમય માટે જ આવી હતી. તરત જ મને અહેસાસ થયો કે હું હજુ પણ અદ્ભુત દેખાઈ રહી છું. મારું વજન 25 કિલો વધી ગયું હતું, જેને છુપાવવાની કોઈ જરૂર નથી.

# ટીવી સ્ટાર તારાએ બોલિવૂડમાં ચમકવા ઘણા પાપડ વણ્યા

(એજન્સી) મુંબઈ | તા.20

બોલિવૂડમાં ઓળખ બનાવવાનું સપનું લઈને આવનાર દરેક કલાકારની સફર એકસરખી હોતી નથી. કેટલાકને ફિલ્મી પરિવારનો સહારો મળે છે, તો કેટલાક પોતાની પ્રતિભા અને મહેનતના બળે ઈન્ડસ્ટ્રીમાં સ્થાન બનાવવાનો પ્રયાસ કરે છે. એક્ટ્રેસ તારા સુતારિયાની સફર પણ આવી જ છે. એક્ટિંગની સાથે સંગીત અને સિંગિંગમાં રસ ધરાવતી તારાએ ટેલિવિઝનથી શરૂઆત કરી અને 2019માં કરણ જોહરની ફિલ્મ 'સ્ટુડન્ટ ઑફ ધ યર 2'થી મોટા પડદા પર પગ મૂક્યો.

તારાની ફિલ્મી સફર અનેક અનુભવોમાંથી પસાર થઈ ચૂકી છે. તેણે રોમેન્ટિક અને ઍક્શન ફિલ્મોમાં કામ કર્યું અને 'અપૂર્વા' જેવી સર્વાઈવલ થ્રિલરમાં મુખ્ય ભૂમિકા ભજવી. આ દરમિયાન તેને ફિલ્મોમાંથી રિપ્લેસ કરવામાં આવી અને ઈન્ડસ્ટ્રીમાં આઉટસાઈડર હોવાના પડકારોનો સામનો કરવો પડ્યો.

તારા સુતારિયાનો જન્મ 19 નવેમ્બર 1995ના રોજ મુંબઈમાં થયો હતો. તેને બાળપણથી જ સંગીત અને પરફોર્મિંગ આર્ટ્સમાં રસ હતો. તેણે નાની ઉંમરે જ સિંગિંગની તાલીમ શરૂ કરી દીધી હતી. સંગીત ઉપરાંત તેને ડાન્સ અને પરફોર્મ કરવાનો પણ અનુભવ રહ્યો છે. તે લગભગ 15 વર્ષની ઉંમરથી મંચ પર પરફોર્મ કરી રહી છે. તારા હંમેશાં સિંગર અને પરફોર્મર બનવા માગતી હતી. બોલિવૂડમાં એક્ટિંગની તક મળ્યા બાદ પણ સંગીત તેના માટે મહત્વપૂર્ણ રહ્યું.

તારાએ મ્યુઝિકલ થિયેટરમાં પણ કામ કર્યું છે. તે રેલ પદમસીના પ્રોડક્શન 'ગ્રીસ' અને અશ્વિન ગિડવાનીના 'બ્લેમ ઈટ ઑન યશરાજ' જેવા મ્યુઝિકલ પ્રોજેક્ટ્સ સાથે જોડાયેલી રહી છે. આ અનુભવથી તેને મંચ પર આત્મવિશ્વાસ અને દર્શકો સામે રજૂઆત કરવાની તક મળી. ફિલ્મોમાં આવતાં પહેલાં તારા સુતારિયા ટેલિવિઝન પર કામ કરી ચૂકી હતી.

તેણે ડિઝની ચેનલના શો 'ધ સૂટ લાઈફ ઑફ કરણ એન્ડ કબીર' અને 'ઓએ જસ્સી'માં અભિનય કર્યો હતો. આ ઉપરાંત તેણે 'બિગ બડા બૂમ'થી સિંગર અને પરફોર્મર તરીકે ટેલિવિઝન કારકિર્દીની શરૂઆત કરી હતી. તે 'એન્ટરટેઈનમેન્ટ કે લિયે કુછ ભી કરેગા' અને 'બેસ્ટ ઑફ લક નિક્કી' જેવા ટીવી શોમાં પણ જોવા મળી હતી.

**'સ્ટુડન્ટ ઑફ ધ યર 2'થી બોલિવૂડ ડેબ્યૂ:** વર્ષ 2019 તારા સુતારિયાની કારકિર્દી માટે મહત્વપૂર્ણ રહ્યું. આ જ વર્ષે તેણે પુનીત મલ્હોત્રાના ડિરેક્શનમાં બનેલી ફિલ્મ 'સ્ટુડન્ટ ઓફ ધ યર 2'થી બોલિવૂડમાં ડેબ્યૂ કર્યું. ફિલ્મમાં તેની સાથે ટાઈગર શ્રોફ અને અનન્યા પાંડે મુખ્ય ભૂમિકામાં હતાં.

તારાએ ફિલ્મમાં મિયા ચાવલાનું પાત્ર ભજવ્યું. આ કૉલેજ લાઈફ, મિત્રતા, પ્રેમ અને સ્પર્ધા પર આધારિત વાર્તા હતી. ફિલ્મને સમીક્ષકો તરફથી મિશ્ર પ્રતિસાદ મળ્યો, પરંતુ તારા માટે આ મોટા પડદા પર શરૂઆત કરવાની તક હતી.

તારાએ પોતાની ડેબ્યૂ ફિલ્મના પ્રદર્શન વિશે કહ્યું હતું કે, ફિલ્મને લઈને લોકોના અભિપ્રાયો અલગ હોઈ શકે છે, પરંતુ તેના અનુસાર ફિલ્મે કમાણી કરી હતી અને તે તેને નિષ્ફળ માનતી નહોતી. તારાએ જણાવ્યું હતું કે, 'સ્ટુડન્ટ ઑફ ધ યર 2'ના શૂટિંગ દરમિયાન તેને બીજી ફિલ્મોની ઑફર મળવા લાગી હતી. તેમાં 'કબીર સિંહ' અને 'મરજાવાં' જેવી ફિલ્મો સામેલ હતી. તેનું ડેબ્યૂ એવા સમયે થયું હતું, જ્યારે તે એક્ટિંગ સાથે સિંગિંગ અને સ્ટેજ અનુભવને પણ આગળ વધારવા માગતી હતી.





# 'બિગ બોસ'ના સેટ પર ઢળી પડ્યા સલમાન ખાન...!

## ભાઈજાનને છાતીમાં અસહ્ય દુખાવો થયો, તબિયત પર સવાલો ઉઠ્યા તો અડધી રાતે જણાવી હકીકત

(એજન્સી) મુંબઈ | તા.20

ટીવી શો 'બિગ બોસ 20'ના 'વીકએન્ડ કા વાર'નો એક પ્રોમો સામે આવ્યા બાદ સલમાન ખાનની તબિયતને લઈને સવાલો ઊઠવા લાગ્યા. પ્રોમોમાં સલમાન છાતી પકડીને દુઃખાવામાં બેઠેલા જોવા મળ્યા. આ જોઈને દર્શકોને લાગ્યું કે કદાચ તેમની તબિયત ખરાબ થઈ ગઈ છે.

જોકે, મોડી રાત્રે સલમાને સોશિયલ મીડિયા પર સ્પષ્ટતા કરી. તેમણે કહ્યું કે તેમની તબિયત બિલકુલ સારી છે અને પ્રોમોને ખોટી રીતે એડિટ કરવામાં આવ્યો હતો.

સલમાન ખાને કહ્યું, 'ભગવાનની કૃપાથી મારી તબિયત બિલકુલ સારી છે. બિગ બોસના પ્રોમોને જે રીતે એડિટ કરવામાં આવ્યો, તેને તે રીતે કાપવો ન જોઈએ હતો. તેનાથી સમગ્ર સીનનો ઉદ્દેશ જ બદલાઈ ગયો અને એવું લાગી રહ્યું છે કે હું પણ એ જ કરી રહ્યો છું, જે કાજીએ ઘરમાં કર્યું હતું.'

તેમણે આગળ લખ્યું, 'છાતીમાં દુખાવાવાળો એક્ટ માત્ર કાજીને એ સમજાવવા માટે હતો કે તેણે જે કર્યું તે ખોટું હતું. તેણે મનોરંજન માટે પોતાની તબિયતનો ઉપયોગ કર્યો, ખાસ કરીને ત્યારે જ્યારે ઘરના 15 લોકોને ખબર નહોતી કે તે અભિનય કરી રહ્યો છે અને તેઓ તેની તબિયતને લઈને પરેશાન થઈ રહ્યા હતા.

પ્રોમોને જે રીતે એડિટ કરવામાં આવ્યો, તેના માટે માફ કરશો. કદાચ શોને પ્રમોટ કરવાની આ જ રીત છે. હું તેમની તરફથી માફી માંગુ છું.'

જોકે, શોમાં કાજીએ એક ટાસ્ક બાદ પોતાની તબિયત ખરાબ હોવાનો ઢોંગ કર્યો હતો. તેણે દવાઓની માંગણી કરી, જેના કારણે ઘરના બાકીના સ્પર્ધકો તેની તબિયતને લઈને ચિંતિત થઈ ગયા. બાદમાં મેડિકલ રૂમમાં કાજીએ ડૉક્ટરને જણાવ્યું કે તેને વાસ્તવમાં કંઈ થયું નહોતું. તેણે સ્વીકાર્યું કે તે ગેમના ભાગરૂપે આવું કરી રહ્યો હતો.

ગઈકાલના 'વીકએન્ડ કા વાર' એપિસોડમાં સલમાન ખાને સોશિયલ મીડિયા ટ્રોલિંગ વિશે પણ વાત કરી. તેમણે બોડી-શેમિંગ અને એજ-શેમિંગને લઈને નારાજગી વ્યક્ત કરી. સલમાને કહ્યું કે સોશિયલ મીડિયા હવે એક મોટો વ્યવસાય બની ગયો છે. ગેમિંગ, કન્ટેન્ટ ક્રિએશન, વીડિયો એડિટિંગ અને અન્ય કામોથી લોકો રોજગાર અને ઓળખ બનાવી રહ્યા છે.

જોકે, તેમણે સોશિયલ મીડિયાના બીજા પાસા એટલે કે ટ્રોલિંગ પર સવાલ ઉઠાવ્યો. સલમાને પૂછ્યું કે કોઈ અન્ય વ્યક્તિનું અપમાન કરીને પૈસા કમાવવાની જરૂર શા માટે પડે છે.

તેમણે કહ્યું કે લોકો કોઈના શરીર, વજન, દેખાવ, પરિવાર, સ્મિત અને ઉંમર સુધી પર ટિપ્પણી કરે છે. અહીં સુધી કે કોઈ મહિલા માતા બન્યા પછી તેના શરીરમાં થયેલા ફેરફારોને લઈને પણ ટ્રોલિંગ કરવામાં આવે છે.

# રણવીર-દીપિકાના ઘરે ફરી ગૂંજી કિલકારી: 40 વર્ષની વયે એક્ટ્રેસ બીજી વાર બની માતા, દીકરીને જન્મ આપ્યો

(એજન્સી) મુંબઈ | તા.20

દીપિકા પાદુકોણ અને રણવીર સિંહ શનિવારે બીજી વાર માતા-પિતા બન્યા છે. દીપિકાએ બીજી વાર દીકરીને જન્મ આપ્યો છે. કપલે ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં નવજાત બાળકીના પગનાં નિશાન શેર કર્યા છે. સારા સમાચાર શેર કરતાં તેમણે પોસ્ટમાં ઈવિલ આઈ (નજર)નું ઈમોજી પણ મૂક્યું છે.

કપલે 19 એપ્રિલે બીજી વાર માતા-પિતા બનવાની જાહેરાત કરી હતી. દીપિકા અને રણવીરના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર તેમની દીકરી દુઆની એક તસવીર શેર કરવામાં આવી હતી, જેમાં દીકરીએ પ્રેગ્નન્સી ટેસ્ટ કિટ પકડી હતી, જે પોઝિટિવ પરિણામ દર્શાવી રહી હતી.

તસવીરમાં રણવીર પુત્રીને ખોળામાં લઈને બેઠા છે. જોકે, તેમનો ચહેરો દેખાઈ રહ્યો નહોતો. બીજી તરફ, તસવીરમાં દુઆનો અડધો ચહેરો નજર આવી રહ્યો હતો.

જણાવી દઈએ કે દીપિકા અને રણવીરે 8 સપ્ટેમ્બર 2024ના રોજ તેમની પુત્રી દુઆના જન્મની જાણકારી આપી હતી. તે સમયે તેમણે લખ્યું હતું, 'વેલકમ બેબી ગર્લ. 8 સપ્ટેમ્બર 2024. દીપિકા અને રણવીર.'

આ પહેલાં ફેબ્રુઆરી 2024માં દીપિકાએ પોતાની પ્રેગ્નન્સીની જાહેરાત કરી હતી. બંનેની લવ સ્ટોરી 2013માં ફિલ્મ 'ગોલિયોં કી રાસલીલા રામ-લીલા'ના સેટ પરથી શરૂ થઈ હતી. ઘણા વર્ષો સુધી સંબંધમાં રહ્યા બાદ બંનેએ 2018માં ઈટાલીમાં લગ્ન કર્યા હતા.

કપલના વર્કફ્રન્ટની વાત કરીએ તો દીપિકા ફિલ્મ 'કિંગ'માં શાહરુખ ખાન સાથે જોવા મળશે. ફિલ્મ 24 ડિસેમ્બર 2026ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે.

બીજી તરફ, રણવીરની છેલ્લી 2 ફિલ્મો 'ધુરંધર' અને 'ધુરંધર 2' છે.



બંને ફિલ્મો બોક્સ ઓફિસ પર સુપરહિટ સાબિત થઈ હતી. 'ધુરંધર'ના પહેલા ભાગે દુનિયાભરમાં 1307 કરોડ રૂપિયાનો બિઝનેસ કર્યો હતો, જ્યારે તેની સિક્વલને પણ દર્શકો તરફથી શાનદાર પ્રતિસાદ મળ્યો. ધુરંધર 2એ બોક્સ ઓફિસ પર શાનદાર કમાણી કરતાં ભારતમાં બીજી સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મ બનવાનો રેકોર્ડ બનાવ્યો.

સેકનિલ્ક મુજબ, ફિલ્મે ભારતમાં આશરે 1149 કરોડનું નેટ કલેક્શન અને દુનિયાભરમાં લગભગ 1813 કરોડનું ગ્રોસ કલેક્શન કર્યું. ગ્રોસ કલેક્શન એટલે ટિકિટમાંથી થયેલી કુલ કમાણી અને નેટ કલેક્શન એટલે કર બાદની કમાણી.

# ઝુબીન ગર્ગના નિધનને એક વર્ષ

## પત્ની ગરિમાએ કહ્યું- તેઓ દરેક જગ્યાએ દેખાય છે, સિંગાપુરમાં શું થયું તેનો જવાબ જોઈએ...

(એજન્સી) મુંબઈ | તા.20

આસામના જાણીતા ગાયક જુબીન ગર્ગની પહેલી પુણ્યતિથિ પર તેમની પત્ની ગરિમાએ ન્યાયની માંગ કરી છે. જાણીતા ગાયક જુબીન ગર્ગનું 19 સપ્ટેમ્બર 2025ના રોજ સિંગાપોરમાં નિધન થયું હતું. તેઓ એક કૉન્સર્ટ માટે ત્યાં ગયા હતા. તેમના મૃત્યુ બાદ 7 લોકોને તપાસના દાયરામાં લેવામાં આવ્યા છે. તેમની પહેલી પુણ્યતિથિ પર ઘણા ચાહકો તેમના ઘરે પહોંચી રહ્યા છે. આ અંગે તેમની પત્નીએ કહ્યું છે કે પરિવાર અને આસામના લોકો હજુ પણ એ જવાબની રાહ જોઈ રહ્યા છે કે આખરે તેમનું મૃત્યુ કેવી રીતે થયું.

ગરિમાએ એનડીટીવી સાથેની વાતચીતમાં કહ્યું, "અમે જાણવા માંગીએ છીએ કે 19 સપ્ટેમ્બર 2025ના રોજ સિંગાપોરમાં ખરેખર શું થયું હતું. હું તેમને દરેક જગ્યાએ જોઉં છું. જે રીતે લોકો અહીં આવ્યા છે, તેઓ કોઈની જાતિ, ધર્મ કે વિચારધારા જોઈ રહ્યા નથી. તેઓ માનવી બનીને આવ્યા છે."

આસામ સરકારે સિંગાપોરમાં તેમના મૃત્યુના કારણો અને પરિસ્થિતિઓની તપાસ માટે પ્રક્રિયા શરૂ કરી હતી. કેસ કોર્ટમાં આગળ વધી રહ્યો છે. આસામ સરકારે જણાવ્યું છે કે તપાસનો હેતુ ઝુબીનના સિંગાપોરમાં થયેલા મૃત્યુ સાથે જોડાયેલી પરિસ્થિતિઓ અને તથ્યો જાણવાનો છે. ન્યાયની માંગ અંગે ગરિમાએ કહ્યું, "અમે બધા ઝુબીન ગર્ગ માટે ન્યાય ઈચ્છીએ છીએ. અમે જાણવા માગીએ છીએ કે 19 સપ્ટેમ્બર 2025ના રોજ સિંગાપોરમાં ખરેખર શું થયું હતું. અમે હજુ પણ તે જવાબની રાહ જોઈ રહ્યા છીએ. અમને ન્યાય મળવો જોઈએ. જો ઝુબીન માટે ન્યાય નથી, તો પછી કોના માટે છે?"

તંત્રીની કલમે...

વિક્રમ સંવત 2082, ભાદરવા સુદ - 10

# ઈડીના અધિકારીઓ દ્વારા કરોડો રૂપિયાની ખંડણી વસૂલવાની ઘટના

નવીદિલ્હી : એક જમાનામાં જેમ ઈન્કમટેક્સ વિભાગ કે સીબીઆઈનો ઉપયોગ વિરોધીઓને ડરાવવા માટે થતો હતો, એમ આજકાલ રાજકીય વિરોધીઓને ટાર્ગેટ કરવા માટે ઈડીનો ઉપયોગ થાય છે. ઈડી વિશેની વાતો સંભળીને સામાન્ય માણસ પણ ઈડીના નામથી ફફડે છે. આ ડરનો ઉપયોગ ઈડીના કેટલાક અધિકારીઓ પણ બેફામ બનીને કરતા રહે છે. જોકે ક્યારેક ઈડીના અધિકારીઓનો પગ કુંડાળામાં પડી જાય ત્યારે જોવા જેવી થાય છે. મુંબઈ પોલીસે ઈડીના બે અધિકારીઓ વિરુદ્ધ કેસ દાખલ કર્યો છે. ઈડીના આ અધિકારીઓએ એક વેપારીને મનીલોન્ડરીંગની તપાસ કરીને ફીટ કરવા ધમકી આપી હતી. એમની પાસે ૨.૭૫ કરોડ રૂપિયાની વસૂલી પણ કરવામાં આવી હતી. આ બંને અધિકારીઓ ઈડીની જયપુર ઓફિસમાં ફરજ બજાવતા હતા. આસિસ્ટન્ટ ડાયરેક્ટર મોહિત ગર્ગ અને એનફોર્સમેન્ટ ઓફિસર દેવેન્દ્ર કુમાર ગુપ્તા સામે બીજી પણ ફરિયાદ થવાની શક્યતા છે.
પશ્ચિમ બંગાળમા પૂર્વ મીદનાપુર જિલ્લાના નંદીગ્રામ વિધાનસભા મતક્ષેત્રમાં પેટા ચૂંટણી થઈ રહી છે. ચૂંટણી પહેલા કોંગ્રેસના ઉમેદવારને જીતાડવા માટે ટીએમસીના ઉમેદવાર હટી ગયા હતા. હવે કોંગ્રેસના ઉમેદવાર મિલન પ્રધાનની ધરપકડ કરવામાં આવી છે. આ મામલે લોકસભામાં વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધી અને તૃણમુલ કોંગ્રેસના બળવાખોર જૂથનું નેતૃત્વ કરતા ઋતબ્રત બેનર્જી વચ્ચે સોશ્યલ મીડિયા પર જંગ છેડાઈ ગયો છે. મમતા બેનર્જીના નેતૃત્વવાળી તૃણમુલ કોંગ્રેસના ભૂતપૂર્વ ઉમેદવાર સંચીતા દે પ્રધાન પહેલા નંદીગ્રામ પેટા ચૂંટણીમાં ઉમેદવાર હતા. નવાઈની વાત એ છે કે, સંચીતા દે પ્રધાનએ નામાંકન પાછુ ખેંચ્યા પછી કોંગ્રેસના ઉમેદવારની ધરપકડ કરવામાં આવી છે. રાહુલ ગાંધીએ આ બાબતે પ્રધાનની ધરપકડને રાજકીય બદલો અને લોકશાહીની હત્યા ગણાવી હતી. એની સામે ઋતબ્રતએ પલટવાર કરીને કહ્યું હતું કે, કાયદો કાયદાનું કામ કરી રહ્યો છે.
કોંગ્રેસમાં પરત ફરવાની અટકળો વચ્ચે અદિતી સિંહ યોગીને મળ્યા
રાય બરેલી સદરથી ભાજપના ધારાસભ્ય અદિતી સિંહ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથને મળ્યા હતા. આમ તો ચૂંટાયેલા ધારાસભ્ય મુખ્યમંત્રીને મળે એ બહુ નવાઈ લાગવા જેવી વાત નથી, પરંતુ અદિતી સિંહ યોગી આદિત્યનાથ સાથે હસીહસીને વાત કરતા હતા એવી તસવીર જાહેર થઈ ત્યારે કેટલાકને નવાઈ લાગી હતી. કારણ એ હતું કે અદિતી સિંહ કોંગ્રેસમાં પરત ફરવાના છે એવી વાત ઘણા દિવસથી ચાલી રહી હતી. ઉત્તર પ્રદેશની વિધાનસભાની ચૂંટણી ૨૦૨૭માં છે. ઉત્તર પ્રદેશના રાજકીય વર્તુળોમાં એવી ચર્ચા હતી કે ભાજપથી નારાજ અદિતી સિંહ પક્ષ છોડીને કોંગ્રેસમાં જઈ શકે છે. ભાજપમાં અદિતી સિંહને ખાસ મહત્વ મળતું નથી. સોશ્યલ મીડિયામાં પણ આ વાત ખૂબ ચગી હતી. મુખ્યમંત્રી અને અદિતી સિંહના ફોટોગ્રાફ્સ મુખ્યમંત્રી કાર્યાલય તરફથી સોશ્યલ મીડિયા એક્સ પર મૂકવામાં આવ્યા હતા.
ન્યાયતંત્રના ઈતિહાસમાં પહેલી વખત આવુ બન્યુ છે. મધ્યપ્રદેશ હાઈકોર્ટના જસ્ટીસ અવિનીદ્ર કુમાર સિંહએ પોતાની રીટાયર્ડમેન્ટને દિવસે, મળનારી પીએફની રકમ પીએમ કેર ફંડમાં આપી દીધી છે. આ રકમ નાની નહોતી, પરંતુ ૧ કરોડ જેટલી હોવાથી ન્યાયતંત્રમાં ચર્ચા થઈ રહી છે. નિવૃત્તીના દિવસે વિદાય સમારંભમાં બોલતી વખતે જસ્ટીસ સિંહ લાગણીશીલ થઈ ગયા હતા. એમણે બે મુખ્ય નિર્ણયો જાહેર કર્યા હતા. પહેલી જાહેરાત એ હતી કે એમને પીએફ ફંડમાંથી મળનારા ૧ કરોડ રૂપિયા તેઓ પીએમ કેર ફંડમાં આપી દેશે. બીજી જાહેરાત એ હતી કે એમના પત્ની મૃત્યુ પછી અંગદાન કરશે. જસ્ટીસ સિંહે પોતાના વક્તવ્યમાં કહ્યું હતું કે એમની કારકીર્દી ૩૭ વર્ષની રહી છે. ન્યાયાધીશોના વર્તુળમાં જસ્ટીસ સિંહની ઈમેજ હકારાત્મક છે.

## કનિષ્ક ચાવડા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ,જૂનાગઢ દ્વારા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન શિષ્યવૃત્તિ જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામા આવ્યું

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ:તા.૧૮ કનિષ્ક ચાવડા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, જૂનાગઢ દ્વારા તમામ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ (Scholar ship) અંગે યોગ્ય અને સાચી માહિતી મળી રહે તે હેતુથી એક વિશેષ ઓન લાઈન વર્કશોપ - 'શિષ્યવૃત્તિ જાગૃતિ કાર્યક્રમ' (Scholarship Awareness Program) નું આયોજન કરવામાં આવ્યું છે.આ વર્કશોપનો મુખ્ય ઉદ્દેશ્ય SC, ST, OBC, EWS અને લઘુમતી (Minority) કેટેગરીના વિદ્યાર્થીઓને ગુજરાત સરકાર તથા ભારત સરકાર હેઠળ



ઉપલબ્ધ વિવિધ શિષ્યવૃત્તિ યોજનાઓ વિશે સચોટ માર્ગદર્શન આપવામા આવ્યું જેથી દરેક વિદ્યાર્થી પોતાની કેટેગરી મુજબ શ્રેષ્ઠ યોજનાનો લાભ મેળવી શકે અને અરજી સંબંધિત તમામ શંકાઓનું નિવારણ કરવામાં આવ્યું ઓનલાઈન વર્કશોપમાં આવરી લેવામાં આવનાર મુખ્ય યોજનાઓ, ડિજિટલ ગુજરાત પોર્ટલ રાજ્ય સરકાર હેઠળની વિવિધ કેટેગરી આધારિત શિષ્યવૃત્તિઓ, MYSY પોર્ટલ મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના, નેશનલ સ્કોલરશિપ પોર્ટલ (NSP) કેન્દ્ર સરકાર હેઠળની વિવિધ યોજનાઓ, મકાન અને અન્ય બાંધકામ કલ્યાણ બોર્ડ શિષ્યવૃત્તિ, પ્રવેશ મેળવ્યાના ૩ મહિનાની અંદર અરજી કરવાની પ્રક્રિયા વિશે વિગતવાર માહિતી આપવા આવી વિદ્યાર્થી મૂંઝવતા પ્રસ્નો નિરાકરણ કરવામાં આવ્યું આયોજક: ડૉ. દિનેશકુમાર રામજીભાઈ ચાવડા, પ્રેસિડેન્ટ કનિષ્ક ચાવડા એજ્યુકેશન એન્ડ ચેરિટેબલ ટ્રસ્ટ, જૂનાગઢ.

## શ્રી આંકોલવાડી કન્યા પ્રાથમિક શાળામાં નિપુણ ગુજરાત અભિયાન અંતર્ગત માતા જૂથની રચના કરવામાં આવી

નરેન્દ્ર દવે જૂનાગઢ



તાલાળા તા.૨૦. શ્રી આંકોલવાડી કન્યા પ્રાથમિક શાળામાં નિપુણ ગુજરાત અભિયાન અંતર્ગત માતા જૂથની રચના કરવામાં આવી છે. આ અંતર્ગત દર શનિવારે બપોરે 3:00 થી 5:00 કલાક દરમિયાન શાળાના ઉદયમાન બાળકોને વિવિધ શૈક્ષણિક અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ દ્વારા આનંદદાયક રીતે શીખવવાનો સુંદર પ્રયાસ કરવામાં આવે છે. બાળકોના સર્વાંગી વિકાસ અને શૈક્ષણિક પ્રગતિ માટે માતાઓ દ્વારા આપવામાં આવતું યોગદાન ખરેખર પ્રશંસનીય છે. માતા જૂથ અંતર્ગત સક્રિય કામગીરી, સહકાર અને અમૂલ્ય સમય આપવા બદલ તમામ બહેનોનો શાળાના શિક્ષકો હૃદયપૂર્વક આભાર માન્યો, બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે વાલીના સહકાર બદલ આંકોલવાડી કન્યાશાળા તેમજ આંકોલવાડી ગામ આ સરાહનીય કાર્ય ને બિરદાવે છે.

# ડાંગ જિલ્લામાં સાપુતારા તેમજ આહવાના વળાંકમાં દીપડાની લટાર.!

### ગિરિકંદરામાંથી બહાર આવી માર્ગની દીવાલો પર આરામ ફરમાવતા દીપડાના વીડિયો વાયરલ:-સનસેટ-ટેબલ પોઈન્ટ વિસ્તારમાં અંધારપટથી પ્રવાસીઓની સુરક્ષા સામે સવાલો..

ડાંગ | ગુજરાતના પ્રવાસન નકશા પર આગવુ સ્થાન ધરાવતું અને ગુજરાતની આંખોના તારા તરીકે ઓળખાતું ગિરિમથક સાપુતારા હવે વન્યજીવોની અવરજવરથી પણ ચર્ચામાં આવ્યુ છે.સાપુતારાની ગિરિકંદરાઓમાં આવેલી લીલીછમ વનરાજી અને ગીચ જંગલમાંથી દીપડાઓ બહાર વન્યજીવોની અવરજવર માટે અનુકૂળ પરિસ્થિતિ ઊભી કરી શકે છે. આવી સ્થિતિમાં રાત્રિના સમયે પગપાળા જતા પ્રવાસીઓ અથવા વાહન પાર્ક કરીને બહાર નીકળતા લોકો માટે વધારાની તકેદારી જરૂરી બની છે.દીપડો જેવા વન્યજીવને નજીકથી જોવાની તક મળતાં પ્રવાસીઓમાં વીડિયો સુવિધાઓના નામે આવક મેળવતા તંત્ર દ્વારા પ્રવાસીઓની સલામતી માટે પણ પૂરતી વ્યવસ્થા કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે. માત્ર પ્રવાસન સ્થળોને સુંદર બનાવવાથી નહીં, પરંતુ રાત્રિના સમયે પણ પ્રવાસીઓ સુરક્ષિત રીતે અવરજવર કરી શકે તેવી વ્યવસ્થા ઊભી કરવી જરૂરી છે.સાપુતારા





આવી માર્ગની સાઈડમાં આરામ ફરમાવતા હોવાના વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં પ્રવાસીઓ તથા સ્થાનિકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. સાપુતારાના સનસેટ અને ટેબલ પોઈન્ટ વિસ્તારમાં સુરક્ષા વ્યવસ્થામાં ફરજ બજાવતા યુવકોએ માર્ગની બાજુની દીવાલ પર આરામ ફરમાવતા દીપડાનો વીડિયો પોતાના મોબાઈલમાં કેદ કર્યો હતો. બાદમાં આ વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા સાપુતારામાં દીપડાની હાજરીનો મુદ્દો ફરી ચર્ચાના કેન્દ્રમાં આવ્યો છે.સાપુતારા આવતા પ્રવાસીઓ માટે સનસેટ પોઈન્ટ અને ટેબલ પોઈન્ટ સૌથી લોકપ્રિય સ્થળોમાં સામેલ છે. દિવસ દરમિયાન મોટી સંખ્યામાં પ્રવાસીઓ અહીં કુદરતી સૌંદર્ય માણવા પહોંચે છે. જોકે સૂર્યાસ્ત બાદ આ વિસ્તારોમાં પ્રવાસીઓની અવરજવર રહેતી હોવા છતાં માર્ગના કેટલાક ભાગોમાં સ્ટ્રીટ લાઈટના અભાવે અંધારપટ છવાતો હોવાની ફરિયાદો વચ્ચે દીપડાના વીડિયો સામે આવતા પ્રવાસીઓની સુરક્ષાને લઈને ચિંતા વધી છે.અંધારિયા માર્ગો અને આસપાસનો ગાઢ જંગલ વિસ્તાર ઉતારવાની ઉત્સુકતા સ્વાભાવિક છે, પરંતુ વન્યજીવની નજીક જવું કે તેને ઘેરવાનો પ્રયાસ કરવો જોખમી બની શકે છે. માર્ગ પર દીપડો નજરે પડે ત્યારે વાહનચાલકોએ વાહનમાંથી નીચે ન ઉતરવું, સલામત અંતર જાળવવું અને વન વિભાગને જાણ કરવી જરૂરી છે.હાલ વાયરલ થયેલા વીડિયોમાં દીપડો માર્ગની બાજુની દીવાલ પર આરામ કરતો જોવા મળે છે. જોકે આ ઘટનામાં કોઈ પ્રવાસી પર હુમલો થયો હોવાની માહિતી સામે આવી નથી.તેમ છતાં પ્રવાસન સ્થળે વન્યજીવની અવરજવર સામે આવતી હોય ત્યારે આગોતરી સુરક્ષા વ્યવસ્થા કરવી જરૂરી બને છે.સાપુતારા જેવા આંતરરાષ્ટ્રીય સ્તરે ઓળખ ધરાવતા પ્રવાસન સ્થળે પ્રવાસીઓની સલામતી માટે મૂળભૂત સુવિધાઓ સુદ્ઢ હોવી જરૂરી છે. ખાસ કરીને સનસેટ અને ટેબલ પોઈન્ટ જેવા પ્રવાસીઓથી ધમધમતા વિસ્તારોમાં પૂરતી સ્ટ્રીટ લાઈટ, રાત્રિ પેટ્રોલિંગ અને જરૂરી સ્થળોએ સુરક્ષા વ્યવસ્થા ઉપલબ્ધ છે કે કેમ તે અંગે પણ હવે સવાલો ઉઠી રહ્યા છે.દરરોજ પ્રવાસીઓ પાસેથી વિવિધ પ્રકારના ચાર્જ અને પ્રવાસન અને આસપાસના જંગલ વિસ્તારમાં દીપડાની અવરજવર અંગે દક્ષિણ વન વિભાગનાં શામગહાન રેંજ દ્વારા સર્વે અને મોનિટરિંગ હાથ ધરવામાં આવે તેવી માંગ ઉઠી છે.જ્યાં વારંવાર દીપડા દેખાતા હોય ત્યાં કેમેરા ટ્રેપ સહિતની વ્યવસ્થા કરીને તેમની અવરજવરનો અભ્યાસ કરવામાં આવે તો માનવ-વન્યજીવ સંઘર્ષની શક્યતા ઘટાડવામાં મદદ મળી શકે છે.સ્થાનિકો અને પ્રવાસીઓ દ્વારા વન વિભાગ સમક્ષ દીપડાઓની અવરજવર અંગે યોગ્ય કાર્યવાહી કરવા તથા જો કોઈ દીપડો માનવ વસાહત કે પ્રવાસન વિસ્તારમાં વારંવાર આવતો હોવાનું નિષ્ણાત તપાસમાં જણાય તો નિયમો મુજબ તેને સુરક્ષિત સ્થળે ખસેડવા સહિતના પગલાં ભરવાની માંગ કરવામાં આવી રહી છે.સાપુતારાની સુંદરતા માણવા આવતા પ્રવાસીઓની સુરક્ષા સાથે વન્યજીવોનું રક્ષણ પણ એટલું જ મહત્વનું છે. હવે જોવાનું એ રહે છે કે વાયરલ થયેલા વીડિયોને તંત્ર માત્ર સોશિયલ મીડિયાની ઘટના ગણીને નજરઅંદાજ કરે છે કે પછી પ્રવાસીઓની સુરક્ષા માટે આગોતરા પગલાં ભરે છે.


## Amazon.in દ્વારા એમેઝોન ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલની જાહેરાત - 8 ઓક્ટોબર, 2026થી શરૂ થશે

### ફક્ત પ્રાઈમ મેમ્બરો માટે 10% સુધી વધારાની છૂટ




બેંગ્લોર | Amazon.in દ્વારા આજે 8 ઓક્ટોબર 2026થી એમેઝોન ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ શરૂ થવાની જાહેરાત કરવામાં આવી છે. ભારતમાં તહેવારોની મોસમ આવી રહી છે, તેથી ગ્રાહકો સૌથી ઝડપી ગતિએ શ્રેષ્ઠ ભાવે વિશાળ સિલેક્શન મેળવી શકે છે. સ્માર્ટફોન, ઈલેક્ટ્રોનિક્સ, ફેશન, સૌંદર્ય, ઘર માટે જરૂરી વસ્તુઓ અને કરિયાણા સહિત તમામ લોકપ્રિય શ્રેણીઓમાં ડીલ્સ ઉપલબ્ધ છે. ગ્રાહકોને SBI ક્રેડિટ અને ડેબિટ કાર્ડ્સ અને EMI ટ્રાન્ઝેક્શન પર 10% ઈન્સ્ટન્ટ ડિસ્કાઉન્ટ અને ફક્ત પ્રાઈમ મેમ્બરો માટે 10% સુધી વધારાનું ડિસ્કાઉન્ટ પણ ઉપલબ્ધ રહેશે. આ એમેઝોન ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલમાં દરેક યુઝર માટે કંઈક ને કંઈક છે. એમેઝોન ઈન્ડિયાના VP સૌરભ શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, 'એમેઝોન ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ દેશના સૌથી મોટા શોપિંગ સેલિબ્રેશન માટે ગ્રાહકો, સેલર્સ અને બ્રાન્ડ્સને ભેગા કરીને ભારતીય તહેવારોની ભાવનાની ઉજવણી કરે છે. આ વર્ષે, સમગ્ર ભારતમાં ગ્રાહકો કરોડો પ્રોડક્ટ, બ્લોકબસ્ટર ડીલ્સ અને આકર્ષક નવા લોન્ચિંગ વર્ષના સૌથી નીચા ભાવે મેળવી શકે છે, જેમાં મિનિટો, કલાકો, ઓર્ડર આપ્યાના સમાન દિવસે અથવા બીજા દિવસે ડિલિવરી સાથે પ્રીમિયમ અને મૂલ્યવાન પ્રોડક્ટનું સૌથી મોટું સિલેક્શન મળશે. સેલર્સ દ્વારા પહેલાંથી જ આયોજિત ઉત્સાહજનક ડીલ્સની સાથે-સાથે, ગ્રાહકો આ એમેઝોન ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલમાં મોટી બચત થવાની આશા રાખી શકે છે. 'એમેઝોન ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ દ્વારા, ગ્રાહકો વિશાળ સિલેક્શનમાંથી વર્ષની સૌથી ઓછી કિંમતે શોપિંગ કરી શકે છે, જેમાં દરેક પ્રકારના ખરીદદારને લાગુ પડે તેવી બ્લોકબસ્ટર ડીલ્સ, ટોપ 100 ડીલ્સ, મેગા ડીલ્સ, 8 PM ડીલ્સ અને બીજી કેટલાય પ્રકારની ડીલ્સનો સમાવેશ થાય છે. ગ્રાહકો “બાય મોર સેવ મોર”, એક્સચેન્જ મેલા, સેમ્પલ મેનિયા અને એમેઝોન કોમ્બોઝ જેવી ઓફરો સાથે, નો કોસ્ટ EMI અને વિવિધ શ્રેણીઓમાં એક્સચેન્જ ઓફરો સાથે વધુ બચત કરી શકે છે.તહેવારોની મોસમ પહેલાં, એમેઝોન ઈન્ડિયાએ તેના સમગ્ર ભારતમાં કાર્યરત નેટવર્કમાં 160,000થી વધુ સિઝનલ કામની તકો ઉભી કરી છે, જેમાં મોટા મેટ્રો તેમજ ટિઅર 2 અને 3 શહેરો સહિત 400 શહેરોનો સમાવેશ થાય છે. ઝડપી અને વધુ ભરોસાપાત્ર ડિલિવરી પહોંચાડી શકાય તે માટે, કંપનીએ તેના અત્યાર સુધીના સૌથી મોટા ઓપરેશન નેટવર્ક વિસ્તરણની પણ જાહેરાત કરી, જેમાં 20 નવા ફુલફિલમેન્ટ સેન્ટરો, છ નવા સોર્ટિંગ સેન્ટરો અને 150 નવા છેવાડા સુધીના ડિલિવરી સ્ટેશનો ઉમેરવામાં આવ્યા છે. એમેઝોન ઈન્ડિયાના નેટવર્કમાં હવે દેશભરમાં 1.7 મિલિયનથી વધુ સેલર્સ છે ગ્રાહકોને સેવા આપવામાં મદદ કરે છે અને તેનો સેલર્સ બેઝ 20 લાખનો આંકડો ઓળંગી ગયો છે, જેમાં ગયા વર્ષે 3 લાખથી વધુ સેલર્સ જોડાયા છે.60થી વધુ શહેરોમાં લાખો ગ્રાહકો માટે ઉપલબ્ધ એમેઝોન નાઉ સુવિધા દ્વારા ગ્રાહકો હવે ગણતરીની મિનિટોમાં અતિ-ઝડપી ડિલિવરી મેળવી શકે છે, જેમાં જલંધર, તિરૂપતિ, વારંગલ, ધારવાડ, વેલ્લોર અને બહેરમપુર જેવા નોન-મેટ્રો શહેરો પણ સામેલ છે અને દિવાળી પહેલાં 100 શહેરોમાં આ સુવિધા ઉપલબ્ધ થશે. ગ્રાહકો તાજા ફળો અને શાકભાજી, ફ્રોઝન ફૂડ, પીણાં, ઘરવપરાશની આવશ્યક ચીજો, વ્યક્તિગત સંભાળ, ફેશન અને બ્યૂટી, નાના એપ્લાયન્સિસ, ઘર અને કિચન તેમજ વધુ સહિત કરિયાણામાં વિશાળ સિલેક્શન મેળવી શકે છે. તમારા પિન કોડમાં એમેઝોન નાઉ ઉપલબ્ધ છે કે નહીં તે તપાસવા માટે, તમારી એમેઝોન શોપિંગ એપ્લિકેશન પર જાઓ અને ટોચ પર 'નાઉ' બેનર શોધો.*બધી ડીલ્સ અને ઓફરો જોવા માટે, એમેઝોન ગ્રેટ ઈન્ડિયન ફેસ્ટિવલ સ્ટોરફ્રન્ટની મુલાકાત લો. અસ્વીકરણ: પ્રોડક્ટની વિગતો, વર્ણન અને કિંમત સેલર્સ દ્વારા પ્રદાન કરવામાં આવે છે. પ્રોડક્ટની કિંમતો અથવા વર્ણનમાં એમેઝોન સામેલ નથી અને સેલર્સ દ્વારા પૂરી પાડવામાં આવેલી પ્રોડક્ટની માહિતીની ચોકસાઈ માટે જવાબદાર નથી. ડીલ્સ અને ડિસ્કાઉન્ટ એમેઝોનને બાકાત રાખીને સેલર્સ અને/અથવા બ્રાન્ડ્સ દ્વારા પ્રદાન કરવામાં આવે છે. પ્રોડક્ટનાં વર્ણનો, ફીચર્સ અને ડીલ્સ સેલર્સ દ્વારા પ્રદાન કરવામાં આવે છે અને જેમ છે તેમ રજૂ કરવામાં આવે છે.


## સંખેડા તાલુકાના રાયપુર ગામે રામાપીરનો 41 મો પાટોત્સવ ખૂબ જ ભક્તિભાવ અને હર્ષોલ્લાસ સાથે ઉજવાયો



રિપોર્ટર .કમલેશ પટેલ. સંખેડા

આ પાટોત્સવ નિમિત્તે પાંચ દિવસ સુધી ભજન-કીર્તનનું આયોજન કરાયું છે. આ ઉપરાંત, બે દિવસ મહાપ્રસાદીનું પણ આયોજન રખાયું છે.બુધવાર, 23 તારીખના રોજ મહાપ્રસાદનું આયોજન થયું હતું, જેમાં મોટી સંખ્યામાં ભક્તો જોડાયા હતા. રામાપીરના દર્શન અને ભજનનો લાભ લેવા માટે આસપાસના ગામોમાંથી પણ મોટી સંખ્યામાં હરિભક્તો ઉમટી પડ્યા હતા. આના કારણે સમગ્ર રાયપુર ગામ ભક્તિમય બન્યું છે.

## “વડીલોને વંદન (VNV)” ગ્રુપની અનોખી પહેલ : વડીલોને સન્માન સાથે સમય આપવાનો સુંદર સંદેશ

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

દેશલપર(ગુંતલી) ગામે આજે વડીલ લુહાર શ્રી હાજી આદમ અબ્દુલ્લા (હાજી બાપા)ના ૭૬મા જન્મદિવસની સાદગીપૂર્ણ અને લાગણીસભર ઉજવણી કરવામાં આવી હતી. “વડીલોને વંદન (VNV)” WhatsApp ગ્રુપ દ્વારા આયોજિત આ પ્રસંગે વડીલ શ્રી હાજી આદમ અબ્દુલ્લાનું સન્માન કરી જન્મદિવસની



શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.આ પ્રસંગે ગ્રુપ દ્વારા એક સુંદર અને સમાજને પ્રેરણા આપે તેવી પહેલનો સંદેશ આપવામાં આવ્યો હતો. વડીલો સાથે થોડો સમય વિતાવવો, તેમની વાતો સાંભળવી અને તેમના જીવનના અનુભવોમાંથી શીખવું એ આજના સમયમાં ખૂબ જ જરૂરી બની રહ્યું છે.વડીલો પાસે તેમના જીવનના લાંબા અનુભવનું મોટું ભાથું હોય છે. તેમણે જોયેલા સમય, સંઘર્ષો, સંસ્કારો અને જીવનના અનુભવો નવી પેઢી માટે માર્ગદર્શક બની શકે છે. આથી વડીલોને માત્ર સન્માન આપવું જ નહીં, પરંતુ તેમની સાથે બેસીને સમય આપવો અને સંવાદ કરવો એ પણ એક પ્રકારની સેવા છે. “વડીલોને વંદન (VNV)” WhatsApp ગ્રુપની આ પહેલનો મુખ્ય ઉદ્દેશ વડીલો પ્રત્યે માન, આદર અને સન્માનની ભાવના વધારવાનો તેમજ નવી પેઢીને વડીલોના અનુભવ સાથે જોડવાનો છે.વડીલોનો આશીર્વાદ અને અનુભવ – સમાજની અમૂલ્ય વિરાસત છે.

દેશલપર–હાજીપીર રોડ પર સ્પીડ બ્રેકર (જંપ) બનાવવાની કામગીરીનું દૃશ્ય



તસવીર : જગદીશ પી દવે દેશલપર (ગુંતલી)

# સંખેડામાં બાઈક યાત્રાનું સ્વાગત







રિપોર્ટર. કમલેશ પટેલ. સંખેડા

વડનગરથી વારાણસી સુધી નીકળેલી 'સેવા સંકલ્પ' બાઈક યાત્રાનું છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તથા હાંડોદ ખાતે હર્ષોલ્લાસભેર સ્વાગત કરવામાં આવ્યું. આ યાત્રા યુવા શક્તિમાં સેવા ભાવના, રાષ્ટ્રપ્રેમ અને સમાજ પ્રત્યેની જવાબદારીનો સંદેશ આપે છે.આ યાત્રાનો મુખ્ય ઉદેશ સેવાનો સંકલ્પ, રાષ્ટ્રપ્રેમનો સંદેશ અને યુવા શક્તિનો જુસ્સો જગાડવાનો છે. આ યાત્રા સૌ માટે પ્રેરણારૂપ બની રહી છે.આ પ્રસંગે છોટાઉદેપુર જિલ્લા પ્રભારી હિમ્મતભાઈ પડશાળા, જિલ્લા પ્રમુખ ઉમેશભાઈ રાઠવા, જિલ્લા પંચાયત પ્રમુખ ઉપેન્દ્રભાઈ રાઠવા, જિલ્લા યુવા મોરચા પ્રમુખ નીરવ તડવી, ધારાસભ્ય અભેસિંહ તડવી, મલકાબેન પટેલ અને જૈમિન પટેલ હાજર રહ્યા હતા. તેમની સાથે સંખેડા તાલુકા અને જિલ્લા પંચાયતના સદસ્યશ્રીઓ, મહામંત્રીશ્રીઓ તથા મોટી સંખ્યામાં ભાજપના કાર્યકર્તાઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ યાત્રા નવા ભારતના નિર્માણ તરફ સેવા અને સંકલ્પ સાથે એક પગલું છે.

## રાજપીપલાની કન્યા વિનય મંદિર શાળામાં અનોખું ચિત્ર પ્રદર્શન



શાળા ની 950 જેટલી વિદ્યાર્થીનીઓએ વિવિધ યોજનાના ચિત્રો દોર્યા

સત્યવલંબ બારોટ | રાજપીપલા

નર્મદા જિલ્લા મથક રાજપીપલા માં આવેલ બહેનો માટેની એકમાત્ર. શાળા કન્યા વિનય મંદિર. એક અનોખું ચિત્ર પ્રદર્શન યોજાયું હતું જેમાં શાળા ની 950 જેટલી છાત્રાઓ એ સરકાર ની વિવિધ યોજના ના ચિત્રો દોરી પ્રદર્શિત કર્યા હતા. પ્રાપ્ત માહિતી મુજબ 25 કરોડ બાળકોના સપનાનું' ભારત'' અંતર્ગત'વિકસિત ભારત 2047' અને'સેવા અને સુશાસન' વિષય પર સુરજબા આર મહિડા કન્યા વિનય મંદિર રાજપીપલામાં શાળાની 950 જેટલી વિદ્યાર્થીનીઓ દ્વારા સરકારની વિવિધ યોજનાઓને માહિતગાર કરતા 950 જેટલા ચિત્રોનું ચિત્ર પ્રદર્શન યોજવામાં આવ્યું હતું અને વિદ્યાર્થીનીઓ દ્વારા પ્રદર્શન નિહાળનાર શાળાની તમામ વિદ્યાર્થીનીઓ તથા જુદા જુદા પદાધિકારીઓ શાળાના આચાર્ય , બી.આર.સી કોર્ડીનેટર તથા વાલીઓ અને શાળાના તમામ શિક્ષકો ને તેમના દ્વારા રજુ કરવામાં આવેલ ચિત્ર પ્રદર્શનની વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી . આજના આ શાળા કક્ષાના ચિત્ર પ્રદર્શન માં બહોળી સંખ્યામાં જુદા જુદા પદ અધિકારી ઓએ પ્રદર્શનને નિહાળવા અને વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહન આપવા ઉપસ્થિત રહ્યા જે બદલ શાળા પરિવાર તમામ હોદેદારોનો હૃદય પૂર્વક આભાર માન્યો હતો .

# આવકવેરાના લેણાં માટે કરદાતાઓની અટકાયત કે ધરપકડ નહીં કરી શકાય, CBDTના નવા નિયમ જાહેર

(એજન્સી) નવી દિલ્હી | તા.20

CBDT એ 17 સપ્ટેમ્બર 2026ના રોજ 'ઈનકમ-ટેક્સ (ફોર્થ એમેન્ડમેન્ટ) રૂલ્સ, 2026'નું નોટિફિકેશન બહાર પાડ્યું છે. 1લી એપ્રિલ 2026થી કરચોરી કે ડિફોલ્ટમાં કરદાતાની ધરપકડ-અટકાયતની જોગવાઈ રદ થશે. હવે ટેક્સ રિકવરી માત્ર મિલકત જપ્તી અને વેચાણ દ્વારા જ થશે. મૃત્યુના કિસ્સામાં વારસદારોને પણ રાહત મળશે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસે 17મી સપ્ટેમ્બર 2026ના રોજ 'ઈનકમ-ટેક્સ (ફોર્થ એમેન્ડમેન્ટ) રૂલ્સ, 2026'નું નોટિફિકેશન બહાર પાડી દેવામાં આવ્યું છે. જેથી કરદાતાની 'ધરપકડ અને અટકાયત'ની જોગવાઈઓ પહેલી એપ્રિલ 2026થી રદ થઈ જતાં કરચોરી કે ડિફોલ્ટના કિસ્સામાં અધિકારીઓ હવે વ્યક્તિગત અટકાયત કરી શકશે નહીં. આ નવા સુધારા હેઠળ આવકવેરા વિભાગે ટેક્સ રિકવરીના




નિયમોમાં કર્યા છે.સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સિસે ઈનકમ-ટેક્સ રૂલ્સના નિયમ નંબર 225માં સુધારો કરીને ધરપકડના નિયમો દૂર કર્યા છે. આ પગલું કેન્દ્રીય બજેટ 2026-27ની 'ટેકનિકલ ભૂલો અને નાના ગુનાઓના વિ-ગુનાઈતકરણ' - ડિક્રિમિનાલાઈઝેશનની જાહેરાત કરી દેવામાં આવી છે. પરિણામે હિસાબી ચોપડાંઓ કે પછી ટીડીએસની ચૂકવણીમાં ભૂલ જેવા ક્ષુલ્લક ગુનાઓ માટે જેલની સજા નહીં પણ માત્ર નાણાકીય દંડ જ લાગુ કરવામાં આવશે. ટેક્સ રિકવરી હવે માત્ર મિલકત જપ્તી અને વેચાણ દ્વારા જ હાથ ધરાશે.જો ટેક્સ ડિફોલ્ટર કરદાતાનું મૃત્યુ થાય, તો તેવા કિસ્સામાં પણ વસુલાત માટે કાનૂની વારસદારો સામે કોઈ પણ પ્રકારની અટકાયત કે કડક કાર્યવાહી કરી શકાશે નહીં. નવા ઈનકમ-ટેક્સ એક્ટ 2025ના માળખા હેઠળ વર્તમાન વેલ્યુઅર્સ અને અધિકૃત આવકવેરા પ્રેક્ટિશનર્સને નોંધણી પૂર્ણ કરવા માટે વધુ 6 મહિનાનો સમય આપીને આ મુદત 31મી માર્ચ 2027 સુધી લંબાવવામાં આવી છે.વેલ્યુઅર્સ માટેના ફોર્મ 169 હેઠળ અરજદારે શૈક્ષણિક લાયકાત, અનુભવ, મિલકતની શ્રેણી અને હિતોના સંઘર્ષ ન હોવાની વિગતો આપવી પડશે. જ્યારે આવકવેરા પ્રેક્ટિશનર્સ માટેના ફોર્મ 171 હેઠળ વ્યવસાયિક ગેરવર્તણૂક, નાદારી કે કોઈપણ છેતરપિંડીના ગુના અંગેની ચોક્કસ જાહેરાત કરવી ફરજિયાત બનાવવામાં આવી છે. ટીડીએસ જમા કરાવવામાં વિલંબ અથવા હિસાબી ભૂલ: એક નાના વેપારીથી ટેકનિકલ ખામી કે નાણાકીય અગવડતાને કારણે સમયસર ટીડીએસની રકમ સરકારમાં જમા કરાવી શકાઈ ન હતી અથવા હિસાબી ચોપડાં રજૂ કરવામાં વિલંબ થયો હતો. આ સ્થિતિમાં જૂના નિયમો હેઠળ આવકવેરા અધિકારીઓ કરદાતા સામે કડક કાર્યવાહી કરીને અટકાયત કે ધરપકડની પ્રક્રિયા હાથ ધરી શકતા હતા. કેન્દ્રીય બજેટ 2026-27ના 'ડિક્રિમિનાલાઈઝેશન' અને નવા રૂલ 225 મુજબ, હવે આવી ટેકનિકલ કે ક્ષુલ્લક ભૂલો માટે વેપારીની ધરપકડ કે જેલની સજા થશે નહીં. માત્ર નિયમ મુજબ વ્યાજ કે નાણાકીય દંડ ભરીને મામલો ઉકેલી શકાશે.

## LPG ગેસ બુકિંગમાં મોટો ફેરફાર, 1 ઓક્ટોબરથી લાગૂ થશે હવે નવા નિમયો

(એજન્સી) નવી દિલ્હી | તા.20

કેન્દ્ર સરકારે સબસિડીવાળા ઘરેલું એલપીજી (LPG) સિલિન્ડર અંગે એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના જણાવ્યા અનુસાર, 1 ઓક્ટોબર, 2026થી સબસિડીવાળા ઘરેલું એલપીજી રિફિલ માટે બાયોમેટ્રિક આધાર પ્રમાણીકરણ (authentication) ફરજિયાત બનશે. કુલ 27.43 કરોડ ગ્રાહકો (૮૯.૯ ટકા) પહેલેથી જ પ્રમાણીકરણ પૂર્ણ કરી ચૂક્યા છે અને તેમને હવે કોઈ વધારાની કાર્યવાહી કરવાની જરૂર નથી. પ્રમાણીકરણ ડિલિવરી સમયે, ડિસ્ટ્રીબ્યુટરના શોરૂમમાં અથવા OMC (ઓઈલ માર્કેટિંગ કંપની)ની મોબાઈલ એપ દ્વારા કરી શકાય છે.મળતી માહિતી અનુસાર સરકારે જાહેરાત કરી હતી કે 1 ઓક્ટોબરથી, સબસિડીવાળા દરે રિફિલ બુક કરાવવા માટે ઘરેલું એલપીજી ગ્રાહકોએ બાયોમેટ્રિક આધાર પ્રમાણીકરણ પૂર્ણ કરવું આવશ્યક છે. સરકારનો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે સબસિડીવાળો રસોઈ ગેસ માત્ર નિર્ધારિત પરિવારો સુધી જ પહોંચે.જે ગ્રાહકોએ પ્રમાણીકરણ પ્રક્રિયા પહેલેથી જ પૂર્ણ કરી લીધી છે.



### 1 ઓક્ટોબરથી નિયમોમાં ફેરફાર

પ્રમાણીકરણની આવશ્યકતાને કારણે, ૧ ઓક્ટોબરથી સબસિડીવાળા LPG અને બજાર કિંમતે મળતા LPG વચ્ચે સ્પષ્ટ તફાવત જોવા મળશે. સબસિડી માટે પાત્ર પરિવારોએ સબસિડીવાળી કિંમતના લાભથી વંચિત ન રહેવા માટે તેમના આગામી રિફિલનું બુકિંગ કરતા પહેલા બાયોમેટ્રિક આધાર પ્રમાણીકરણ (BAA) પૂર્ણ કરવું આવશ્યક છે.સરકાર અને ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (OMCs)નો ઉદ્દેશ્ય એ સુનિશ્ચિત કરવાનો છે કે સબસિડી નિર્ધારિત લાભાર્થીઓ સુધી પહોંચે અને તેમાં થતા બગાડ કે ગેરરીતિ (લીકેજ)ને ઘટાડી શકાય. આ હાંસલ કરવા માટે, તેઓ ખાતરી કરી રહ્યા છે કે દરેક સબસિડીવાળું કનેક્શન આધાર દ્વારા ચકાસાયેલ ગ્રાહક સાથે જોડાયેલું હોય. એલપીજી (LPG) સેવા હેલ્પલાઇન નંબર 18002333555 છે.

## News Brief

### સપ્ટેમ્બરમાં હોમ લોન કેટલી સસ્તી? તમામ બેંકના દરની સરખામણી

(એજન્સી) નવી દિલ્હી | તા.20

સપ્ટેમ્બરમાં હોમ લોનના વ્યાજ દર 7%થી શરૂ થાય છે. સરકારી અને ખાનગી બેંકો ઉપરાંત HFC પણ અલગ-અલગ દરે લોન આપી રહી છે. ગ્રાહકની પ્રોફાઈલ પ્રમાણે અંતિમ વ્યાજ દર બદલાઈ શકે છે.ઘર ખરીદવા માટે હોમ લોન લેવાનું વિચારી રહેલા લોકો માટે સપ્ટેમ્બરમાં ઘણી બેંકો અને હાઉસિંગ ફાઈનાન્સ કંપનીઓના શરૂઆતના વ્યાજ દર 7%ની આસપાસ છે. જોકે, ગ્રાહકને મળતો વાસ્તવિક વ્યાજ દર તેની પ્રોફાઈલ અને લોનની શરતો પર આધાર રાખશે. જાણો કઈ બેંક કયા વ્યાજ દરે હોમ લોન આપી રહી છે.18 સપ્ટેમ્બર 2026ના ઉપલબ્ધ આંકડા અનુસાર, બેંક ઓફ મહારાષ્ટ્ર અને સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયામાં હોમ લોનનો શરૂઆતનો વ્યાજ દર 7% છે. જ્યારે બેંક ઓફ ઈન્ડિયામાં તે 7.10% છે. ઈન્ડિયન બેંક, UCO બેંક અને યુનિયન બેંક ઓફ ઈન્ડિયામાં વ્યાજ દર 7.15%થી શરૂ થાય છે.બેંક ઓફ બરોડાનો શરૂઆતનો વ્યાજ દર 7.20% અને સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનો 7.25% છે. કેનરા બેંકમાં લોનની રકમ પ્રમાણે શરૂઆતનો વ્યાજ દર 7.15%થી 7.25% વચ્ચે છે.

ખાનગી ક્ષેત્રમાં સાઉથ ઈન્ડિયન બેંકનો શરૂઆતનો વ્યાજ દર 7.25% છે. HSBC બેંકમાં તે 7.45%, ICICI બેંકમાં 7.55%, કોટક મહિન્દ્રા બેંકમાં 7.60% અને HDFC બેંકમાં 7.75%થી શરૂ થાય છે. જ્યારે Axis બેંકનો હોમ લોન વ્યાજ દર 8%થી શરૂ થાય છે.

#### દરમાં વધારો કરાયા બાદ આવકમાં નોંધપાત્ર વૃદ્ધિ

## STTની આવક ૫૩% વધીને રૂ.૪૦,૨૧૪ કરોડ

અમદાવાદ: સરકાર દ્વારા એસટીટી દરમાં કરાયેલા વધારાને કારણે નાણાકીય વર્ષ 2026-27માં 17 સપ્ટેમ્બર સુધીમાં આવક 53% વધીને 40,214.36 કરોડ થઈ છે. ગત વર્ષે આ જ ગાળામાં 26,305.72 કરોડની આવક થઈ હતી. 1 એપ્રિલથી ફ્યુચર્સ પરનો STT 0.02%થી વધારીને 0.05% કરાયો હતો. ચાલુ નાણાકીય વર્ષમાં STT દ્વારા 73,700 કરોડની આવકનો અંદાજ છે.૧ એપ્રિલથી ફ્યુચર્સ પરનો એસટીટી ટ્રેડેડ વેલ્યુના ૦.૦૨ ટકાથી વધારીને ૦.૦૫ ટકા કરવામાં આવ્યો હતા: વર્તમાન નાણાં વર્ષમાં એસટીટી મારફત રૂપિયા ૭૩૭૦૦ કરોડની આવકનો અંદાજ, સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સ (એસટીટી) થકી થતી આવક નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માં ૧૭ સપ્ટેમ્બર સુધીમાં આશરે ૫૩ ટકા વધીને રૂ. ૪૦,૨૧૪.૩૬ કરોડે પહોંચી ગઈ છે, જે ગત વર્ષે સમાન ગાળામાં રૂ. ૨૬,૩૦૫.૭૨ કરોડ હતી. કેન્દ્રીય બજેટમાં કરવામાં આવેલી જાહેરાત બાદ એપ્રિલ મહિનાથી અમલમાં આવેલા એસટીટી દરોના વધારાને પગલે આ તીવ્ર ઉછાળો જોવા મળ્યો છે.૧ એપ્રિલથી ફ્યુચર્સ પરનો એસટીટી ટ્રેડેડ વેલ્યુના ૦.૦૨ ટકાથી વાધારીને ૦.૦૫ ટકા કરવામાં આવ્યો હતો. ઓપ્શન્સમાં, પ્રીમિયમ ટર્નઓવર પરનો ટેક્સ ૦.૧ ટકાથી વાધીને ૦.૧૫ ટકા થયો હતો, જ્યારે એક્સરસાઈઝ્ડ ઓપ્શન્સ પરનો લેવી રેટ ઈન્ટ્રિન્સિક વેલ્યુના ૦.૧૨૫ ટકાથી વધીને ૦.૧૫ ટકા થયો હતો. વર્ષ ૨૦૨૪ પછી સરકાર દ્વારા એસટીટીમાં કરવામાં આવેલો આ બીજો વધારો હતો.

નાણાકીય વર્ષ ૨૦૨૬ (ખરૂ૨૬) માં કુલ એસટીટી કલેક્શન રૂ. ૫૭,૫૨૨ કરોડ રહ્યું હતું, જે ખરૂ૨૫ માં રૂ. ૫૩,૨૯૬ કરોડ હતું. કેન્દ્રીય બજેટમાં સરકારે ૨૦૨૬-૨૭ માં એસટીટી થકી રૂ. ૭૩,૭૦૦ કરોડ એકત્રિત કરવાનો અંદાજ મૂક્યો છે.આવકમાં આવેલા આ ઉછાળાનું મુખ્ય કારણ ડેરિવેટિવ્ઝ ટ્રાન્ઝેક્શન્સ પર સરકાર દ્વારા વાધારવામાં આવેલા દરો છે. દરના આ ફેરફારનો આર્થ એ છે કે સરકાર હવે ટ્રેડ થતા દરેક કોન્ટ્રાક્ટ દીઠ નોંધપાત્ર રીતે વધુ આવક મેળવી રહી છે.સેબી દ્વારા તાજેતરમાં લાદવામાં આવેલા કડક નિયમો (જેમ કે કોન્ટ્રેક્ટ સાઈઝ મોટી કરવી અને પોઝિશન લિમિટ કડક બનાવવી) નો હેતુ રિટેલ સટ્ટાખોરીને અંકુશમાં લાવવાનો હતો, તેમ છતાં એકંદર માર્કેટ ટ્રાન્ઝેક્શન મૂલ્ય હજુ પણ ઘણું ઊંચું રહ્યું છે.સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સ જે સરકારના પ્રત્યક્ષ કર સંગ્રહ (ડાયરેક્ટ ટેક્સ કલેક્શન) નો એક ભાગ છે, તે માન્યતા પ્રાપ્ત સ્ટોક એક્સચેન્જો પર થતા ઈક્વિટી, ફ્યુચર્સ અને ઓપ્શન્સ તથા ઈક્વિટી-ઓરિએન્ટેડ મ્યુચ્યુઅલ ફંડ્સ સહિતના તમામ સિક્યોરિટીઝ સોદાઓ પર વસૂલવામાં આવે છે. આ કરમાંથી થતી આવક સામાન્ય રીતે ટ્રેડિંગ વોલ્યુમની સાથે વાધે છે, જે સેકન્ડરી માર્કેટની કામગીરી સાથે સીધી રીતે જોડાયેલ છે.એસટીટી એ ફ્યુચર્સ અને ઓપ્શન્સ બંને કોન્ટ્રેક્ટ્સના તમામ વેચાણ ટ્રાન્ઝેક્શન પર લાગુ પડતો કર છે, જેમાં પ્રત્યેક ફ્યુચર્સ ટ્રેડનું મૂલ્ય વાસ્તવિક ટ્રેડેડ પ્રાઈસ પર અને ઓપ્શન ટ્રેડનું મૂલ્ય પ્રીમિયમ પર નક્કી કરવામાં આવે છે. ઓપ્શન કોન્ટ્રેક્ટના એક્સરસાઈઝ થવાના કિસ્સામાં, જો તે ઈન-ધ-મની કોન્ટ્રેક્ટ હોય તો દિવસના સેટલમેન્ટ પ્રાઈસ પર એસટીટી વસૂલવામાં આવે છે.આ વર્ષની શરૂઆતમાં માર્ચ મહિનામાં, આવકવેરા વિભાગે સ્ટોક બ્રોકરોને નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ અને અગાઉના વર્ષો માટે ક્લાયન્ટ્સ પાસેથી એકત્રિત કરેલો એસટીટી જો સરકારી ખાતામાં જમા ન કરાયો હોય, તો વ્યાજ સહિત જમા કરાવવા જણાવ્યું હતું.છેલ્લા એક મહિના દરમિયાન, ક્લોઝિંગ ઓક્શન સેશન અને ૧૦૦ ટકા કોલેટરલ (જમાનત) ની જરૂરિયાત જેવા નિયમનકારી ફેરફારોને કારણે ડેરિવેટિવ્ઝ વોલ્યુમ દબાણ હેઠળ આવ્યું છે.

### નોકરીની સાથે વધારાની કમાણી કરવી છે?, વીકએન્ડમાં શરૂ કરો આ 5 કામ

**1. હેન્ડમેડ ગિફ્ટ :** તહેવાર, જન્મદિવસ અને અન્ય પ્રસંગોએ ગિફ્ટ પેકિંગ અને કસ્ટમાઈઝ્ડ ગિફ્ટની માંગ રહે છે. વીકએન્ડમાં ઓર્ડર તૈયાર કરી શકાય છે. તેમાં ગિફ્ટ હેમ્પર, કાર્ડ, ડેકોરેટિવ પેકિંગ અથવા નાની હેન્ડમેડ વસ્તુઓ સામેલ કરી શકાય છે. સોશિયલ મીડિયા દ્વારા તમારા કામને બતાવીને ગ્રાહકો બનાવી શકાય છે.

**2. સોશિયલ મીડિયા મેનેજમેન્ટ :** જો તમને Instagram, Facebook અથવા અન્ય સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર કન્ટેન્ટ બનાવતા આવડે છે તો નાના બિઝનેસના સોશિયલ મીડિયા એકાઉન્ટ સંભાળવાનું કામ લઈ શકાય છે. પોસ્ટ ડિઝાઈન કરવી, કેપ્શન લખવું અને કન્ટેન્ટ કેલેન્ડર તૈયાર કરવા જેવા કામ વીકએન્ડમાં કરી શકાય છે. આ રીતે એકથી વધુ નાના ક્લાયન્ટ સાથે કામ કરવાની તક મળી શકે છે.

**3. ફોટોગ્રાફી અને વીડિયો એડિટિંગ :** જો તમારી પાસે કેમેરા અથવા સારો સ્માર્ટફોન છે અને વીડિયો એડિટિંગની જાણકારી છે તો નાના ઈવેન્ટ, પ્રોડક્ટ શૂટ અથવા સોશિયલ મીડિયા રીલ બનાવવાનું કામ લઈ શકાય છે. ઘણા લોકો વીકએન્ડમાં જ શૂટ કરાવવાનું પસંદ કરે છે. તેથી નોકરી કરતા લોકો માટે સમયની દૃષ્ટિએ આ કામ અનુકૂળ બની શકે છે.

**4. ઓનલાઈન ટ્યુશન અથવા સ્કિલ ક્લાસ :** જો તમને કોઈ વિષય, ભાષા અથવા કોઈ સ્કિલની સારી જાણકારી હોય તો વીકએન્ડમાં ઓનલાઈન ક્લાસ શરૂ કરી શકાય છે. સ્કૂલના વિદ્યાર્થીઓને ભણાવવાથી લઈને બેઝિક કમ્પ્યુટર, ઈંગ્લિશ સ્પીકિંગ, ડિઝાઈનિંગ અથવા અન્ય કોઈ સ્કિલનો ક્લાસ લઈ શકાય છે. તેને ઘરેથી શરૂ કરવામાં આવે તો અલગ દુકાન કે ઓફિસની જરૂર પડતી નથી.

**5. કિડ્સ એક્ટિવિટી વર્કશોપ :** જો તમને બાળકો સાથે કામ કરવાનું પસંદ હોય તો કિડ્સ એક્ટિવિટી વર્કશોપ વીકએન્ડ બિઝનેસનો એક વિકલ્પ બની શકે છે. તેમાં શનિવાર અથવા રવિવારે 1થી 2 કલાકનો નાનો ક્લાસ રાખીને બાળકોને ડ્રોઈંગ, પેઈન્ટિંગ, પેપર ક્રાફ્ટ, ક્લે આર્ટ, DIY ડેકોરેશન, સ્ટોરીટેલિંગ અથવા બેઝિક સાયન્સ એક્સપેરિમેન્ટ જેવી એક્ટિવિટી કરાવી શકાય છે.

## કીકો મિલાનોએ ફીનિક્સ પેલેડિયમ ખાતે નવા સ્ટોર સાથે અમદાવાદમાં પ્રવેશ કર્યો

અમદાવાદ : ઈટાલીની નંબર 1 મેકઅપ બ્રાન્ડ કીકો મિલાનો એ ફીનિક્સ પેલેડિયમ મોલ ખાતે પોતાના નવા સ્ટોર સાથે અમદાવાદમાં પ્રવેશ કર્યો છે. દિલ્હી, મુંબઈ, પુણે, લખનઉ, કોચિ, હૈદરાબાદ અને બેંગલુરુ સહિતના મુખ્ય બજારોમાં વિસ્તરણ બાદ, આ લોન્ચ ભારતમાં બ્રાન્ડની સતત વૃદ્ધિમાં વધુ એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન દર્શાવે છે.અમદાવાદમાં પ્રવેશ સાથે, કીકો મિલાનો નવીન ફોર્મ્યુલેશન અને ટ્રેન્ડ-આધારિત મેકઅપ ધરાવતી ઉચ્ચ ગુણવત્તાવાળી પ્રોડક્ટ્સ દ્વારા શહેરના બ્યુટી ઉત્સાહીઓની નવી પેઢી માટે ઈટાલીનો વારસો અને કલાત્મકતા લઈને આવ્યું છે.



ગ્રાહકોને ઉત્કૃષ્ટ અનુભવ પૂરો પાડવા માટે ડિઝાઈન કરાયેલા આ સ્ટોરમાં ભારતીય સ્કિન ટોન, અંડરટોન અને પસંદગીઓને અનુકૂળ મેકઅપ અને બ્યુટી એસેન્શિયલ્સની વિશાળ પસંદગી પ્રદાન કરે છે, જે ગ્રાહકોને તેમની વ્યક્તિગત જરૂરિયાતોને અનુરૂપ પ્રોડક્ટ્સ એક્સપ્લોર કરવા, સ્વાચ કરવા અને શોધવાની તક આપે છે.આ સ્ટોરમાં કીકો મિલાનો ની વિશ્વભરમાં અત્યંત લોકપ્રિય આઈકોનિક પ્રોડક્ટ્સ રજૂ કરવામાં આવી છે, જેમાં 3D હાઈડ્રા લિપગ્લોસ, અનલિમિટેડ ડબલ ટચ લિપસ્ટિક અને મેક્સી મોડ મસ્કારા તેમજ 'સેન્ટ ઓફ મિલાન' ફ્રેગ્રન્સ કલેક્શનનો સમાવેશ થાય છે. આ પ્રોડક્ટ રેન્જ ઈટાલિયન સર્જનાત્મકતા, બ્યુટી ઈનોવેશન અને આધુનિક ટ્રેન્ડ્સનો અનોખો સંગમ રજૂ કરે છે, જે ગ્રાહકોને એક જ છત નીચે કીકો મિલાનો ની પ્રખ્યાત પ્રોડક્ટ્સ મેળવવાની તક આપે છે.નવા સ્ટોરનું ઓપનિંગ ભારતમાં કીકો મિલાનો ની વધતી જતી ઓમ્નિચેનલ હાજરીને વધુ મજબૂત બનાવે છે.

## કોલ કરવા માટે હવે દર મિનિટે ચાર્જ આપવો પડશે, શું છે TRAI નો નવો નિયમ

(એજન્સી) નવી દિલ્હી | તા.20

TRAI એ નવા નિયમો હેઠળ એપ્લિકેશન-ટુ-પર્સન કોલ્સ પર પ્રતિ મિનિટ 5 પૈસા સુધીનો ચાર્જ લગાવવાનો નિર્ણય લીધો છે. જાણો A2P કોલ્સ શું હોય છે, અને આ ચાર્જ કોણે ચૂકવવો પડશે.ભારતીય ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી એટલે કે TRAI એ દેશભરમાં મોબાઈલ યુઝર્સને પરેશાન કરતી અનિચ્છનીય કમર્શિયલ કોલ્સ અને સ્પામ નેટવર્ક સામે કડક પગલાં લીધાં છે. TRAI એ નવા નિયમો હેઠળ એપ્લિકેશન-ટુ-પર્સન કોલ્સ પર પ્રતિ મિનિટ 5 પૈસા સુધીનો ચાર્જ લગાવવાનો નિર્ણય લીધો છે. જાણો A2P કોલ્સ શું હોય છે, આ ચાર્જ કોણે ચૂકવવો પડશે અને તેનાથી સામાન્ય યુઝર્સને ફ્રોડ કોલ્સથી કેવી રીતે રાહત મળી શકે છે.ટેલિકોમ યુઝર્સને સતત આવતા લોન, ઈન્સ્યોરન્સ અને પ્રમોશન સંબંધિત રોબોકોલ્સ અને સ્પામ કોલ્સ પર નિયંત્રણ લાવવા માટે ભારતીય ટેલિકોમ રેગ્યુલેટરી ઓથોરિટી એટલે કે TRAI એ ટેલિકોમ કમર્શિયલ કમ્યુનિકેશન્સ કસ્ટમર પ્રેફરન્સ રેગ્યુલેશનમાં નવા સુધારા લાગુ કર્યા છે. આ અંતર્ગત એપ્લિકેશન-ટુ-પર્સન એટલે કે A2P કોલ્સ માટે પ્રતિ મિનિટ 5 પૈસાનો ટર્મિનેશન ચાર્જ નક્કી કરવામાં આવ્યો છે.આ નિયમ એવી કંપનીઓ અને ટેલિમાર્કેટર્સ પર લાગુ થશે, જેઓ ઓટોમેટેડ સિસ્ટમ અથવા સોફ્ટવેર દ્વારા મોટી સંખ્યામાં કોલ્સ કરે છે.A2P કોલ્સ એવી કોલ્સ હોય છે, જે કોઈ વ્યક્તિ સીધો નંબર ડાયલ કરીને નહીં, પરંતુ એપ, સોફ્ટવેર અથવા ઓટોમેટેડ પ્લેટફોર્મ દ્વારા કરવામાં આવે છે. તેમાં રોબોકોલ્સ, ઓટો-ડાયલ કોલ્સ, પહેલેથી રેકોર્ડ કરેલા અવાજવાળી કોલ્સ અને આર્ટિફિશિયલ વોઈસ કોલ્સનો સમાવેશ થાય છે.સામાન્ય મોબાઈલ યુઝર્સે આ અંગે ચિંતા કરવાની જરૂર નથી. આ ટર્મિનેશન ચાર્જ કોલ શરૂ કરનાર નેટવર્ક એટલે કે ઓરિજિનેટિંગ એક્સેસ પ્રોવાઈડર દ્વારા કોલ જે ટેલિકોમ ઓપરેટરના નેટવર્ક પર પૂરો થાય છે, તેને ચૂકવવામાં આવશે.

## સપ્તાહ અંતે બિટકોઈનમાં તેજી, ભાવ ૮૧૦૦૦ ડોલરને પાર



મુંબઈ : મુંબઈમાં સપ્તાહના અંતે બિટકોઈન $81,000ને પાર કરી ગયો. શોર્ટ પોઝિશનના ફરજિયાત લિક્વિડેશન અને નવી સ્પોટ માંગને કારણે ભાવને ટેકો મળ્યો. અમેરિકામાં વ્યાજ દર વધારા બાદના કરેક્શનથી થયેલી નુકસાની ભરપાઈ થવામાં મદદ મળી. $15.90 કરોડના ઈનફ્લોથી બિટકોઈન ઉછળ્યો, જેના પગલે $19.20 કરોડની ક્રિપ્ટો પોઝિશન લિક્વિડેટ થઈ.શોર્ટ પોઝિશન ફરજિયાત લિક્વિડેટ કરાતા ભાવને ટેકો શોર્ટના લિક્વિડેશન આવતા અને નવેસરની સ્પોટ માગ નીકળતા સપ્તાહ અંતે બિટકોઈન ઊંચકાઈને ૮૧૦૦૦ ડોલરને પાર કરી ગયો હતો.અમેરિકામાં વ્યાજ દરમાં વધારો આવ્યા બાદ ક્રિપ્ટોકરન્સીઝ બજારમાં આવેલા કરેકશનથી ટ્રેડરોને થયેલી નુકસાની સપ્તાહ અંતના ઉછાળાને પરિણામે ભરપાઈ થવામાં મદદ મળી છે.ગુરુવારે ૭૬૫૦૦ ડોલરની સપાટી સુધી ગયા બાદ શુક્રવારે મોડી સાંજે મુખ્ય ક્રિપ્ટો બિટકોઈન ૮૧૦૦૦ ડોલરને પાર કરી ગયો હતો.અમેરિકામાં સ્પોટ બિટકોઈન ઈટીએફસમાં સપ્તાહ અંતે ૧૫.૯૦ કરોડ ડોલરનો ઈન્ફ્લો જોવા મળ્યો હતો, જેને કારણે બિટકોઈન સ્પોટમાં ઊંચકાયો હતો. બિટકોઈનમાં રેલીને પરિણામે અંદાજે ૧૯.૨૦ કરોડ ડોલરની ક્રિપ્ટોની પોઝિશન લિક્વિડેટ કરાઈ હતી જેમાં ૧૮.૩૦ કરોડની પોઝિશન શોર્ટની હતી. બિટકોઈનમાં ૧૧.૯૦ કરોડ ડોલરની શોર્ટ પોઝિશન લિક્વિડેટ કરવાની ફરજ પડાઈ હતી. મોડી સાંજે બિટકોઈન ૮૧૨૨૦ ડોલર, એથરમ ૨૬૩૭ ડોલર, એક્સઆરપી ૧.૪૩ ડોલર કવોટ થતા હતા.

## ગાંડપણ તો જુઓ.. પત્નીને iPhone 18 અપાવવા માટે વર્ષોથી ભેગું કરેલું સોનું વેચી નાખ્યું!

(એજન્સી) નવી દિલ્હી | તા.20

એક વ્યક્તિએ તેની પત્નીને iPhone 18 Pro અપાવવા માટે પરિવારનું વારસામાં મળેલું સોનું વેચી દીધાનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે. જાણીતા ઉદ્યોગપતિ હર્ષ ગોએન્કાએ વીડિયો શેર કર્યો છે. આઈફોનની ખરીદી ભારતમાં શરૂ થઈ ગઈ છે અને લોકોનો આઈફોન પ્રત્યેનો ક્રેઝ પણ ચોંકાવનારી રીતે સામે આવી રહ્યો છે. એક વ્યક્તિએ તેની પત્નીને iPhone 18 Pro અપાવવા માટે પરિવારનું વારસામાં મળેલું સોનું વેચી દીધું તેવો દાવો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે. આ મામલે ભારતીય ઉદ્યોગપતિ હર્ષ ગોએન્કાએ વીડિયો શેર કર્યો છે. જ્યારથી iPhone 18 Pro Max લોન્ચ થયો છે ત્યારથી લોકોમાં તેને લઈને ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. 18 સપ્ટેમ્બરથી iPhone 18 Proની ખરીદી માટે એપલના સ્ટોર પર સવારથી જ લાંબી કતારો જોવા મળી રહી છે. આ દરમિયાન સોશિયલ મીડિયા પર એક વીડિયો વાયરલ થયો છે, જેના કારણે આ ફોનને લઈને ચર્ચા શરૂ થઈ છે.દિલ્હીના એક યુવકનો વીડિયો સોશિયલ મીડિયા પર સામે આવ્યો છે. જેમાં તેણે દાવો કર્યો છે કે તેણે પોતાની પત્ની માટે નવો iPhone 19 Pro Max ખરીદ્યો છે. રસપ્રદ વાત એ છે કે તેણે આ ફોન પરિવાર પાસેથી મળેલી જૂની સોનાની વસ્તુઓ વેચીને ખરીદ્યો હોવાનો દાવો કર્યો છે.વ્યક્તિનું કહેવું છે કે આ સોનું તેને પરિવારની અગાઉની પેઢીઓ પાસેથી વારસામાં મળ્યું હતું.



#### એપરલ તથા ટેકસટાઈલ ક્ષેત્ર માટે અમેરિકા મોટી બજાર

## અમેરિકા દ્વારા સૂચિત ૧૦૦ ટકા ટેરિફ સામે ટેકસટાઈલ ઉદ્યોગ ચિંતિત



મુંબઈ : દેશના ટેકસટાઈલ ક્ષેત્ર માટે અમેરિકા એક સૌથી મોટી બજાર હોવાથી અમેરિકા દ્વારા વધારાના ૧૦૦ ટકા ટેરિફની આ ક્ષેત્ર પર ગંભીર અસર પડી શકે છે એમ ધ કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ટેકસટાઈલ ઈન્ડસ્ટ્રી (સીટી) દ્વારા ચિંતા વ્યકત કરવામાં આવી છે.પશ્ચિમ એશિયાના યુદ્ધને કારણે દેશનો ટેકસટાઈલ ઉદ્યોગ અગાઉથી જ પડકારોનો સામનો કરી રહ્યું છે ત્યારે વધારાના ટેરિફ સહન કરવાનું મુશકેલ બની રહેશે. દેશમાં મોટી સંખ્યાના એમએસએમઈ ટેકસટાઈલ ક્ષેત્ર સાથે સંકળાયેલ છે.૧૦૦ ટકાના ટેરિફ લાગુ થશે તો અમેરિકામાં એપરલ તથા ટેકસટાઈલ નિકાસ કરવાનું મુશકેલ બની રહેશે એમ સીટીના સુત્રોએ જણાવ્યું હતું. સૂચિત ટેરિફને કારણે ભારતના ટેકસટાઈલ નિકાસકારોએ સહન કરવાનું ન આવે તેની ભારત સરકાર તકેદારી લે તેવી તેમણે અપેક્ષા વ્યકત કરી હતી.ભારત તથા અમેરિકા વચ્ચે યોગ્ય તથા સમતુલિત દ્વીપક્ષી વેપાર કરાર આજના સમયની માગ છે.ભારતે જે દેશો સાથે મુકત વેપાર કરાર કર્યા છે તેને કારણે નવી બજારો ઊભી થઈ છે તેમ છતાં, અમેરિકાની બજારના તે વિકલ્પ બની શકે એમ નહીં હોવાનો પણ તેમણે દાવો કર્યો હતો.વાર્ષિક ૧૦ અબજ ડોલર સાથે અમેરિકામાં ભારતની એપરલ તથા ટેકસટાઈલ નિકાસનો હિસ્સો એકંદર ટેકસટાઈલ નિકાસના ૨૮થી ૩૦ ટકા જેટલો થવા જાય છે. મુંબઈમાં, કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી (CITI) એ ચિંતા વ્યક્ત કરી છે. અમેરિકા દ્વારા કાપડ ક્ષેત્રે 100% વધારાનો ટેરિફ લાદવામાં આવે તો ગંભીર અસર થશે. વાર્ષિક 10 અબજ ડોલરની નિકાસ સાથે, અમેરિકા ભારત માટે સૌથી મોટું બજાર છે. આ ટેરિફથી MSME સહિતના નિકાસકારોને મુશ્કેલી પડશે. સરકારે આ અંગે યોગ્ય કાર્યવાહી કરવી જોઈએ.

#### હાલના ૦.૦૨ ટકાની જગ્યાએ લગભગ રૂ.૫ નિશ્ચિત ચાર્જ લાવવાની ચર્ચા

## મૂડીબજારના UPI વ્યવહારો પર રૂ.પાંચ નિશ્ચિત MDR લાવવા માટે દરખાસ્ત

મુંબઈ: શેરબજારના વ્યવહારો માટે UPI દ્વારા થતી ચૂકવણી પર MDR (મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ) માં મોટા ફેરફારની દરખાસ્ત કરાઈ છે. હાલના 0.02% MDR, જે રૂ.300 સુધી મર્યાદિત છે, તેની જગ્યાએ હવે દરેક પાત્ર વ્યવહાર પર આશરે રૂ.5નો ફ્લેટ ચાર્જ લાગી શકે છે. બ્રોકરોની ચિંતાને પગલે આ વિકલ્પ વિચારણા હેઠળ છે. સેબી, કેન્દ્ર સરકાર અને RBIની મંજૂરી બાદ જ આ નિયમ અમલમાં આવશે. શેર બજાર અને અન્ય મૂડી બજાર સંબંધિત વ્યવહારો-સોદા માટે યુપીઆઈ મારફતે કરવામાં આવતી ચૂકવણી પર લાગતા મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆર)માં ફેરફાર લાવવાની દરખાસ્ત કરવામાં આવી છે. આ અંતર્ગત હાલના ૦.૦૨ ટકા એમડીઆર, જે લગભગ રૂ.૩૦૦ સુધી મર્યાદિત છે, તેની જગ્યાએ દરેક પાત્ર વ્યવહાર માટે આશરે રૂ.૫નો ફ્લેટ-નિશ્ચિત ચાર્જ લાવવાની વિચારણા ચાલી રહી છે. આ બાબતથી




પરિચિત સૂત્રોના જણાવ્યા મુજબ, કેટલાક બ્રોકરોએ હાલના રૂ.૩૦૦ના કેપ અંગે ચિંતા વ્યક્ત કરી છે. તેમના વાંધાઓને ધ્યાનમાં રાખીને ફ્લટ ફી વિકલ્પ ચર્ચામાં આવ્યો છે. આ દરખાસ્તને અમલમાં મૂકવા માટે સીધી રીતે નિયમ બદલાશે નહીં.પ્રથમ સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી) તરફથી ઔપચારિક રજૂઆત કરવાની જરૂર પડી શકે છે. ત્યારબાદ દરખાસ્ત પર કેન્દ્ર સરકાર અને રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની મંજૂરી પણ લેવાની જરૂર પડી શકે છે. આ સાથે બાદમાં નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનપીસીઆઈ) દ્વારા સત્તાવાર નોટિફિકેશન જેવી પ્રક્રિયામાંથી પસાર થવું પડી શકે છે. અર્થાત, હાલમાં આ દરખાસ્તના તબક્કે છે અને અંતિમ નિયમ તરીકે અમલમાં આવી નથી.

અત્યારે ક્યા ક્ષેત્રોમાં પહેલેથી ફ્લેટ યુપીઆઈ ચાર્જ છે, એ જાણીએ તો, આ કેટેગરીઓમાં મુખ્યત્વે વીમા, શિક્ષણ, બિલ પેમેન્ટ, સરકારી ચૂકવણી, ઈંધણ, કૃષિ જેવા ક્ષેત્રોનો સમાવેશ થાય છે. જો આ ફેરફાર મંજૂર થાય છે, તો મૂડી બજારના વ્યવહારોને યુપીઆઈની એવી કેટેગરીઓ સાથે સમાન ગણવામાં આવશે, જ્યાં ફ્લેટ ફીનું માળખું લાગુ પડી શકે છે.હાલના માળખામાં એમડીઆર વ્યવહારની રકમના ચોક્કસ ટકા તરીકે ગણવામાં આવે છે અને તેની ઉપર કેપ હોય છે. નવી દરખાસ્ત હેઠળ, પાત્ર મૂડી બજાર યુપીઆઈ વ્યવહાર માટે રકમને ધ્યાનમાં લીધા વિના આશરે રૂ.૫નો નિશ્ચિત ચાર્જ રાખવામાં આવી શકે છે. ઉદાહરણ તરીકે, જો દરખાસ્ત મંજૂર થાય અને રૂ.૫ ફ્લેટ ફી લાગુ થાય, તો રૂ.૧૦,૦૦૦ કે રૂ.૧ લાખના પાત્ર વ્યવહાર માટે એમડીઆરની ગણતરી ટકાવારી પ્રમાણે નહીં, પરંતુ નિશ્ચિત ફી પ્રમાણે થઈ શકે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ હજુ દરખાસ્ત છે, સેબી અને આરબીઆઈ તેમ જ સરકારની જરૂરી પ્રક્રિયા તથા મંજૂરીઓ બાદ જ અંતિમ નિર્ણય અને એનપીસીઆઈનું નોટિફિકેશન આવી શકે છે. ઉલ્લેખનીય છે કે તાજેતરમાં જ સેબીના ચેરમેન તુહિન કાંતા પાંડેએ યુપીઆઈ થકી મોટી રકમના ફંડ ટ્રાન્સફર માટે નવા એમડીઆર મામલે ચિંતા વ્યક્ત કરવામાં આવતાં આ મામલે સેબી દ્વારા વિચારણા કરવાની હૈયાધારણા આપવામાં આવી હતી.

## મહિલાઓની 10 મીટર એર રાઈફલ ટીમ ઈવેન્ટમાં સોનમે ભારત માટે સર્વોચ્ચ સ્કોર નોંધાવ્યો

# વેસ્ટર્ન રેલ્વેના શૂટર સોનમ ઉત્તમ મસ્કરનો એશિયન ગેમ્સ 2026માં ભારત માટે સિલ્વર મેડલ વિજય





વેસ્ટર્ન રેલ્વેના શૂટર સુશ્રી સોનમ ઉત્તમ મસ્કરે એશિયન ગેમ્સ 2026માં મહિલાઓની 10 મીટર એર રાઈફલ ટીમ ઈવેન્ટમાં સિલ્વર મેડલ જીતીને દેશ અને વેસ્ટર્ન રેલ્વેનું ગૌરવ વધાર્યું છે. ભારતીય ટીમે 1898.0 પોઈન્ટના સંયુક્ત સ્કોર સાથે સિલ્વર મેડલ હાંસલ કર્યો હતો.વેસ્ટર્ન રેલ્વેના ચીફ પબ્લિક રિલેશન્સ ઓફિસર શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરાયેલ પ્રેસ રિલીઝ અનુસાર, ચર્ચગેટ સ્થિત વેસ્ટર્ન રેલ્વેના મુખ્યાલયમાં ફરજ બજાવતા સુશ્રી મસ્કરે ટીમ ઈવેન્ટમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. તેમણે 634.1 પોઈન્ટ મેળવ્યા હતા, જે ભારતીય ટીમના સભ્યોમાં સૌથી વધુ હતા. આ ઈવેન્ટમાં ભારતને સિલ્વર મેડલ અપાવવામાં તેમના શાનદાર પ્રદર્શને મહત્વની ભૂમિકા ભજવી હતી. સુશ્રી મસ્કરે મહિલાઓની 10 મીટર એર રાઈફલ વ્યક્તિગત ફાઈનલમાં પણ પોતાની છાપ છોડી અને શાનદાર પ્રદર્શન કર્યું હતું. એશિયન ગેમ્સ 2026માં સુશ્રી મસ્કરની આ નોંધપાત્ર સિદ્ધિ પર વેસ્ટર્ન રેલ્વે ગર્વ અનુભવે છે. વેસ્ટર્ન રેલ્વે અને વેસ્ટર્ન રેલ્વે સ્પોર્ટ્સ એસોસિએશને તેમના પ્રશંસનીય પ્રદર્શન બદલ તેમને અભિનંદન પાઠવ્યા છે અને ભવિષ્યની ઈવેન્ટ્સ તથા સ્પર્ધાઓમાં તેમની સતત સફળતા માટે શુભેચ્છાઓ પાઠવી છે.

## 'જે વિદ્યાર્થીઓ સવાલ પૂછે છે તેમનાથી સિસ્ટમ ડરે છે', ઈન્દૌરમાં છાત્રો કી ગૂંજ કાર્યક્રમમાં બોલ્યા રાહુલ ગાંધી

(એજન્સી) ઈન્દોર | તા.20



કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ ઈન્દોરમાં 'છાત્રૌ કી ગૂંજ' કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો. તેમણે શિક્ષણ વ્યવસ્થા અને સરકાર પર પ્રહાર કરતા કહ્યું કે, સિસ્ટમ વિદ્યાર્થીઓથી ડરે છે. શિક્ષણ બજેટ 2014માં 4.6% હતું, જે હવે 2.6% થયું છે. 1.5 કરોડ વિદ્યાર્થીઓની સ્કોલરશિપ છીનવાઈ છે અને 1 લાખ સરકારી શાળાઓ બંધ થઈ છે. કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ ઈન્દોરમાં આયોજિત 'છાત્રૌ કી ગૂંજ' (Chhatron Ki Gunj) કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ અને Gen Z યુવાનો સાથે સીધો સંવાદ કર્યો હતો. આ પ્રસંગે રાહુલ ગાંધીએ દેશની શિક્ષણ વ્યવસ્થા અને વર્તમાન સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, સવાલો પૂછવા એ વિદ્યાર્થીઓનો સહજ સ્વભાવ છે, અને હાલમાં દેશનો યુવા વર્ગ ભારે દબાણ હેઠળ છે.રાહુલ ગાંધીએ પોતાના સંબોધનમાં કહ્યું કે, 'વિદ્યાર્થીઓ દેશનું ભવિષ્ય છે, પરંતુ વર્તમાન સિસ્ટમ તેમનું ભવિષ્ય બગાડી રહી છે. શિક્ષણ એ કોઈ મોજશોખ કે લક્ઝરી નથી, પરંતુ દેશના દરેક નાગરિક અને વિદ્યાર્થીનો મૂળભૂત અધિકાર છે. દેશમાં શિક્ષણ વ્યવસ્થા પર સિસ્ટમ કબજો જમાવીને બેઠી છે.' તેમણે ઉમેર્યું કે, વર્તમાન સિસ્ટમ પોતાના સંસ્થાનોમાં પોતાના લોકોને બેસાડી દે છે, અને જે વિદ્યાર્થીઓ સવાલો પૂછે છે તેમનાથી ડરે છે.

શિક્ષણ બજેટમાં ઘટાડો અને શિષ્યવૃત્તિનો મુદ્દોસરકારની નીતિઓ પર પ્રહાર કરતા રાહુલ ગાંધીએ આંકડાકીય વિગતો રજૂ કરી હતી. બજેટમાં ઘટાડો: 2014 માં શિક્ષણ માટે બજેટનો 4.6% હિસ્સો ફાળવવામાં આવતો હતો, જે ઘટીને હવે 2.6% થઈ ગયો છે.શિષ્યવૃત્તિ: છેલ્લા 10 વર્ષમાં 1.5 કરોડ વિદ્યાર્થીઓ પાસેથી સ્કોલરશિપ છીનવી લેવામાં આવી છે.શિક્ષકોની અછત: હાલમાં દેશમાં 10 લાખ શિક્ષકોના પદો ખાલી પડ્યા છે.સરકારી શાળાઓ બંધ: દેશભરમાં 1 લાખ સરકારી શાળાઓ બંધ થઈ ગઈ છે, જેમાંની 55% શાળાઓ મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં છે.નફરત અને હિંસા વિદ્યાર્થીઓ જ નાબૂદ કરી શકે.

## News Brief

### રાહુલ ગાંધીના મિમિક્રી વીડિયો પર BJP લાલઘૂમ, વૃદ્ધ માતાની મજાક...!

(એજન્સી) નવી દિલ્હી | તા.20

ભારતીય જનતા પાર્ટી (BJP) એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નકલ (મિમિક્રી) કરતા એક વીડિયોને લઈને કોંગ્રેસ પાર્ટી પર નિશાન સાધ્યું છે.ભારતીય જનતા પાર્ટી (BJP) એ વડાપ્રધાન નરેન્દ્ર મોદીની નકલ (મિમિક્રી) કરતા એક વીડિયોને લઈને કોંગ્રેસ પાર્ટી પર નિશાન સાધ્યું છે. કોંગ્રેસે 'X' (અગાઉનું ટ્વિટર) પર એક વીડિયો પોસ્ટ કર્યો જેમાં એક વ્યક્તિ રાહુલ ગાંધીની હાજરીમાં પીએમ મોદીની નકલ કરતો જોવા મળે છે અને રાહુલ ગાંધી આ પ્રદર્શનનો આનંદ માણતા જણાય છે. કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુ અને ભાજપના નેતા સ્મૃતિ ઈરાનીએ આ વીડિયોને રીપોસ્ટ કરીને કોંગ્રેસની ટીકા કરી હતી.'X' પરની એક પોસ્ટમાં કિરેન રિજિજુએ ટિપ્પણી કરી હતી કે કોંગ્રેસ પાર્ટી હવે હાસ્ય કલાકારો અને વિદૂષકોની પાર્ટી બની ગઈ છે, જેના કારણે તેઓ કાયમ માટે હાંસિયામાં ધકેલાઈ ગયા છે; તેમણે ઉમેર્યું, "RIP" (શ્રદ્ધાંજલિ). આ મિમિક્રી વીડિયો મધ્યપ્રદેશના ઈન્દોરનો છે, જ્યાં પીએમ મોદીની મજાક ઉડાવવામાં આવી હતી. રાહુલ ગાંધીના મંચ પર થયેલા મિમિક્રી કાર્યક્રમ દરમિયાન, કલાકાર પુલકિત મણિએ પીએમ મોદીની નકલ કરતી વખતે એક વૃદ્ધ મહિલા માટે ખુરશીની માંગણીની મજાક ઉડાવી હતી. કેન્દ્રીય મંત્રી અર્જુન રામ મેઘવાલે આને એક વૃદ્ધ માતાનું અપમાન ગણાવ્યું હતું. તેમણે લખ્યું, "એક તરફ આદર અને સ્નેહ છે; તો બીજી તરફ એક વૃદ્ધ માતાની મજાક છે."

## વારાણસીમાં UP ATS સાથેની અથડામણમાં માર્યો ગયો હતો

# 30 લાખનું હતું ઈનામ... નક્સલ કમાન્ડર એન્કાઉન્ટરમાં ઠાર, કોણ છે બ્રિજેશ ગંજુ?

(એજન્સી) ઝારખંડ | તા.20

બ્રિજેશ ગંજુ ઉર્ફે ગોપાલ સિંહ ભોક્તા જે ઝારખંડ સ્થિત પ્રતિબંધિત સંગઠન TPCનો નક્સલ નેતા હતો. રવિવારે સવારે વારાણસીમાં UP ATS સાથેની અથડામણમાં માર્યો ગયો હતો. ઉત્તર પ્રદેશ ATSએ એક નક્સલ કમાન્ડરને એન્કાઉન્ટરમાં ઠાર માર્યો છે. પોલીસે જણાવ્યું હતું કે બ્રિજેશ ગંજુ ઉર્ફે ગોપાલ સિંહ ભોક્તા જે ઝારખંડ સ્થિત પ્રતિબંધિત સંગઠન 'તૃતીય પ્રસ્તુતિ સમિતિ' (TPC)નો નક્સલ નેતા હતો. રવિવારે સવારે વારાણસીમાં UP ATS સાથેની અથડામણમાં માર્યો ગયો હતો. બ્રિજેશ પર 30 લાખનું ઈનામ જાહેર કરવામાં આવ્યું હતું. ઝારખંડ પોલીસના IG (ઓપરેશન્સ) નરેન્દ્ર સિંહે IG (STF) પાસેથી મળેલી માહિતીની પુષ્ટિ કરી હતી કે બ્રિજેશ ગંજુ (ઉર્ફે ગોપાલ સિંહ) તે સવારે વારાણસીમાં થયેલા એન્કાઉન્ટરમાં માર્યો ગયો હતો.પોલીસના જણાવ્યા અનુસાર, ગંજુ ઝારખંડમાં પ્રતિબંધિત TPC સંગઠનનો વડો હતો અને નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA) દ્વારા અનેક કેસોમાં વોન્ટેડ હતો. તેની ધરપકડમાં



મદદરૂપ થાય તેવી માહિતી આપનાર માટે ઝારખંડ સરકારે 25 લાખ અને NIAએ 5 લાખનું ઈનામ જાહેર કર્યું હતું. UP ATSના ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ (DySP) વિપિન રાયના જણાવ્યા અનુસાર, આ એન્કાઉન્ટર રવિવારે સવારે થયું હતું જ્યારે બ્રિજેશ તેના એક સાથીદાર સાથે મોટરસાઈકલ પર વારાણસીના રામનગર થઈને તેંગરા મોરથી મુઘલસરાય તરફ જઈ રહ્યો હતો. તેમણે કહ્યું, "બાતમીદારની માહિતીના આધારે, પોલીસે તેને રોકીને ધરપકડ કરવાનો પ્રયાસ કર્યો. ઊભા રહેવાને બદલે, તે વાહન પરથી કૂદી પડ્યો અને પોલીસકર્મીઓ પર ગોળીબાર શરૂ કર્યો. ત્યારબાદ થયેલા સામસામેના ગોળીબારમાં તેને ગોળી વાગી હતી."પોલીસે જણાવ્યું હતું કે આ ઘટના રામનગર પોલીસ સ્ટેશનના અધિકારક્ષેત્ર હેઠળના લંકા મેદાન વિસ્તારમાં બની હતી. ગોળીબાર દરમિયાન, બ્રિજેશ દ્વારા ચલાવવામાં આવેલી ગોળીઓ UP ATSના DySP વિપિન રાય અને હેડ કોન્સ્ટેબલ નિતેન્દ્ર કૃષ્ણએ પહેરેલા બુલેટપ્રૂફ જેકેટને વાગી હતી; બંને અધિકારીઓ સુરક્ષિત રહ્યા હતા. અધિકારીઓએ ઉમેર્યું હતું કે ઘાયલ થયા બાદ બ્રિજેશને તાત્કાલિક હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. વિપિન રાયે કહ્યું, "યુપીની એક ટીમ લાંબા સમયથી આ નક્સલવાદીની શોધમાં હતી. રાત્રે તેના આગમન અંગેની માહિતી મળતાં, STFએ જાળ બિછાવી અને બ્રિજેશ ગંજુને પકડવાનો પ્રયાસ કર્યો. જોકે, તેણે ભાગવાનો પ્રયાસ કર્યો અને પોલીસ ટીમ પર ગોળીબાર કર્યો. વળતા ગોળીબારમાં તે ઘાયલ થયો અને તેને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો."વિપિન રાયે જણાવ્યું કે વરિષ્ઠ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી રહ્યા છે અને આગળની કાયદાકીય કાર્યવાહી ચાલી રહી છે. 'જે વિદ્યાર્થીઓ સવાલ પૂછે છે.

## મુંબઈમાં બેકાબૂ BMWનો કહેર, પાંચ લોકોને ટક્કર બાદ ત્રણનાં ઘટનાસ્થળે જ મોત

મુંબઈ : મુંબઈના કોસ્ટલ રોડ પર ઝડપી ગતિએ દોડી રહેલી BMW કારે પાંચ લોકોને ટક્કર મારી હતીમુંબઈના કોસ્ટલ રોડ પર રવિવારે સવારે ઝડપી BMW કારનો ગંભીર અકસ્માત થયો હતો. મરીન ડ્રાઈવથી હજી અલી તરફ જઈ રહેલી કાર કાબૂ બહાર જઈ બ્રિજની રેલિંગ તોડીને નીચે પટકાઈ હતી. આ અકસ્માતમાં ત્રણ લોકોનાં મોત થયા છે, જ્યારે એક યુવકની હાલત ગંભીર હોવાનું જણાવવામાં આવી રહ્યું છે.

આ અકસ્માતમાં ત્રણ લોકોનાં ઘટનાસ્થળે જ મોત થયા છે, જ્યારે બે લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે. પ્રાથમિક માહિતી મુજબ BMW કારની ઝડપ ઘણી વધારે હતી. ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યા છે અને તેમની હાલત નાજુક હોવાનું જણાવવામાં આવી રહ્યું છે. અકસ્માત સવારે આશરે પાંચ વાગ્યે વીસ મિનિટે લોટસ જેટી પાસે, લાલા લજપત રાય કોલેજ નજીક થયો હતો. પ્રાથમિક માહિતી અનુસાર કાર ખૂબ જ ઝડપી ગતિએ દોડી રહી હતી. વળાંક નજીક ડ્રાઈવરે કાર પરથી નિયંત્રણ ગુમાવ્યું હતું. ત્યારબાદ BMW ડિવાઈડર સાથે અથડાઈને ઉછળી હતી અને બ્રિજની નીચે જઈને પટકાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે કારને ભારે નુકસાન થયું હતું. પોલીસ રિપોર્ટ અનુસાર BMWની ઝડપ કલાકના બસોથી વધુ કિલોમીટર હોવાનું જણાવવામાં આવ્યું છે. ભારે ઝડપને કારણે ડ્રાઈવરે કાર પરથી નિયંત્રણ ગુમાવ્યું હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. ત્યારબાદ કાર રસ્તાના ડિવાઈડર અને કોસ્ટલ રોડની બાજુમાં આવેલા વીજળીના થાંભલા સાથે અથડાઈ હતી. અકસ્માતમાં સામેલ BMWનો રજિસ્ટ્રેશન નંબર DD01-C-6302 હોવાનું જણાવવામાં આવ્યું છે. આ કાર દાદરા અને નગર હવેલીમાં રજિસ્ટર્ડ છે અને ફાલ્ગુન ગજરના નામે હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માત બાદ તાડદેવ પોલીસ દ્વારા સમગ્ર મામલાની વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસે અકસ્માતની પરિસ્થિતિ, કારની ઝડપ અને ડ્રાઈવરના નિયંત્રણ ગુમાવવાના કારણો અંગે તપાસ શરૂ કરી છે. CCTV ફૂટેજ પણ તપાસનો મહત્વપૂર્ણ ભાગ બની શકે છે, કારણ કે તેમાં અકસ્માતની સમગ્ર ઘટના કેદ થઈ હોવાનું જણાવવામાં આવ્યું છે.

## ગણપતિ પંડાલમાં કરંટ ફેલાતા બે ભક્તોના મોત, મુંબઈના લાલબાગમાં મોટી દુર્ઘટના



મુંબઈ : મુંબઈના લાલબાગમાં ગણેશ ઉત્સવ દરમિયાન ગત રાત્રે 3 વાગ્યે કરુણ દુર્ઘટના સર્જાઈ. કાળાચૌકીમાં દત્તારામ લાડ માર્ગ પરના પંડાલ પાસે અચાનક વીજ કરંટ ફેલાતા 8 વર્ષની બાળકી સહિત 2 લોકોના મોત થયા. આ ગંભીર અકસ્માતમાં 4 લોકો ઘાયલ થયા છે, જેમને મસીના હોસ્પિટલમાં દાખલ કરાયા છે. પોલીસ તપાસ ચાલુ છે.મુંબઈના લાલબાગ વિસ્તારમાં ગણપતિ ઉત્સવ દરમિયાન એક કરુણ દુર્ઘટના સર્જાઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, કાળાચૌકીમાં દત્તારામ લાડ માર્ગ પર આવેલા કાળાચૌકી વિભાગ સાર્વજનિક ઉત્સવ મંડળના પંડાલ પાસે અચાનક કરંટ ફેલાઈ ગયો હતો. રાત્રિના 3 વાગ્યાની આસપાસ બનેલી આ ઘટનામાં વીજ કરંટ લાગવાથી 8 વર્ષની બાળકી સહિત બે લોકોનાં કરુણ મોત નિપજ્યાં છે.આ ગંભીર અકસ્માતમાં અન્ય ચાર લોકો ઘાયલ થયા છે, જેમાં કિરણઅકબર નાઈક, તન્વી નરેશ, સાહિલ સંદીપ તારે અને રૂહી સિંહનો સમાવેશ થાય છે. તમામ ઘાયલોને તાત્કાલિક ધોરણે બાયકુલાની મસીના હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યાં તેમની હાલત સ્થિર હોવાનું જાણવા મળ્યું છે.ઘટનાની જાણ થતાં જ પોલીસ, ફાયર બ્રિગેડ અને મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને સ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. લાલબાગમાં ગણેશોત્સવ દરમિયાન દર્શનાર્થીઓની ભારે ભીડ ઉમટતી હોય છે, તેવામાં આ દુર્ઘટનાથી ભારે શોકનો માહોલ છવાઈ ગયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે આ અગાઉ પણ લાલબાગચા રાજા પંડાલ પાસે પુણેના એક યુવકનું હાર્ટ એટેકથી અવસાન થયું હતું. પ્રશાસન દ્વારા સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## કેન્દ્રીય કર્મચારીઓ માટે મોટા સમાચાર: બદલાઈ ગઈ CGHS યોજના, નવા નિયમો અને શરતો

(એજન્સી) નવી દિલ્હી | તા.20

કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે એક મહત્વપૂર્ણ અને રાહતજનક સમાચાર સામે આવ્યા છે. કેન્દ્ર સરકારે સેન્ટ્રલ ગવર્મેન્ટ હેલ્થ સ્કીમ (CGHS) સાથે જોડાયેલા નિયમોમાં મોટો ફેરફાર કર્યો છે. આ ફેરફાર હેઠળ સરકારે તે ભૌગોલિક શરતને દૂર કરવાનો નિર્ણય લીધો છે, જે અગાઉ કેન્દ્ર સરકારના વર્તમાન કર્મચારીઓ માટે તેમના રહેઠાણ અથવા પોસ્ટિંગની જગ્યાના આધારે CGHS ની પાત્રતાને મર્યાદિત કરતી હતી. આ નવા ફેરફારથી દેશભરના તે કર્મચારીઓને મોટી રાહત મળશે જેઓ અત્યાર સુધી આ પાબંધિઓના કારણે યોજનાના લાભથી વંચિત હતા.અગાઉની ભૌગોલિક પાબંધિઓને કારણે CGHS કવરેજના વર્તુળમાંથી બહાર રહેતા કે પોસ્ટ થયેલા કર્મચારીઓને તબીબી સહાય મેળવવામાં ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. હવે નવા નિયમો હેઠળ લાયક કર્મચારીઓને અન્ય શરતો પૂરી કરવા અને નક્કી કરેલું યોગદાન ચૂકવવા પર CGHS પસંદ કરવાની છૂટ આપવામાં આવી છે. ખાસ વાત એ છે કે એકવાર આ વિકલ્પ પસંદ કર્યા પછી તેને બદલી શકાતો નથી. CGHS પસંદ કરતા લાયક કર્મચારીઓએ એક અંડરટેકિંગ પણ આપવું પડશે કે તેઓ અથવા તેમના પરિવારના સભ્યો CGHS અને સેન્ટ્રલ સર્વિસેઝ (મેડિકલ અટેન્ડન્સ) રૂલ્સ, 1944 બંને હેઠળ બેવડા તબીબી ફાયદાઓનો દાવો કરશે નહીં. જોકે, જે કર્મચારીઓ પહેલેથી જ CGHS ના કવરેજવાળા વિસ્તારમાં રહે છે અથવા તૈનાત છે, તેમના માટે આ કવરેજ અનિવાર્ય રહેશે અને તેઓ તેના બદલે અન્ય નિયમોનો વિકલ્પ પસંદ કરી શકશે નહીં.સરકારે આ સાથે એ પણ કડક નિર્દેશ આપ્યો છે કે જો કોઈ કર્મચારી ખોટી અથવા ભ્રામક માહિતી રજૂ કરીને તબીબી લાભ લેવાનો પ્રયાસ કરશે, તો તેની સામે ગંભીર શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવશે. આવી સ્થિતિમાં અનુશાસનાત્મક પગલાં લેવાની સાથે ખોટી રીતે મેળવેલા લાભની નાણાકીય વસૂલાત પણ કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે CGHS એ કેન્દ્ર સરકારના વર્તમાન તથા નિવૃત્ત કર્મચારીઓ અને તેમના પરિવારના પાત્ર સભ્યો માટેનો એક અત્યંત મહત્વપૂર્ણ સરકારી હેલ્થકેર પ્રોગ્રામ છે, જેની શરૂઆત 1 જુલાઈ, 1954 ના રોજ દિલ્હીમાં કરવામાં આવી હતી.

## એર ઈન્ડિયાની ફ્લાઈટમાં ખામી... કાઠમંડુ જઈ રહેલી ફ્લાઈટ દિલ્હી પરત ફરી

(એજન્સી) નવી દિલ્હી | તા.20

દિલ્હીથી કાઠમંડુ જતી ફ્લાઈટ AI219 ક્રૂને ટેકનિકલ ખામીની શંકા જતાં શનિવારે રાષ્ટ્રીય રાજધાની પરત ફરી હતી. એર ઈન્ડિયાએ આ માહિતી આપી હતી. એર ઈન્ડિયાના પ્રવક્તાએ જણાવ્યું હતું કે 19 સપ્ટેમ્બરે ઉડાન ભરેલી આ ફ્લાઈટ, 'સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર' (SOP) મુજબ સાવચેતીના પગલા તરીકે દિલ્હી પરત ફરી હતી. વિમાન દિલ્હીમાં સુરક્ષિત રીતે ઉતર્યું હતું, ત્યારબાદ તમામ મુસાફરો અને ક્રૂ સભ્યો નીચે ઉતર્યા હતા.એક અધિકારીએ જણાવ્યું હતું કે, "વિમાન નેપાળની હવાઈ સીમામાં પ્રવેશવા જઈ રહ્યું હતું પરંતુ લખનૌ ઉપર હોવા દરમિયાન ટેકનિકલ સમસ્યાની જાણ થતાં તેનો માર્ગ બદલવામાં આવ્યો હતો. આ બાબત અંગેની સંપૂર્ણ વિગતોની હજુ રાહ જોવાઈ રહી છે."અસુવિધા બદલ એર ઈન્ડિયાએ ખેદ વ્યક્ત કર્યો.માર્ગ બદલવામાં આવેલી એર ઈન્ડિયાની ફ્લાઈટ (AI219) મુસાફરો માટેની સેવા હતી; જોકે, તેમાં સવાર લોકોની સંખ્યા અંગેની તાત્કાલિક વિગતો ઉપલબ્ધ નહોતી. A320-214 વિમાન બપોરે 2:42 વાગ્યે (IST) નવી દિલ્હીથી કાઠમંડુ જવા રવાના થયું હતું અને સાંજે 4:30 વાગ્યે (NPT) નેપાળની રાજધાની પહોંચવાનું નિર્ધારિત હતું. નેપાળના ત્રિભુવન ઈન્ટરનેશનલ એરપોર્ટે ફ્લાઈટનો માર્ગ બદલવા અંગે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડ્યું નથી.

## બિહારમાં પૂરનો કહેર, CM સમ્રાટ ચૌધરીએ રાહત ફંડમાં આપ્યો એક મહિનાનો પગાર

(એજન્સી) બિહાર | તા.20

બિહારના મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ પોતાના લગભગ એક મહિનાનો પગાર મુખ્યમંત્રી રાહત ફંડમાં આપી દીધો છે. સીએમએ મુખ્યમંત્રી રાહત ફંડમાં 2 લાખ 70 હજાર રૂપિયાનું દાન કર્યું. તેમણે લોક સેવક આવાસ સ્થિત 'સંકલ્પ સભાગાર'માં ચેક સોંપ્યો. સીએમ સમ્રાટ ચૌધરીએ રાજ્યના લોકોને પણ મુખ્યમંત્રી રાહત ફંડમાં દાન કરવાની અપીલ કરી, જેથી આપત્તિની સ્થિતિમાં અસરગ્રસ્ત લોકો સુધી મદદ પહોંચાડી શકાય. તેમણે કહ્યું કે મુખ્યમંત્રી રાહત ફંડ જરૂરિયાતમંદોની મદદનું એક મહત્વપૂર્ણ સાધન છે. સમાજના સક્ષમ લોકોની ભાગીદારીથી રાહત અને મદદના પ્રયાસોને વધુ અસરકારક બનાવી શકાય છે.આ પહેલાં શુક્રવારે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નિતિન નવીને બિહારમાં આવેલી ભીષણ પૂર પર ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી. તેમણે રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી, કેન્દ્ર દ્વારા આપવામાં આવેલા સમર્થન અને પોતાના વ્યક્તિગત યોગદાન વિશે જણાવ્યું હતું. તેમણે કહ્યું કે અસરગ્રસ્ત પરિવારોને આર્થિક મદદ, રાહત શિબિરો અને પાકના નુકસાનના આકલન દ્વારા શક્ય તમામ મદદ કરવામાં આવી રહી છે. આ સંકટ દરમિયાન સમગ્ર સરકાર જનતા સાથે મજબૂતીથી ઊભી છે. નિતિન નવીને કહ્યું કે બિહારમાં પૂર જેવી સ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે. સરકાર અસરગ્રસ્ત લોકો સુધી સમયસર રાહત અને જરૂરી મદદ પહોંચાડવા માટે સંપૂર્ણ તૈયારી સાથે કામ કરી રહી છે.

## અજીત ડોભાલે સંભળાવ્યો ભયાનક કિસ્સો

## ચીની સેનાએ મારી ટીમને પકડી લેતાં કરિયર ખતમ થવાની અણી પર હતું

(એજન્સી) નવી દિલ્હી | તા.20



IIT રૂરકીના દિક્ષાંત સમારોહમાં NSA અજિત ડોભાલે યુવા IPS અધિકારી તરીકે સિક્કિમમાં ચીની સેનાની ગતિવિધિઓ પર નજર રાખવાના તેમના શરૂઆતી કરિયરનો કિસ્સો યાદ કર્યો. તેમણે જણાવ્યું કે, એક ગુપ્ત ઈન્ટેલિજન્સ મિશન પર ગયેલી તેમની ટીમ 10 દિવસ સુધી પરત ન ફરતા તેમને ચિંતા થઈ. પાછળથી જાણવા મળ્યું કે ચીની સેનાએ ટીમને પકડી લીધી હતી. રાજદ્વારી પ્રયાસો બાદ ટીમ સુરક્ષિત પરત ફરી હતી. ભારતના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર(NSA) અજિત ડોભાલે IIT રૂરકીના(IIT Roorkee)ના દિક્ષાંત સમારોહમાં પોતાના શરૂઆતી ઈન્ટેલિજન્સ કરિયરનો એક રોમાંચક અને ચિંતાજનક કિસ્સો યાદ કર્યો હતો. તેમણે જણાવ્યું કે જ્યારે તેઓ એક યુવાન IPS અધિકારી તરીકે સિક્કિમમાં ઈન્ટેલિજન્સની જવાબદારી સંભાળી રહ્યા હતા, ત્યારે સરહદી વિસ્તારો પર નજર રાખવી અને ચીની આર્મી(PLA)ની ગતિવિધિઓની માહિતી ભેગી કરવી તેમની મુખ્ય ડ્યૂટી હતી. તેમણે ઉમેર્યું કે તે સમયે તેઓ ઈન્ટેલિજન્સ સર્વિસમાં નવા હતા અને તેમની ઉંમર પણ ઘણી ઓછી હતી. ડોભાલે પોતાના સંબોધનમાં જણાવ્યું કે, એક વખત તેમની ટીમે સરહદી વિસ્તારમાં એક ગુપ્ત ઈન્ટેલિજન્સ મિશન મોકલ્યું હતું. યોજના મુજબ ટીમને લગભગ 5થી 6 દિવસમાં પાછા ફરવાનું હતું. પરંતુ નક્કી કરેલો સમય વીતી ગયા પછી પણ ટીમ પાછી આવી ન હતી. તેમણે કહ્યું, 'પહેલા 5 દિવસ વિત્યા, પછી 10 દિવસ પણ નીકળી ગયા. ટીમ પરત ન આવતા મને ભારે ચિંતા થવા લાગી. આ ચિંતા માત્ર એક અધિકારી તરીકે જ નહોતી, પરંતુ મિશન પર ગયેલા લોકોની સુરક્ષાને લઈને પણ હતી.' થોડા સમય પછી હેડક્વાર્ટર તરફથી ફોન આવ્યો અને તેમના સિનિયર અધિકારીએ જણાવ્યું કે, મિશન પર ગયેલી સમગ્ર ટીમ ચીની સેનાની કસ્ટડીમાં છે.

# ભારતમાં આગામી થોડા મહિનામાં આવશે 'પ્રલય' જેવું વાતાવરણ, 180 વૈજ્ઞાનિકોની ગંભીર ચેતવણી

(એજન્સી) નવી દિલ્હી | તા.20

ભારતના 180 થી વધુ વૈજ્ઞાનિકોએ 2026-27માં આવનારા 'સુપર અલ-નીનો' અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. ઝેનોડો પર 16 સપ્ટેમ્બર 2026ના રોજ પ્રકાશિત અહેવાલ મુજબ, આ અલ-નીનો જંગલો, નદીઓ, સમુદ્રો, પર્વતો અને વન્યજીવો પર ગંભીર વિપરીત અસર કરશે. તેનાથી દુષ્કાળ, જંગલની આગ અને સમુદ્રી હીટવેવ્સનો ખતરો વધશે. વૈજ્ઞાનિકોએ અત્યારથી જ દેખરેખ અને આયોજનની માંગ કરી છે. ભારતના 180 થી વધુ પર્યાવરણ અને હવામાન વૈજ્ઞાનિકોએ દેશમાં આવનારા અત્યંત શક્તિશાળી અલ-નીનો (El Nino) ને લઈને ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. વૈજ્ઞાનિકો અનુસાર, 2026-27 નું આ અલ-નીનો સામાન્ય વર્ષો કરતાં વધુ અસરકારક હોઈ શકે છે, જે ભારતના જંગલો, નદીઓ, સમુદ્રો, પર્વતો અને વન્યજીવો પર ઊંડી વિપરીત અસર પાડી શકે છે. આ અંગેનો સંશોધન અહેવાલ 16 સપ્ટેમ્બર 2026 ના રોજ ઝેનોડો (Zenodo) પ્લેટફોર્મ પર પ્રકાશિત કરવામાં આવ્યો હતો, જેનું શીર્ષક 'સુપર અલ-નીનોની દસ્તક: 2026/27 માં ઈકોલોજિસ્ટ માટે ચેતવણી અને પડકાર' રાખવામાં આવ્યું છે.વૈજ્ઞાનિકોને આશંકા છે કે, નવેમ્બર 2026 થી આવતા વર્ષ સુધી ભારતના ઘણા ભાગોમાં સામાન્ય કરતાં વધુ ગરમ અને સૂકું હવામાન જોવા મળી શકે છે.

ખેતી અને પશુપાલન: વરસાદ ઓછો થવાને કારણે પાણીની અછત સર્જાશે, જેનાથી કૃષિ ઉત્પાદન અને ગ્રામીણ અર્થતંત્ર પર ભારે દબાણ આવશે.

જંગલની આગ: સખત ગરમી અને સૂકા હવામાનને લીધે જંગલોમાં આગ (Wildfires) લાગવાનું જોખમ વધી જશે.

શહેરી વિસ્તારો: કોંક્રિટના જંગલો અને રસ્તાઓને કારણે શહેરોમાં 'હિટ આઈલેન્ડ' ની અસર વધશે.

### સમુદ્રી ઈકોસિસ્ટમ પર ગંભીર સંકટ

અલ-નીનોની અસર માત્ર જમીન સુધી સિમિત નહીં રહે પરંતુ સમુદ્રી ક્ષેત્રો પર પણ પડશે.

મરીન હિટવેવ્સ: સમુદ્રના પાણીનું તાપમાન વધવાને કારણે મરીન હિટવેવ્સ (Marine Heatwaves) આવી શકે છે.

કોરલ બ્લીચિંગ: સમુદ્રી ગરમીથી પરવાળાની ભીંતો (Coral Reefs) માં મોટા પાયે બ્લીચિંગ થશે, જેથી કોરલ નષ્ટ થઈ શકે છે.

માછીમારો પર અસર: માછલીઓના વસવાટ બદલાવાથી તટીય વિસ્તારોના માછીમારોની કમાણી પર સીધી અસર પડશે.

વૈજ્ઞાનિકોએ સરકાર અને સંશોધન સંસ્થાઓને વિનંતી કરી છે કે, નુકસાન થયા પછી અભ્યાસ કરવાને બદલે અત્યારથી જ સ્થાનિક સ્તરે હવામાન કેન્દ્રો સ્થાપીને રિયલ-ટાઈમ દેખરેખ (Monitoring) શરૂ કરવામાં આવે.

અલ-નીનોને રોકી શકાતો નથી, પરંતુ યોગ્ય આયોજન અને સમયસરની દેખરેખથી તેનાથી થતા આર્થિક અને પર્યાવરણીય નુકસાનને ઘણું ઓછું કરી શકાય છે.

## અમદાવાદમાં સાયબર ઠગ ટોળકીનો આતંક

અમદાવાદ | અમદાવાદમાં સાયબર ગઠિયાઓની ટોળકી સક્રિય બની છે. અજાણી લિંક, સોશિયલ મીડિયા અને બનાવટી APK ફાઈલ મોકલી ફોનનો એક્સેસ મેળવી બેંક ખાતા સાફ કરી રહી છે. વાસણા, નારણપુરા અને ઘાટલોડિયાના 3 નાગરિકો સાથે 21.89 લાખની છેતરપિંડી આચરી છે. ગેસ બિલ અપડેટ, ટ્રાફિક ચલણ અને ફેસબુક રીલના બહાને આ છેતરપિંડી થઈ છે. પોલીસે તપાસ હાથ ધરી છે. અમદાવાદ શહેરમાં અજાણી લિંક, સોશિયલ મીડિયા અને બનાવટી APK ફાઈલ મોકલી મોબાઈલ ફોનનો એક્સેસ મેળવી બેન્ક ખાતાં સાફ કરી જતી સાયબર ગઠિયાઓની ટોળકી સક્રિય થઈ છે.


# સિટી એક્સપ્રેસ

MONDAY 21 SEPTEMBER-2026
AHMEDABAD


## અમદાવાદમાં બપોર બાદ મિનિ વાવાઝોડું

અમદાવાદ | અમદાવાદ શહેરમાં ભારે ઉકળાટ વચ્ચે આજે વાતાવરણમાં અચાનક પલટો આવ્યો છે. સવારથી જ તડકા-છાંયડા અને વાદળછાયા વાતાવરણ વચ્ચે બપોર બાદ કાળા ડિબાંગ વાદળો ઘેરાયા હતા અને ગાજવીજ સાથે ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો. પૂર્વ અને પશ્ચિમ વિસ્તારમાં પડેલા વરસાદના કારણે વાતાવરણમાં ભારે ઠંડક પ્રસરી ગઈ છે. શહેરના પશ્ચિમ વિસ્તાર જેવા કે એસજી હાઈવે, સેટેલાઈટ, બોડકદેવ, વસ્ત્રાપુર અને પ્રહલાદનગર તેમજ પૂર્વ વિસ્તારના મણિનગર, નિકોલ, ઓઢવ સહિતના અનેક વિસ્તારોમાં વીજળીના કડાકા-ભડાકા સાથે ભારે વરસાદ નોંધાયો છે.



### દેશમાંથી ચોમાસાની સત્તાવાર વિદાયની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે, ફ્લોદી જેવા વિસ્તારોમાંથી ચોમાસાએ વિદાય લઈ લીધી છે

## અમદાવાદ અને સુરત શહેરમાં ધોધમાર વરસાદ:સૌરાષ્ટ્રમાં મેઘરાજાની તોફાની બેટિંગ, સાંજે 6 વાગ્યા સુધી 20 જિલ્લામાં ઓરેન્જ એલર્ટ...

અમદાવાદ | આજે 20 સપ્ટેમ્બરે સવારથી બપોર સુધી મેઘરાજાએ અમરેલી અને ગીર સોમનાથમાં મેઘરાજાએ તોફાની બેટિંગ કરી હતી. ઉના, તાલાલા, લાઠી સહિતના તાલુકામાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. ત્યારે બપોર બાદ અમદાવાદ અને સુરત શહેરના કેટલાક વિસ્તારોમાં ધોધમાર વરસાદની શરૂઆત થઈ ચૂકી છે. જ્યારે સાંજે છ વાગ્યા સુધી રાજ્યભરમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. અમદાવાદ, ગાંધીનગર સહિત 20 જિલ્લામાં ઓરેન્જ એલર્ટ તો બાકીના જિલ્લામાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

દેશમાંથી ચોમાસાની સત્તાવાર વિદાયની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે, જે અંતર્ગત રામગઢ, મોહનગઢ અને ફ્લોદી જેવા વિસ્તારોમાંથી ચોમાસાએ વિદાય લઈ લીધી છે. હવામાન વિભાગ અનુસાર, આગામી 2થી 3 દિવસમાં રાજસ્થાન, ગુજરાત તેમજ પંજાબના કેટલાંક ભાગોમાંથી પણ ચોમાસું વિદાય લેશે.

આજની તારીખે રાજ્યમાં સરેરાશ સામે 8 ટકા અને સૌરાષ્ટ્ર કચ્છમાં 22 ટકા વરસાદની ઘટ છે. રાજ્યમાં સિઝનનો સરેરાશ 88 ટકા વરસાદ વરસી ચૂક્યો છે. ત્યારે આજે (20 સપ્ટેમ્બર) ચોમાસાની વિદાયની માહિતી હવામાન વિભાગે જાહેર કરી છે. સૌરાષ્ટ્રના કેટલાક વિસ્તારમાંથી આગામી ત્રણ ચાર દિવસમાં ચોમાસાની વિદાય થવાની શક્યતા છે.

રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી વચ્ચે અમરેલીના લાઠી અને ગીર સોમનાથના ઉના પંથકમાં ભારે પવન સાથે વરસાદ વરસ્યો.ખેતી માટે કાચા સોનારૂપી વરસાદ વરસતા ખેડૂતોમાં આનંદની લાગણી છવાઈ છે. આજે સવારે 6 વાગ્યે પૂરા થતા છેલ્લા 24 કલાક દરમિયાન રાજ્યમાં 77 તાલુકામાં વરસાદ વરસ્યો. સૌથી વધુ નડિયાદમાં 61 મિમી નોંધાયો.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ કહ્યું હતું કે, 24 કલાકમાં સૌરાષ્ટ્ર અને કચ્છમાં હળવાથી મધ્યમ વરસાદ નોંધાયો છે. સૌરાષ્ટ્ર કચ્છમાં અમરેલીમાં 30MM વરસાદ નોંધાયો છે. પશ્ચિમ ઉત્તર પશ્ચિમ દિશા તરફ અત્યારે એક લો પ્રેશર સક્રિય છે. જે 21 તારીખે આગળ વધશે અને ડિપ્રેશનમાં કન્વર્ટ થઈ જશે. 22 તારીખે ડીપ ડિપ્રેશન બનવાની સંભાવના છે.

'રાજ્યમાં 7 દિવસ અને સૌરાષ્ટ્રમાં આગામી 5 દિવસ સુધી સામાન્ય વરસાદ રહેવાની સંભાવના છે. આગામી 7 દિવસ સુધી કોઈપણ પ્રકારની ભારે વરસાદની આગાહી નથી. રાજ્યભરમાં થન્ડર સ્ટ્રોંગ એક્ટીવિટી જોવા મળી શકે છે. રાજ્યમાં સપ્ટેમ્બરમાં 33% વધારે વરસાદ નોંધાયો છે. માછીમારો માટે અત્યારે કોઈ પણ પ્રકારની વોર્નિંગ નથી. રાજ્યમાં ઉત્તરથી ઉત્તરપૂર્વીય પવન ફૂંકાઈ રહ્યો છે.' અમરેલી જિલ્લામા લાઠી શહેર સહિત સમગ્ર પંથકમાં સતત બીજા દિવસે વરસાદી માહોલ જોવા મળ્યો હતો. વહેલી સવારથી જ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. લાઠી ઉપરાંત દામનગર, ઠાંસા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં પણ સતત બીજા દિવસે વરસાદ નોંધાયો હતો. ગ્રામ્ય વિસ્તારોમાં દોઢ ઇંચથી વધુ વરસાદ ખાબકતા રોડ રસ્તાઓ પર વિસ્તારોમાં પાણી ભરાવાની સ્થિતિ જોવા મળી હતી.

ચોમાસાના અંતિમ તબક્કામાં વરસી રહેલા આ વરસાદથી ખેડૂતોને રાહત મળી છે. ખેતરોમાં ઉભેલા પાક માટે વરસાદ ફાયદાકારક સાબિત થવાની આશા ખેડૂતો વ્યક્ત કરી રહ્યા છે. ખાસ કરીને અગાઉ વરસાદના વિરામને કારણે પાકને પાણીની જરૂરિયાત ઊભી થઈ હતી, ત્યારે સતત બીજા દિવસે પડેલા વરસાદથી પાકને જરૂરી ભેજ મળી રહે તેવી સ્થિતિ સર્જાઈ છે.

રાજ્યમાં આજની તારીખે 8 ટકા વરસાદની ઘટ વર્તાઈ રહી છે. જ્યારે સૌરાષ્ટ્ર ઝોનની વાત કરીએ તો અહીં તો 22 ટકા વરસાદની ઘટ છે.

તાલાલા શહેરમાં ગાજવીજ અને ભારે પવન સાથે ધોધમાર વરસાદ વરસી રહ્યો છે.

ગોંડલ શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં વીજળીના કડાકા સાથે ભારે વરસાદ વરસ્યો હતો.લીલાખા ગામે સ્વામિનારાયણ મંદિર સામે આવેલા આયર સમાજની વાડી અને ભાદર કાંઠે ખેડૂતોની બેઠક યોજાવાની હતી. જો કે વરસાદ તૂટી પડતા ખેડૂતોએ ખુરશીઓ માથે રાખવાની ફરજ પડી હતી. અમદાવાદમાં મેમનગર અને સતાધાર વિસ્તારમાં ધોધમાર વરસાદ પવન સાથે તુટી પડ્યો છે..

વાહનચાલકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ભારે વરસાદ વચ્ચે લોકો ગણેશ વિસર્જન માટે નીકળ્યા છે.

જૂનાગઢ શહેર અને ગ્રામ્ય પંથકમાં વીજળીના કડાકા-ભડાકા અને ભારે પવન સાથે ગાજવીજ સાથે ધોધમાર વરસાદ શરૂ થયો છે. મેઘરાજાની ધમાકેદાર બેટિંગના પગલે શહેરના મુખ્ય રસ્તાઓ પર પાણી ફરી વળ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદી માહોલ જામતા માર્ગો પરથી પાણી વહેતા થયા છે અને નિચાણવાળા વિસ્તારોમાં જળબંબાકાર સ્થિતિ છે.

ગીર સોમનાથના યાત્રાધામ પ્રાચી તીર્થ ખાતે આજે બપોર બાદ અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો. અચાનક ભારે પવન સાથે વરસાદથી રસ્તા ઉપર પાણી વહેતા થયા છે. એ સાથે ખેડૂતોમાં ખુશી જોવા મળી રહી છે.

અમદાવાદ શહેરના એસજી હાઈવે, મેમનગર, ગુરુકુળ રોડ સહિતના વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડી રહ્યો છે. આકાશમાં કાળા ડિબાંગ વાદળો થવા આવ્યા બાદ અચાનક જ ધોધમાર વરસાદ તૂટી પડ્યો છે.

રાજકોટના કોટડાસાંગાણી તાલુકાના રાજપીપળા, પાંચતલાવડા, નવી ખોખરી, જુની ખોખરીની સીમ વિસ્તારમાં ધોધમાર વરસાદ શરૂ થયો છે. સુરત શહેરમાં વહેલી સવારથી જ ભારે બફારો અને ગરમીનુ વાતાવરણ હતું અને બપોરે અચાનક જ ધોધમાર વરસાદ શરૂ થયો હતો જેને કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજ્યમાં આગામી ત્રણ કલાક માટે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમાં સાબરકાંઠા અરવલ્લી, મહીસાગર, મહેસાણા, ગાંધીનગર, ખેડા, અમદાવાદ આણંદ, સુરેન્દ્રનગર, ભરૂચ, બોટાદ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, જુનાગઢ, રાજકોટ, મોરબી, જામનગર અને પોરબંદરમાં ભારે અતિભારે વરસાદને લઈને ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે બાકીના જિલ્લાઓમાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે.

અમદાવાદ શહેરના કેટલાક વિસ્તારમાં ધોધમાર વરસાદ શરૂ થઈ ગયો છે. ઈન્કમટેક્સ, શાહપુર, રિવરફ્રન્ટ રોડ, ઉસ્માનપુરા સહિતના વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે.

અમદાવાદ શહેરના શાહપુર, રિવરફ્રન્ટ રોડ સહિતના વિસ્તારોમાં કાળાડિબાંગ વાદળો ઘેરાઈ ગયા છે. તેમજ પવન સાથે વરસાદ શરૂ થઈ ગયો છે. બગસરા તાલુકાના રફાળા,મુંજીયાસર,સાપર સહિત ગામડામાં વરસાદ બગસરાના પીઠડીયા ગામમાં ધોધમાર વરસાદ પીઠડિયામાં માતાજીના મંદિર ઉપર વીજળી પડી સામાન્ય નુકસાન. ધોધમાર વરસાદ વચ્ચે મોટી દુર્ઘટના ટળી.

ઉના નજીક કંસારી બાયપાસ ચોકડી પાસે પણ ધોધમાર વરસાદ વરસતા ખેતરો પાણીમય થયા.

સમગ્ર રાજ્યમા ચોમાસુ પૂર્ણ થવાના આરે છે અંતિમ સમય ગુજરાત અને સૌરાષ્ટ્રમા વરસાદની વધુ જરૂરીયાત હોવાથી ખેડૂતો કાગડોળે રાજ જોય રહ્યા છે ત્યારે અમરેલી જિલ્લામાં આજે લાઠી,લીલીયા,સાવરકુંડલા,જાફરાબાદ પંથકમા ધોધમાર વરસાદ આવતા ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી ગઈ છે જેમાં લાઠી શહેર તાલુકામાં ગ્રામ્ય વિસ્તારમાં સતત બીજા દિવસે ધોધમાર વરસાદ ખાબકતા ચારે તરફ પાણી ભરાય રહ્યા છે બીજી તરફ લાઠીના દામનગર,ઠાંસા,દુધાળા,અકાળા સહીત ગામડામાં ધોધમાર વરસાદ ખાબકતા ફરીવાર નદીઓ ચેકડેમ પર પાણી ભરાય ચુક્યા છે.

## દાણીલીમડામાં 7 વર્ષની બાળકી સામે યુવકના બિભત્સ ચેનચાળા



**ટ્યુશનથી પરત ફરી રહેલી સગીરાનો પીછો કર્યો, પિતાની ફરિયાદ બાદ આરોપીની ધરપકડ**

અમદાવાદ | દાણીલીમડા વિસ્તારમાં રહેતી 7 વર્ષીય બાળકી ટ્યુશનથી ઘરે આવતી હતી. ત્યારે શખ્સે બાળકીનો પીછો કરી તેની સામે બિભત્સ ચેનચાળા કર્યા હતા. રાત્રે બનેલી આ ઘટના અંગે બાળકીએ પરિવારને જાણ કરતાં પિતાએ એપાર્ટમેન્ટના સીસીટીવી ચેક કર્યા હતા. જેમાં શખ્સની કરતૂતો કેદ થઈ ગઈ હતી. પરિવારે દાણીલીમડા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દાણીલીમડામાં રહેતા અને સ્ક્રેપનો વ્યવસાય કરતા પિતાની 7 વર્ષની પુત્રી ધોરણ-1માં અભ્યાસ કરે છે. ગત 17 સપ્ટેમ્બરે સાંજે 6 વાગ્યે સગીરા સોસાયટીમાં જ આવેલા ટ્યુશન ક્લાસમાં ગઈ હતી. રાત્રે આશરે 8 વાગ્યે તે ટ્યુશનથી પરત ફરી રહી હતી ત્યારે બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર એક અજાણ્યા શખ્સે તેનો પીછો શરૂ કર્યો હતો. બાદમાં શખ્સે સગીરા સામે બિભત્સ ચેનચાળા કર્યા હતા. અને સગીરા લિફ્ટમાં પ્રવેશી ત્યારે પણ તે પાછળ લિફ્ટ સુધી પહોંચી ગયો હતો. બાળકીએ સમયસૂચકતા વાપરી લિફ્ટનો દરવાજો તુરંત બંધ કરી દીધો હતો અને ઘરે પહોંચી પિતાને સમગ્ર આપવીતી જણાવી હતી.

પિતાએ રેસિડેન્સીના પાર્કિંગ, ગ્રાઉન્ડ ફ્લોર તથા લિફ્ટ પાસેના સીસીટીવી કેમેરા ચેક કર્યા હતા. ફૂટેજમાં સામે આવેલા જીન્સના કારખાનામાં સ્ટીમ પ્રેસનું કામ કરતો બિલાલ અલીહુસેન શેખ બાળકીનો પીછો કરતો અને બિભત્સ હરકત કરતો સ્પષ્ટ નજરે પડ્યો હતો.

ઘટના બાદ આરોપી કારખાનેથી ગાયબ થઈ ગયો હતો. બીજા દિવસે શખ્સ નજરે પડતાં પરિવારે દાણીલીમડા પોલીસ સ્ટેશન પહોંચી ફરિયાદ નોંધાવી હતી. પોલીસે પોક્સો સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરી આરોપીની ધરપકડ કરી છે.

## માધુપુરા માર્કેટનો બનાવ:નોકરીના ચાર દિવસમાં જ કારીગર શેઠનું 20 લાખનું સોનુ લઈને નાસી ગયા...

અમદાવાદ | માધુપુરા માર્કેટમાં સોના ચાંદીનું કામ કરતા એક વેપારીએ કારીગરને સોનામાંથી દાગીના બનાવવા આપ્યા હતા.વેપારીએ 12 સપ્ટેમ્બરે જ કારીગરોને કામ પર રાખ્યા હતા અને 16 સપ્ટેમ્બરે તો બંને કારીગર દુકાનનું 20 લાખનું સોનુ લઈને ફરાર થઈ ગયા હતા. જેમાંથી એક કારીગર સોનુ લઈને જતો પણ સીસીટીવીમાં દેખાય છે. જે અંગે વેપારીએ માધવપુરા પોલીસ સ્ટેશનમાં કારીગર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.



શાહીબાગમાં રહેતા વિવેક નાગોરીએ ફરિયાદ નોંધાવી છે કે તેમના એક કારીગર મારફતે 12 સપ્ટેમ્બરે મૂળ પશ્ચિમ બંગાળના કારીગર સાબિરઅલી શેખ અને આરફીનલી શેખને કામ પર રાખ્યા હતા.બંને કારીગર માધુપુરા માર્કેટમાં આવેલી વિવેકભાઈની દુકાને કામ કરતા અને રાતે એક દુકાનના બીજા માળે રોકાતા હતા. 16 સપ્ટેમ્બરે વિવેકભાઈએ બંને કારીગરોને 270 ગ્રામ કાચું સોનું જોબવર્ક માટે આપ્યું હતું. રાત્રે 9 વાગ્યા આસપાસ બંને કારીગરોએ વિવેકભાઈને અડધો દાગીનો ઘડ્યા વગર એક ડબ્બામાં મૂકીને પરત આપ્યો હતો.બંને કારીગરો વિવેકભાઈ સાથે વાતચીત કરવા લાગ્યા હતા, જેથી કેટલું છે સોનુ તે સરખું વિવેકભાઈ તપાસી શક્યા નહોતા.સોનુ લોકરમાં મૂકી વિવેકભાઈ નીકળી ગયા હતા અને બીજા દિવસે સવારે જ્યારે તેઓ દુકાને આવ્યા ત્યારે બંને કારીગર કામ પર આવ્યા ન હતા. વિવેકભાઈએ દુકાને જઈને તપાસ કરતા એક કારીગર આરફિન દુકાન પર મળી આવ્યો હતો.આરફીન પણ નાહવા જવાનું કહીને ત્યાંથી નીકળી ગયો હતો.થોડીવાર સુધી પરત ના આવતા વિવેકભાઈએ આરફીનને ફોન કરતા તેનો ફોન પણ સ્વીચ ઓફ આવતો હતો.વિવેકભાઈએ લોકરમાં તપાસ કરી તો 150 ગ્રામ જેટલું સોનું જેની કિંમત 20 લાખ રૂપિયા હતી તે ઓછું હતું અને બંને કારીગરનો ફોન પણ બંધ આવતા હતા. ત્યાર બાદ સીસીટીવી તપાસ્યા તો સીસીટીવીમાં તેમનો કારીગર સાબીરઅલી સોનાની ચોરી કરતા દેખાતો હતો જેથી વિવેકભાઈએ આ અંગે માધવપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

## લિંક ક્લિક કર્યા વિના જ વેપારીનું ખાતું સાફ

અમદાવાદ | શહેરના વાસણામાં રહેતા વેપારીને અદાણી ગેસનું બિલ બાકી હોવાનું મેસેજ આવ્યો હતો.બિલ ન ભરે તો કનેક્શન કાપી નાખવાની ધમકી આપી હતી જેથી વેપારીએ તાત્કાલિક બિલ તો ભરી દીધું હતું. બાદમાં સાયબર ગઠિયાએ અદાણીના કર્મચારી બનીને વેપારીને લિંક પર ક્લિક કરવાનું કહેતા વેપારીએ લિંક ખોલી ન્હોતી છતાં વેપારીના ખાતામાંથી અલગ અલગ ટ્રાન્જેક્શન દ્વારા 10.12 લાખ ઉપડી ગયા હતા જે અંગે વેપારીએ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે.

વાસણામાં રહેતા 51 વર્ષીય વેપારી મેન્યુફેક્ચરીંગનું કામ કરે છે.વેપારીને અજાણ્યા નંબર અને અદાણીના ફોટો વાળા ડીપી પરથી ગેસનું બિલ બાકી હોવાનો મેસેજ આવ્યો હતો.બિલ ન ભરે તો કનેક્શન કાપી દેવાનું જણાવ્યું હતું. જેથી વેપારીએ ડરીને બિલ ભરી દીધું હતું બાદમાં અદાણીના કર્મચારી બનીને વાત કરી રહેલા ગઠિયાએ એક લિંક મોકલી લિંક ક્લિક કરી બિલ ભરવાનું કહેતા વેપારીએ ન પાડીને વાતચીત કરી ન્હોતી.જોકે દોઢ કલાકમાં જ વેપારીના ખાતામાંથી 5 લાખ રૂપિયા ઉપડી ગયાનો મેસેજ આવ્યો હતો. વેપારીએ બેંકમાં.જઈને એકાઉન્ટ બ્લોક કરાવ્યું ત્યારે પણ તેમના ખાતામાંથી અલગ અલગ રકમ ઉપાડવા લાગી હતી.વેપારીએ ફોન ફોર્મેટ કરી દીધો હતો.ફોન ફરીથી ચાલુ કરતા ખાતામાંથી બીજી રકમ ટ્રાન્સફર થયાના મેસેજ આવ્યા હતા.આમ.વેપારીની જાણ બહાર ખાતામાંથી 10.12 લાખ ઉપડી ગયા હતા.

### માર્ગ મકાન વિભાગના કામોને ગતિ આપવા સરકારનો મહત્વનો નિર્ણય...

## ટેન્ડરની માન્યતાનો ગાળો 120 દિવસથી ઘટાડી 90 દિવસ કરાયો, અધિકારીની જવાબદારી નક્કી કરવામાં આવી...

અમદાવાદ | રાજ્યમાં માર્ગ અને મકાન વિભાગના કામો ઝડપી બને તે માટે મુખ્યમંત્રી દ્વારા ટેન્ડર પ્રક્રિયામાં મહત્વના ફેરફાર કરવામાં આવ્યા છે. ટેન્ડરની માન્યતાનો સમયગાળો 120 દિવસથી ઘટાડીને 90 દિવસ કરાયો છે. જ્યારે ટેન્ડર મંજૂરીની પ્રક્રિયા મહત્તમ 51થી 66 દિવસમાં પૂર્ણ કરવા આદેશ કરાયો છે.



રાજ્યમાં થતા પુલ, રસ્તા અને સરકારી મકાનોના કામમાં ગતિ આવે તે માટે ટેન્ડર પ્રક્રિયામાં સુધારા કરવામાં આવ્યા છે. પ્રવર્તમાન વ્યવસ્થામાં ટેન્ડર મંજૂરીની પ્રક્રિયા પૂર્ણ કરવા માટે સામાન્ય રીતે 120 દિવસનો સમયગાળો ધ્યાને લેવાતો હતો. મુખ્યમંત્રીશ્રીએ કામો ઝડપથી શરૂ થાય તે સુનિશ્ચિત કરવા હવે કડક સમયમર્યાદા લાગુ કરી છે.

તદનુસાર,જે કામોમાં પુર્વ પાત્રતાની જોગવાઇ નથી એવ્વાં સિવાયના ટેન્ડરો માટે( જ્યાં માત્ર ફાયનાન્સીયલ બીડ હોય ) : ક્ષેત્રીય કચેરીથી લઈને સચિવાલય અને નાણા વિભાગ સુધીની સમગ્ર પ્રક્રિયા વધુમાં વધુ 51 દિવસમાં પૂર્ણ કરવાની રહેશે.કામમાં ઈજારદારોની પુર્વ પાત્રતાની ની જોગવાઈ ધરાવતા ટેન્ડરો માટે( જ્યાં ટેક્નીકલ અને ફાઈનાન્સિયલ બીડ બે બીડ હોય તેવા ટેન્ડર) : તમામ સ્તરે ચકાસણી સાથેની સમગ્ર પ્રક્રિયા વધુમાં વધુ 66 દિવસમાં પૂર્ણ કરવાની રહેશે

એકથી વધુ સ્તરે વાટાઘાટો કરી શકાશે નહીં

નિયમોનુસાર બહોળી પ્રસિદ્ધિ આપી એકથી વધુ ટેન્ડર મળ્યા હોય તેવા કિસ્સામાં અનિવાર્ય સંજોગો સિવાય વાટાઘાટો (Negotiation) કરવાનું ટાળવાનું રહેશે.વાટાઘાટો અનિવાર્ય બને તો તે એક જ સ્તરે (સક્ષમ સત્તાધિકારી કક્ષાએ) પૂર્ણ કરવાની રહેશે; એકથી વધુ સ્તરે વાટાઘાટો કરી શકાશે નહીં. જો નિર્ધારિત સમયમર્યાદામાં દરખાસ્તનો નિકાલ નહી થાય તો સંબંધિત કક્ષાએ વિલંબના કારણોની નોંધ લઈને જે તે અધિકારીની જવાબદારી નિર્ધારિત કરવામાં આવશે. અધૂરી દરખાસ્તો ને કારણે થયેલ વિલંબની સંપૂર્ણ જવાબદારી જે-તે રજૂ કરનાર કક્ષાની રહેશે તેમ પણ નિયત કરવામાં આવ્યું છે

## APK ફાઇલ મોકલી ઠગાઇના કિસ્સા : વૃદ્ધને APK ફાઇલ મોકલી 6.74 લાખ પડાવ્યા,મહિલાને ટ્રાફિક પોલીસના નામે APK ફાઇલ મોકલી 5 લાખ પડાવ્યા

અમદાવાદ | સાયબર ગઠીયાઓ દ્વારા હાલમાં APK ફાઈલ મોકલી લોકોના ફોનનું એક્સેસ મેળવી ખાતામાંથી પૈસા ટ્રાન્સફર કરાવવાના કિસ્સા સામે આવી રહ્યા છે. અમદાવાદમાં એક વૃદ્ધને APK ફાઈલ મોકલી બે દિવસમાં ખાતામાંથી 6.74 લાખ ઉપાડી લેવામાં આવ્યા છે.

જ્યારે ખાનગી યુનિવર્સિટીની મહિલા એચઆરને ટ્રાફિક પોલીસના નામે APK ફાઈલ મોકલી 5 લાખ ઉપાડી લેવામાં આવ્યા છે.સાયબર ક્રાઈમે બંને કેસમાં અલગ અલગ ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.

ઘાટલોડિયામાં રહેતા 60 વર્ષે વૃદ્ધના પિતા ફેસબુક પર રીલ જોતા હતા.તે દરમિયાન ફોનમાં અજાણ્યા નંબર પરથી આવેલી એપીકે ફાઈલ ડાઉનલોડ થઈ ગઈ હતી.જે બાદ ફોન હેંગ થઈ ગયો હતો. સાંજે ફોનમાંથી એપીકે ફાઈલ શોધીને ડીલીટ કરવામાં આવી અને ફોન રીસ્ટાર્ટ કરવામાં આવ્યો હતો.ત્યારબાદ બીજા દિવસે ફોનમાં




પૈસા ઉપડ્યા હોવાના અલગ અલગ મેસેજ આવવા લાગ્યા હતા. વૃદ્ધે તપાસ કરી ત્યારે ફોન પે અને ગુગલ પેમાં ઓટો પે થઈ ગયું હતું. જેમાં 12 અલગ અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા તેમના ખાતામાંથી 6.74 લાખ રૂપિયા ઉપડી ગયા હતા.વૃદ્ધે તાત્કાલિક સાયબર હેલ્પલાઈન નંબર ઉપર ફોન કરીને જાણ કરી હતી અને અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી.

નારણપુરામાં રહેતા અને ખાનગી યુનિવર્સિટીમાં એચઆર તરીકે ફરજ બજાવતા 46 મહિલાના અદાણીના બિલ અંગેનો મેસેજ આવ્યો હતો.જે બિલનું પેમેન્ટ કરવા છતાં પેમેન્ટ થઈ રહ્યું નહતું.આ દરમિયાન મહિલાનો ફોન પર ટ્રાફિક પોલીસ ડિપાર્ટમેન્ટના નામથી એક પરિવહન નામની એપીકે ફાઈલ આવી હતી.ફાઈલ ડાઉનલોડ કરી તો એક રૂપિયાનું પેમેન્ટ પ્રોસેસ કરવાનું જણાવતા હતા.આ દરમિયાન જ મહિલાના ફોનમાં અલગ અલગ એપ્લિકેશન રજીસ્ટ્રેશન અને બેંકને લગતા ઓટીપી આવવા લાગ્યા હતા જેથી મહિલાને શંકા ગઈ અને તપાસ કરાવી તો અલગ અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા તેમના ખાતામાંથી 5 લાખ રૂપિયા ઉપડી ગયા હતા. મહિલાએ એપીકે ફાઈલ ડાઉનલોડ કરતા જ તેમના ફોનનું એક્સેસ સાઈબર ગઠિયાઓએ મેળવી લીધું અને અલગ અલગ ટ્રાન્જેક્શન દ્વારા લાખો રૂપિયા ટ્રાન્સફર કરી દીધા હતા.જે અંગે મહિલાએ સાઈબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે.

## કૌટુંબિક અદાવતમાં હત્યાને અકસ્માતમાં ખપાવી ઓળખ છુપાવનારની ધરપકડ...

અમદાવાદ | રાજસ્થાનના પાલી જિલ્લામાં વર્ષ 2002માં કૌટુંબિક મિલકતના વિવાદમાં બનેલી હત્યાના ગુનામાં છેલ્લા 24 વર્ષથી નાસતા ફરતા આરોપી દિનેશભાઈ અમથાભાઈ દેસાઈને અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે વેજલપુર વિસ્તારમાંથી ઝડપી પાડ્યો છે. ગુજરાત તથા રાજ્ય બહારના લાંબા સમયથી ફરાર આરોપીઓને પકડવા ચાલી રહેલી ઝુંબેશ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે ક્રાઈમ બ્રાન્ચે આ સફળ કામગીરી કરી છે. વર્ષ 2002માં રાજસ્થાનના પાલી જિલ્લાના સાદડી પોલીસ સ્ટેશન હેઠળ આવતા ડુંગળી ગામમાં દલારામ નાઈ નામના વ્યક્તિની હત્યા કરવામાં આવી હતી. મૃતકના પૈતૃક ભાઈ રમેશ નાઈ સાથે કૌટુંબિક મિલકત બાબતે વિવાદ ચાલતો હોવાથી, તેમણે દલારામની હત્યા કરવાનું આયોજન કર્યું હતું. યોજના મુજબ મૃતક જ્યારે મોટરસાયકલ લઈને જઈ રહ્યા હતા ત્યારે તેમને પાછળથી ટાટા સુમો ગાડી વડે ટક્કર મારીને અકસ્માતમાં ખપાવી હત્યા નિપજાવવામાં આવી હતી. આ ગુનામાં દિનેશ દેસાઈ સાથે અન્ય ત્રણ આરોપીઓ પણ સંડોવાયેલા હતા, જેઓ અગાઉ પકડાઈ



ચૂક્યા છે. મર્ડર કર્યા બાદ આરોપી દિનેશ દેસાઈ પોતાના વતન કાંકરેજ (બનાસકાંઠા) જતો રહ્યો હતો. જોકે, ત્યાં પોલીસ તપાસ માટે આવતા તે ભાગીને અમદાવાદ આવી ગયો હતો અને પોતાની ઓળખ છુપાવી રહેવા લાગ્યો હતો. શરૂઆતમાં તેણે સાંતેજમાં અલગ-અલગ જગ્યાએ મજૂરી કામ કર્યું હતું. ત્યારબાદ વેજલપુર વિસ્તારમાં 5થી 6 મકાન બદલીને પોતાની ઓળખ છુપાવતો રહ્યો હતો. છેલ્લા સમયે તે પરિવાર સાથે વેજલપુરના સાગર સમ્રાટ ફ્લેટમાં રહી જમીન દલાલીનું કામ કરતો હતો.


દેશ અને દુનિયાના રોજ બરોજના સચોટ સમાચારો માટે અમારી વેબસાઈટ www.ahmedabadexpress.com ની મુલાકાત લો...